અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ઓગસ્ટ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ વદ ૬ | અંક : ૫૬ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગુજરાતની જનતાને જન્માષ્ટમીની મોટી ભેટ

## ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા રાજ્ય સરકારનો મોટો નિર્ણય

### ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફ.એસ.આઇ. સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઇ શકશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઈમ્પેક્ટ કાયદાને વધુ લોકાભિમુખ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ ને વ્યાપક પ્રતિસાદ મળે અને વધુમાં વધુ લોકો એ અધિનિયમનો લાભ મેળવી શકે તેવા જનહિતકારી અભિગમથી મુખ્યમંત્રીએ નિર્ણય લીધો છે.

આ નિર્ણય પ્રમાણે હવે ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફ.એસ.આઈ. સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઈ શકશે. ઉપરાંત, બિન અધિકૃત રહેણાંક માટે ૨૦૦૦ ચો. મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાંક માટે ૧૦૦૦ ચો. મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઈને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે, અગાઉ ખુટતા પાર્કિંગના ૫૦% જે તે પ્લોટમાં અથવા તો ૫૦૦ મીટરની હદમાં પાર્કિંગની જોગવાઈ કરવી ફરજીયાત હતી, અને બાકીના ૫૦% ખુટતા પાર્કિંગ માટે ગુજરાતમાં અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ના જાહેરનામાંથી પાર્કીંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ લઈને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની પ્રવર્તમાન જોગવાઈ હતી.

ઈમ્પેક્ટ ફી અંગેના કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયો નિયમાનુસારની કાર્યવાહીને અનુસરીને ટુંક સમયમાં અમલી કરાશે. ફેબ્રુઆરી મહિનામાં ઈમ્પેક્ટ ફી માટે ચાર મહિનાની મુદત વધારવામાં આવી હતી અને ત્યારબાદ રાજ્ય સરકારે જૂન -૨૦૨૪માં પણ ઈમ્પેક્ટ ફી ની મુદતમાં વધુ છ મહિનાનો વધારો કર્યો હતો. રાજ્યના કોઈ પણ શહેરમાં જ્યાં રહેણાંક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે ઈમારત બનાવવામાં આવી હોય અને નિયમોની બહારનું કોઈ બાંધકામ હોય અને તેને તોડી પાડવાથી અન્ય વ્યક્તિ નુકસાન થતું હોય તો ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ નિયમિત કરી શકાય છે. આ યોજનામાં મિલકતના માલિકે નક્કી કરેલી ફી ભરવાની રહેશે અને બાંધકામ નિયમિત હોવાનું પ્રમાણપત્ર લેવું પડશે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ રહેશે. જેમાં સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે, રહેણાંક અને વાણિજ્યિક અસર ફીના દરો વ્યાપકપણે બદલાય છે. રાજ્યના કોઈ પણ શહેરમાં જ્યાં રહેણાંક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે ઈમારત બનાવવામાં આવી હોય અને નિયમોની બહારનું કોઈ બાંધકામ હોય અને તેને તોડી પાડવાથી અન્ય વ્યક્તિ નુકસાન થતું હોય તો ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ નિયમિત કરી શકાય છે. આ યોજનામાં મિલકતના માલિકે નક્કી કરેલી ફી ભરવાની રહેશે અને બાંધકામ નિયમિત હોવાનું પ્રમાણપત્ર લેવું પડશે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ રહેશે. જેમાં સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે, રહેણાંક અને વાણિજ્યિક અસર ફીના દરો વ્યાપકપણે બદલાય છે. રાજ્યના કોઈ પણ શહેરમાં જ્યાં રહેણાંક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે ઈમારત બનાવવામાં આવી હોય અને નિયમોની બહારનું કોઈ બાંધકામ હોય અને તેને તોડી પાડવાથી અન્ય વ્યક્તિ નુકસાન થતું હોય તો ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ નિયમિત કરી શકાય છે. આ યોજનામાં મિલકતના માલિકે નક્કી કરેલી ફી ભરવાની રહેશે અને બાંધકામ નિયમિત હોવાનું પ્રમાણપત્ર લેવું પડશે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ રહેશે. જેમાં સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે, રહેણાંક અને વાણિજ્યિક અસર ફીના દરો વ્યાપકપણે બદલાય છે. રાજ્યના કોઈ પણ શહેરમાં જ્યાં રહેણાંક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે ઈમારત બનાવવામાં આવી હોય અને નિયમોની બહારનું કોઈ બાંધકામ હોય અને તેને તોડી પાડવાથી અન્ય વ્યક્તિ નુકસાન થતું હોય તો ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ નિયમિત કરી શકાય છે. આ યોજનામાં મિલકતના માલિકે નક્કી કરેલી ફી ભરવાની રહેશે અને બાંધકામ નિયમિત હોવાનું પ્રમાણપત્ર લેવું પડશે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ રહેશે. જેમાં સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે, રહેણાંક અને વાણિજ્યિક અસર ફીના દરો વ્યાપકપણે બદલાય છે.



**સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે**

**રાજ્યના કોઈ પણ શહેરમાં જ્યાં રહેણાંક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ કે ઇમારત બનાવવામાં આવી હોય અને નિયમોની બહારનું કોઈ બાંધકામ હોય અને તેને તોડી પાડવાથી અન્ય વ્યક્તિ નુકસાન થતું હોય તો ઈમ્પેક્ટ ફી ભરીને બાંધકામ નિયમિત કરી શકાય છે. આ યોજનામાં મિલકતના માલિકે નક્કી કરેલી ફી ભરવાની રહેશે અને બાંધકામ નિયમિત હોવાનું પ્રમાણપત્ર લેવું પડશે. આ ફીનું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ રહેશે. જેમાં સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ચોક્કસ ચકાસણી પછી ફીની ચુકવણીની મંજૂરી આપવામાં આવશે,**

### પંજાબની હચમચાવી દેતી ઘટના

## NRIને ઘરમાં ઘૂસીને ગોળીઓ ધરબી, હાથ જોડીને માફી માગતા રહ્યા બાળકો

### ગોળીથી ઘાયલ થયેલા NRI સારવાર માટે હોસ્પિટલમાં દાખલ : આરોપીઓ ખંડણી માટે ઘરમાં ઘૂસ્યા હતા

। (એજન્સી) અમૃતસર, તા.૨૪ ।

પંજાબના અમૃતસરમાં કેટલાક બદમાશોએ એક NRIના ઘરમાં ઘૂસીને ગોળીબાર કર્યાની ઘટના સામે આવી છે. હાલમાં દ્રઈઁ હાલત ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટના સમયે ઘરમાં હાજર બાળકો આરોપીને હાથ જોડીને રોકવાની કોશિશ કરી રહ્યા હતા, પરંતુ બદમાશો કોઈ વાત માનવા તૈયાર નહોતા. ગોળીથી ઘાયલ થયેલા NRIને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા છે. માહિતી પ્રમાણે આરોપીઓ ખંડણી માટે ઘરમાં ઘૂસ્યા હતા. આ અંગે મળતી માહિતી મુજબ આ ઘટના અમૃતસરના ડબુર્જીમાં બની હતી. અહીં સવારે આશરે ૭ વાગે કેટલાક અજાણ્યા હુમલાખોરો NRI સુખચૈન સિંહના ઘરમાં ઘૂસ્યા હતા. હુમલાખોરો પહેલા તો પરિવારના સભ્યો સાથે કોઈ વાતને લઈને દલીલો કરી રહ્યા હતા, પછી હાથમાં બંદૂક લઈને ભાગ્યા અને NRI સુખચૈન સિંહને ગોળી મારી દીધી. ગોળી વાગતાની સાથે જ બૂમા-બૂમ મચી ગઈ હતી. ઘરની મહિલાઓ અને બાળકો હાથ જોડીને આરોપીને રોકવાનો પ્રયાસ કરી રહ્યા હતા. હુમલાખોરોએ ઘરમાં ઘૂસીને ત્રણ ગોળીબાર કર્યા હતા અને ઘટના સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. ગોળી વાગતા NRI સુખચૈન સિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘરમાં ઘૂસીને ગોળીબારની કરવાની ઘટના પાછળ ખંડણીની વાત હોવાનું સામે આવી રહ્યું છે, પોલીસનું કહેવું છે કે, આ સંદર્ભે વધુ તપાસ ચાલી રહી છે. સુખચૈન સિંહના પરિવારજનો તેને ગંભીર હાલતમાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા અને દાખલ કર્યા, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. ઘરમાં ઘૂસીને ગોળીબારની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ ઘટનાના પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, "સુખચૈન સિંહ અમેરિકામાં રહેતો હતો. થોડા સમય પહેલા પોતાના ઘરે પરત આવ્યો હતો. હાલમાં તેઓ અહીં એક હોટેલ બનાવી રહ્યા



છે. આ ઉપરાંત આશરે ૧.૫ કરોડ રૂપિયાની કાર પણ ખરીદી હતી. કારની આરસી કેવી રીતે બની તે જાણવા માટે તેઓ અંદર ઘૂસ્યા અને ફાયરિંગ કરવાનું શરૂ કરી દીધુ હતું." હાલમાં પોલીસે ઘટનાના સીસીટીવી ફૂટેજ કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. એસપી હરપાલ સિંહે કહ્યું કે, બે લોકો ગેટ પર પહોંચ્યા હતા. તેઓએ ઘરમાં ઘુસ્યા અને ગોળીબાર કર્યો હતો. આ મામલે FIR નોંધવામાં આવી છે અને તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ કમિશનર રણજીત સિંહ ધિલ્લોન NRIના ઘરે પહોંચ્યા હતા અને પૂછપરછ કરી હતી. તેમણે કહ્યું કે, "સુખચૈન સિંહ અમેરિકામાં રહે છે. અહીં બે હુમલાખોરો તેમના ઘરમાં આવીને પિસ્તોલ કાન પાસે મૂકી અને તેમને ગોળી મારી દીધી. હાલમાં FIR નોંધવામાં આવી છે. પીડિત શખ્સે જણાવ્યું કે, સુખચેનની પહેલી પત્નીએ આત્મહત્યા કરી હતી. આ કેસમાં સુખચૈનની માતા, બહેન અને સુખચૈન અને તેના ભાઈ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. કોર્ટમાં ચલણ રજૂ કરવામાં આવ્યું હતું. સુખચૈન અને તેનો ભાઈ અને તેની બહેન વિદેશમાં હતા. એવી શંકા છે કે, પહેલી પત્નીના પરિવારજનોએ આ ઘટનાને અંજામ આપ્યો છે. જો કે, હાલ આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. શિરોમણી અકાલી દળના મુખ્ય પ્રવક્તા એડવોકેટ અર્શદીપ સિંહે કહ્યું કે, પંજાબના મુખ્ય પ્રધાને બુલેટપ્રૂફ કાચની પાછળ ઊભા રહીને ભાષણ આપવું પડે છે. આજે પંજાબની હાલત ખૂબ જ ચિંતાજનક છે.

### રશિયા યુક્રેનનો નાશ કરવા માંગતું હતું, પરંતુ યુદ્ધ પાછું તેમના ઘરમાં આવી ગયું છે



। (એજન્સી) કિવ, તા.૨૪ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડ અને યુક્રેનની મુલાકાત લઈને ભારત પરત ફર્યા છે. આ સંદર્ભમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે રશિયામાં યુદ્ધ 'પાછું આવ્યું' છે. ઝેલેન્સ્કીએ યુક્રેનના ૩૩મા સ્વતંત્રતા દિવસે આ નિવેદન આપ્યું. તેમણે જારી કરેલા વીડિયોમાં કહ્યું કે રશિયા યુક્રેનનો નાશ કરવા માંગતું હતું, પરંતુ યુદ્ધ પાછું તેમના ઘરમાં આવી ગયું છે. તેમણે કહ્યું કે આ વીડિયો તે સરહદી વિસ્તારમાં રેકોર્ડ કરવામાં આવ્યો હતો, જ્યાંથી કીવે રશિયામાં અચાનક ઘૂસણખોરી કરી હતી. વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું કે યુક્રેને ફરી એકવાર આશ્ચર્યચકિત કર્યું અને સોગંદ ખાધા હતા કે રશિયાને ખબર પડી જશે કે બદલો શું હોય છે. ૨૦૨૨માં યુદ્ધ શરૂ કરીને રશિયાએ ખોટું કામ કર્યું. રશિયા એક જ વસ્તુ ઈચ્છતું હતું કે યુક્રેનનો નાશ થાય. આજે અમે યુક્રેનનો ૩૩મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યા છીએ અને દુશ્મન જે અમારી જમીન પર લાવ્યો હતો, તે હવે તેના ઘરે પાછો આવી ગયો છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે જે કોઈ પણ અમારી જમીન પચાવી પાડવા માંગે છે.


### માલિકની ગોળી મારીને હત્યા કરી

## રાજસ્થાનમાં જ્વેલરીની દુકાનમાં બદમાશો દ્વારા લૂંટ ચલાવાઈ

। (એજન્સી) જયપુર, તા.૨૪ ।

રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડીના સેન્ટ્રલ માર્કેટમાં આવેલી કમલેશ જ્વેલર્સની દુકાનમાં કારથી આવેલા પાંચ બદમાશોએ ગોળીબાર કરીને લૂંટ ચલાવી હતી. ફાયરિંગ કર્યા બાદ બદમાશો દુકાનમાં ઘૂસી ગયા અને ત્યાં હાજર કર્મચારીઓ તેમજ માલિકની મારપીટ કરવા લાગ્યા. આ દરમિયાન બદમાશોએ બંદૂકના બટથી હુમલો કર્યો અને દુકાનમાં રહેલા કર્મચારીઓને ઈજા પહોંચાડી. તેઓ દુકાનમાં રાખેલા દાગીના પણ કોથળામાં ભરીને ફરાર થઈ ગયા હતા. જ્યારે બહાર નીકળ્યા ત્યારે બદમાશોએ ગોળીબાર કર્યો જેના કારણે ગાર્ડ, જ્વેલર્સના માલિક કમલેશ સોની અને અન્ય એક વ્યક્તિને ગોળી વાગી. ઘાયલોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં જ્વેલર્સ માલિક કમલેશ સોનીનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

બહાર ઉભેલા લોકોએ દુકાનમાં થયેલી લૂંટની આ ઘટનાનો વીડિયો બનાવ્યો હતો. જેમાં જોઈ શકાય છે કે, ૫ બદમાશો શોરૂમની અંદર લૂંટ ચલાવી રહ્યા છે, જ્યારે બદમાશોએ ફાયરિંગ કર્યું. ગુનેગારોને દુકાનમાંથી ચોરી કરવામાં થોડી જ મિનિટો લાગે છે. ઘટના શુક્રવારે મોડી સાંજે ૭.૩૦ વાગ્યાની હોવાનું જાણવા મળી રહ્યું છે. તસ્કરો સ્વીફ્ટ કારમાં લૂંટને અંજામ આપવા આવ્યા હતા.



દુકાનની નજીક પહોંચતા જ બદમાશોએ બહાર ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ પછી તેમણે દુકાનદારને પિસ્તોલ બતાવી અને દુકાનમાં રાખેલા દાગીનાની લૂંટ શરૂ કરી. તે જ સમયે, જ્યારે દુકાનદારે આનો વિરોધ કર્યો, તો બદમાશોએ તેને ખૂબ માર માર્યો અને પછી ગોળીબાર કર્યો તેમજ કારમાં ફરાર થઈ ગયા.

ઘટના બાદ જીઁ ભીવાડી જ્યેષ્ઠા મૈત્રિય પોતે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ દરમિયાન તેમણે ઘટના સ્થળની તપાસ કરી હતી. તેમણે કહ્યું કે, બદમાશોને પકડવા માટે એક વિશેષ ટીમ બનાવવામાં આવી છે. ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.


### આસામ ગેંગરેપના આરોપી મુદ્દે ગામનો નિર્ણય

## સ્મશાનયાત્રામાં નહીં જઈએ, કબ્રસ્તાનમાં પણ જગ્યા નહીં મળે

### મુખ્ય આરોપી તફજુલ ઈસ્લામ પોલીસના જાપ્તામાંથી ભાગીને ગયો હતો અને એક તળાવમાં કૂદી ગયો હતો

। (એજન્સી) ગુવાહાટી, તા.૨૪ ।

આસામમાં એક સગીર બાળકી પર બળાત્કારનો મુખ્ય આરોપી તફજુલ ઈસ્લામ શનિવારે સવારે પોલીસના જાપ્તામાંથી ભાગીને ગયો હતો અને નાગાંવ જિલ્લાના ધિંગમાં આવેલા એક તળાવમાં કૂદી ગયો હતો, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે, આરોપીની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી અને 'ક્રાઈમ સીન'ની તપાસ માટે તેને સવારે ૩.૩૦ વાગ્યે ઘટના સ્થળે લઈ જવામાં આવ્યો હતો.



પોલીસે આ અંગે માહિતી આપતા કહ્યું કે, "આરોપી તફજુલ ઈસ્લામ પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયો અને તળાવમાં કૂદી પડ્યો હતો. જેથી પોલીસે તાત્કાલિકને શોધવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું અને લગભગ બે કલાક પછી તેનો મૃતદેહ મળી આવ્યો હતો." આ દરમિયાન આરોપીના પૈતૃક ઘર એવા બોરભેટીના ગ્રામજનોએ તેના અંતિમ સંસ્કારમાં હાજરી ન આપવાનો નિર્ણય લીધો છે તેમજ તેને ગામના કબ્રસ્તાનમાં દફનાવવાની મંજૂરી આપવાનો ઈક્નાર કરી દીધો હતો. આ ઘટનાને લઈને સ્થાનિક લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ગામના સ્થાનિક હેવાસી સકલૈને જણાવ્યું હતું કે, 'અમે નક્કી કર્યું છે કે આ ગુનેગારના અંતિમ સંસ્કારમાં ભાગ નહીં લઈએ. તેમજ અમે તેના પરિવારને પણ સમાજથી અલગ કરી દીધો છે.. અમે ગુનેગારો સાથે રહેવા નથી માંગતા.'

### પિતાએ પૂર્વ પ્રિન્સિપાલ વિશે આપ્યું નિવેદન

## ઘટનાના દિવસે કોલેજના પૂર્વ પ્રિન્સિપાલે તેમને ફોન કર્યો હતો

। (એજન્સી) કોલકાતા, તા.૨૪ ।

કોલકાતામાં ડોક્ટરના રેપ અને મર્ડરની ઘટનાનું ગૂંચવાયેલું કોકડું હજુ ઉકેલાયું નથી. પરંતુ રોજે રોજ એવા ખુલાસા થઈ રહ્યા છે કે લોકોમાં હવે આક્રોશ વધી રહ્યો છે. તપાસની કમાન સીબીઆઈના હાથમાં આવ્યા બાદ પણ હજુ અનેક રહસ્યો પરથી પડદો ઉચકાવવાનો બાકી છે. આ બધા વચ્ચે પીડિત ડોક્ટરના પિતાએ પૂર્વ પ્રન્સિપાલ વિષે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે ઘટનાના દિવસે કોલેજના પૂર્વ પ્રિન્સિપાલે તેમને ફોન કર્યો હતો. મૃત ડોક્ટરના પિતાએ આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડો. સંદીપ ઘોષ વિશે કહ્યું કે અમે તેમની સાથે વાત કરી શક્યા નહીં. ઘટનાના દિવસે તેમણે અમને ફોન કર્યો હતો પરંતુ વિદ્યાર્થીઓએ અમને ન જવા માટે કહ્યું. તેઓ ત્યાં (ઘટનાસ્થળે) આવ્યા પરંતુ અમારી સાથે વાત કરી નહીં. કોલકાતા હાઈકોર્ટના સીબીઆઈ તપાસના નિર્દેશ પર તેમણે કહ્યું કે સીબીઆઈ દશની સૌથી મોટી એજન્સીઓમાંથી એક છે.

### જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજવામાં આવશે

## ૨૦૦ યુનિટ ફ્રી વીજળી અને ગરીબોને વર્ષમાં ૧૨ સિલિન્ડર

। (એજન્સી) જમ્મુ, તા.૨૪ ।

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) વડાં મહેબૂબા મુફ્તીએ શ્રીનગરમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે, 'અમે સમાધાન અને વાતચીત ઈચ્છીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે PoJKમાં શારદા પીઠ તીર્થસ્થળનો રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી કાશ્મીરી પંડિતો ત્યાં જઈ શકે.' આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરમાં મંદિરો, મસ્જિદો અને દરગાહને ફ્રી વીજળી આપવાની પણ જાહેરાત કરી હતી. પીડીપીના વડાં મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અમે ૨૦૦ યુનિટ સુધી ફ્રી વીજળી આપીશું, અમે પાણી પરનો ટેક્સ નાબૂદ કરવા માંગીએ છીએ,



પાણી માટે મીટર ન હોવા જોઈએ. ગરીબો માટે કે જેમના ઘરમાં ૧થી ૬ લોકો છે, અમે મુફ્તી મોહમ્મદ સઈદ યોજના ફરીથી લાગુ કરવા માંગીએ છીએ. અમે એક વર્ષમાં ગરીબોને ૧૨ સિલિન્ડર આપીશું અને વૃદ્ધાવસ્થા પેન્શન અને વિધવા પેન્શનને પણ બમણું કરીશું.' મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અનુચ્છેદ ૩૭૦ એ જમ્મુ-કાશ્મીર અને બાકીના દેશ વચ્ચેનો સેતુ હતો.

## ભારત એક મોટો દેશ છે, પુતિનને રોકી શકે છે

। (એજન્સી) કિવ, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં યુક્રેનની મુલાકાત લીધી હતી, જે આ દેશની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત હતી. આ મુલાકાતનો ઉદ્દેશ્ય માત્ર દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો નથી પરંતુ રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે શાંતિની દિશામાં પગલાં લેવાનો પણ હતો. રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ મુલાકાતનું સ્વાગત કર્યું અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી.

પીએમ મોદીની આ મુલાકાત ઘણા કારણોસર ખાસ રહી. સૌ પ્રથમ, આ મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે થઈ રહી છે, જે વૈશ્વિક સ્તરે એક મહત્વપૂર્ણ મુદ્દો છે. વધુમાં, આ મુલાકાત એવા સમયે થઈ જ્યારે યુક્રેન તેના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યું હતું, જે ૨૩ ઓગસ્ટે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પીએમ મોદીએ ભારત તરફથી શાંતિ અને સહયોગનો સંદેશ આપ્યો હતો. પીએમ મોદીના યુક્રેન પ્રવાસ પર ઝેલેન્સકીએ ઘણી મહત્વપૂર્ણ વાતો કહી છે. પીએમ મોદીનું સ્વાગત કરતા રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે ભારત અને યુક્રેન વચ્ચેના સંબંધો સતત સારા રહ્યા છે અને લાંબા પણ છે.

### ન્યૂઝ બ્રિફ

## ગાંધીનગરમાં ભારે પવન સાથે વરસાદ, અનેક વિસ્તારમાં ભરાયા પાણી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગાંધીનગર શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગર શહેર સહિત આસપાસના વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. ખૂબ જ લાંબા વિરામ બાદ ગાંધીનગર શહેરમાં વરસાદ વરસ્યો છે. અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં પણ ઝરમર વરસાદ શરુ થયો છે. ભારે વરસાદને લઈ અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર પાણી ભરાઈ ગયા છે. અમૂક જગ્યાએ રોડ પર એક ફૂટ સુધીના પાણી ભરાયા હતા.

લાંબા વિરામ બાદ રાજ્યના કેટલાક વિસ્તારમાં મેઘમહેર થઈ છે. અમરેલી, સાબરકાંઠા, નર્મદામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ડેડીયા પાડાના ડુમખલ કોકમ વચ્ચેના પુલ પર પાણી ફરી વળ્યા છે. લાંબા વિરામ બાદ રાજ્યના કેટલાક વિસ્તારમાં મેઘમહેર થઈ છે. અમરેલી, સાબરકાંઠા, નર્મદામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ડેડીયાપાડાના ડુમખલ કોકમ વચ્ચેના પુલ પર પાણી ફરી વળ્યા છે.

## કલોલ તાલુકામાંથી બે અને કોબા પાસેથી એક ડમ્પર રેતીચોરીમાં ઝડપાયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગાંધીનગર જિલ્લામાં ખનિજચોર તત્વો બેફામ બન્યા છે અને સાબરમતી નદીમાંથી સાદી રેતી ચોરીને લઈ જતા હોવાની ફરિયાદો ઉઠી છે. તેના પગલે જિલ્લા કલેક્ટરે તાકિદ કરતાં જિલ્લા ભુસ્તર વિભાગ દોડતો થઈ ગયો હતો અને રેતી ચોરીને લઈ જતા ત્રણ ડમ્પર ઝડપી પાડ્યા હતાં. કલોલ તાલુકામાંથી બે ડમ્પર અને કોબા પાસેથી એક ડમ્પર સાથે તંત્રએ કુલ રૂ. ૯૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યાવહી હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેએ જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા અને બિન અધિકૃત ખનીજ પ્રવૃત્તિને ડામી દેવા માટે કડક સૂચના ભુસ્તર અધિકારીને આપી હતી. તેના પગલે જિલ્લા ભૂસ્તર વિભાગને તપાસ કરવાની ફરજ પડી હતી. તે દરમિયાન ૨૧મી ઓગસ્ટના રોજ રોયલ્ટી પાસ વગર સાદી રીતે ખનિજ ભરી વહન કરતાં ત્રણ ડમ્પર અને અન્ય ચીજ વસ્તુઓ મળી રૂપિયા ૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ભૂમાફિયાઓ સામે કલેકટર મેહુલ દવેએ લાલ આંખ કરતા જિલ્લા ભૂસ્તર વિભાગ દોડતો થઈ ગયો છે અને વાહનોની તપાસ કરવાની સાથે નદીના પટમાં બિન અધિકૃત રીતે થતી ખનન પ્રવૃત્તિ અટકાવવા સક્રિય થયો છે. તેના કારણે માણસા તાલુકાના વરસોડા ગામ નજીકની સાબરમતી નદીમાં ખનીજનું ખનન કરતાં વાહનો અને વ્યક્તિઓને પકડી પાડયા હતા. રૂ. ૭૫ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ૧૫ કરોડનો દંડ કરાયો હતો.

### ત્રિદિવસીય ચોમાસુ સત્રનો અંતિમ દિવસ

# જિજ્ઞેશ મેવાણીને વિધાનસભામા ગૃહમાંથી બહાર કાઢી મુકાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।



ગુજરાત વિધાનસભામાં ત્રિદિવસીય ચોમાસુ સત્રનો આજે અંતિમ દિવસ છે. ગૃહની કાર્યવાહી દરમિયાન તાકીદની અગત્યની બાબતમાં ડ્રગ્સ મુદ્દે ચર્ચા શરૂ થઈ હતી. આ ચર્ચા શરૂ થતા જ વિપક્ષના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ એકબાદ એક સવાલોનો મારો ચલાવ્યો અને સતત દલીલો કરતા અધ્યક્ષે તેમને નિયમ ૫૧ મુજબ ગૃહમાંથી બહાર લઈ જવાનો આદેશ કર્યો હતો અને તેમને બહાર મોકલી દેવાયા હતા. ગુજરાત વિધાનસભામાં ચોમાસુ સત્રનો આજે ત્રીજો અને અંતિમ દિવસ છે. ગૃહની કાર્યવાહી શરૂ થતા હર્ષ સંઘવી ગુજરાતમાંથી ૫ કડાયેલા ડ્રગ્સ મુદ્દે સરકારની કામગીરીની જાણકારી આપવા ઉભા થયા હતા. ડ્રગ્સ મુદ્દે ચર્ચા શરૂ થતા જ વિપક્ષી ધારાસભ્યોએ કાગારોળ મચાવી દીધી હતી. હર્ષ સંઘવીએ વિપક્ષના ધારાસભ્યોને અપીલ કરી કે રાજ્યના યુવાનો માટે અને ગૃહરાજ્યમંત્રી તરીકે વિપક્ષના નેતાના સવાલોનો જવાબ આપવા આવ્યો છુ. ડ્રગ્સ મુદ્દે હું તમામ પ્રશ્નોનો જવાબ આપવા બંધાયેલો છુ. સાચી માહિતી દેશના લોકો સુધી પહોંચે તે જરૂરી છે અને દરેક વિપક્ષી ધારાસભ્યોના સવાલોનો જવાબ આપવા બંધાયેલો છે. આવી ખાતરી આપવા છતા વિપક્ષી ધારાસભ્યોએ સવાલો અને દલીલોનો મારો ચાલુ રાખ્યો હતો. ગૃહરાજ્યમંત્રી જાણકારી આપી રહ્યા હતા એ સમયે જ જિજ્ઞેશ મેવાણી સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ ડ્રગ્સ અંગે સવાલોનો મારો ચાવ્યો અને તમામ પોતાની જગ્યા પરથી ઉભા થઈ ગયા. આ દરમિયાન અધ્યક્ષે તેમને શાંત રહેવા પણ જણાવ્યુ હતુ. પરંતુ જિજ્ઞેશ મેવાણીએ સતત દલીલો ચાલુ રાખી હતી અને સતત સવાલો કરી રહ્યા હતા. અનેકવાર રોકવા છતા જિજ્ઞેશ મેવાણી ન અટક્તા અધ્યક્ષે ગૃહના સાર્જન્ટને જિજ્ઞેશ મેવાણીને બહાર લઈ જવાનો આદેશ આપ્યો હતો. નિયમ ૫૧ મુજબ જિજ્ઞેશ મેવાણીને ગૃહમાંથી બહાર તગેડી મુકવાનો આદેશ કરાયો હતો. જિજ્ઞેશ મેવાણીના ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા વર્તન અંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે ગૃહ ન ચાલે તે માટે જાણી જોઈને પ્રયત્ન કરવામાં આવ્યો છે. ડ્રગ્સની ચર્ચા ના થાય તે માટે કોંગ્રેસ અન્ય ચર્ચા કરવા માગતી નથી. તેમણે કોંગઉેસ પર મોતના નામે રાજનીતિ કરવાનો આક્ષેપ કર્યો.

### પ્રાથમિક શાળાનું બિલ્ડીંગ પણ જર્જરિત હાલતમાં

# છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોનું ભવિષ્ય રૂંધાયું

### પ્રાથમિક શાળાની અંદર કાયમી શિક્ષકો ન હોવાને લઈને બાળકોને અભ્યાસ કરવામાં મુશ્કેલી પડી રહી છે

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૩ ।

રાજ્યનો સરહદી અને આદિવાસી વિસ્તાર એટલે છોટાઉદેપુર જિલ્લો છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે સરકાર મોટા-મોટા દાવાઓ કરે છે. પરંતુ પ્રાથમિક શાળાઓની અંદર શિક્ષકો ન હોય તો કેવી રીતે શિક્ષણનું સ્તર ઊંચું આવશે. આમ તો સરકાર મોટા મોટા સ્લોગોનો આપતી હોય છે. જેવા કે ભનશે ગુજરાત આગળ વધશે ગુજરાત સૌ ભણે સૌ આગળ વધે સર્વ શિક્ષા અભિયાન બેટી બચાવો બેટી પઢાવો જેવા સ્લોગનો આપે છે. પરંતુ છોટાઉદેપુર જિલ્લાના કવાટ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આ સ્લોગનો પોકર સાબિત થઈ રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ વજેપુર ગામે વજેપુર એક અને વજેપુર બે પ્રાથમિક શાળા આવેલી છે. જેમાંની વજેપુર બે પ્રાથમિક શાળા એકથી પાંચ ધોરણની આવેલી છે. જેમાં બાલવાટિકા થી લઈને ધોરણ પાંચ સુધી બાળકોની ૩૬ની સંખ્યા આ પ્રાથમિક શાળાની અંદર છે. જ્યારે આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષકોની વાત કરીએ તો મહેકમ પ્રમાણે બે શિક્ષકો હોવા જોઈએ. પરંતુ છેલ્લા બે વર્ષથી આ પ્રાથમિક શાળાની અંદર કાયમી કે રેગ્યુલર શિક્ષકો જ નથી. અગાઉ જે શિક્ષકો હતા તે બદલી કરાવીને જતા રહ્યા હતા. જેને એક વર્ષ વીત્યા છતાં હજુ સુધી આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જ્યારે ગામ લોકોએ વારંવાર કાયમી શિક્ષકોની ભરતી કરવાની માંગ કરી હતી. પરંતુ તેઓની કોઈ માંગ સ્વીકારવામાં આવી નથી. જ્યારે આ પ્રાથમિક શાળા નું બિલ્ડીંગ પણ જર્જરિત હાલતમાં છે. એટલે એક જ રૂમમાં બાળકોને અભ્યાસ કરવવામાં આવી રહ્યો છે. અને હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોય જેને લઈને આ શાળાની અંદર પાણી પણ ટપકી રહ્યું છે. જ્યારે તંત્ર દ્વારા વજેપુર બે પ્રાથમિક શાળાની અંદર હાલ ૧૫ ૧૫ દિવસે એક એક શિક્ષક મૂકવામાં આવ્યો છે. પરંતુ તે પણ રેગ્યુલર ન આવતા બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. જે સ્કૂલમાંથી શિક્ષકો વજેપુર બે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવવા આવી રહ્યા છે. જે શિક્ષકને રેગ્યુલર જ્યાં ભરતી થઈ હોય તે સ્કૂલમાં પણ બાળકોને અભ્યાસ કરવવામાં મુશ્કેલી પડી રહી છે. જ્યારે ગામ લોકોના જણાવ્યા પ્રમાણે વજેપુર બે પ્રાથમિક શાળાની અંદર કાયમી શિક્ષક ન હોવાને લઈને બાળકોને ભારે મુશ્કેલી પડી રહી છે. અને અત્યારે બીજી સ્કૂલોમાંથી શિક્ષકો ૧૫ ૧૫ દિવસે આવી રહ્યા છે. પરંતુ શિક્ષકો રેગ્યુલર ન આવતા હોવાને લઈને ગામ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અને જો શિક્ષકોને ઉચ્ચ કક્ષાએ જો કોઈ કામગીરી સોંપવામાં આવે અને શિક્ષકો તે કામમાં જાય તો તે દિવસે આ પ્રાથમિક શાળાની અંદર શિક્ષક પણ હોતા નથી. અને ખુદ બાળકો અભ્યાસ જાતે કરે છે. અને જે શિક્ષક આવે છે. તે શિક્ષક ચાર્જમાં આવે છે. અને ખુદ ચાર્જમાં આવેલ શિક્ષકો કબુલાત કરી રહ્યા છે. કે બાળકોને જેવો અભ્યાસ આપવો જોઈએ તેવો અભ્યાસ અમે પણ આપી શકતા નથી. જ્યારે ગામ લોકો તેવું પણ કહી રહ્યા છે. કે વજેપુર ગામની પ્રાથમિક શાળા રામ ભરોસે ચાલતી હોય એવું અમને લાગી રહ્યું છે.

## કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરીના પ્રોસેસર વિનામૂલ્યે બદલી શકાશે

### ચાલુ વર્ષે ૭૦૦ જેટલા બાળકોના કોકલિયર ઇમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઇ આવી છે

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ બાળ આરોગ્ય સંભાળ અને સ્વાસ્થ્ય અંગે સંવેદનશીલ નિર્ણય કરાયો છે. ગુજરાત વિધાનસભામાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે નિયમ-૪૪ મુજબ આરોગ્ય વિષયક મહત્વની જાહેરાત કરી હતી. જે બાળકોનું સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું હોય અને કેટલાક કારણોસર આ પ્રોસેસર બગડી ગયું હોય, તૂટી ગયું હોય, ખામી સર્જાઈ હોય કે બંધ પડી ગયું હોય જેવા કિસ્સાઓમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસરને સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી આપવાનો રાજ્ય સરકારે સંવેદનશીલ નિર્ણય કર્યો છે. અગાઉ જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઈમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રકમના ૯૦ ટકા અને વાલી દ્વારા ૧૦ ટકા ફાળો આપવાનું નક્કી કરાયું હતું. પરંતુ રાજ્ય સરકારે બાળકો પ્રત્યે સંવેદના દાખવીને સંપૂર્ણપણે આ પ્રોસેસર બદલવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે બાળકોના માતા-પિતાને એક પણ રૂપિયાના ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. રાજ્યમાં હાલ રાજ્યમાં ૧૩૬૫ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસસર કીટ બદલવા માટેં હ્વીહેંકઅ કરાયા છે .જે પૈકી ચાલુ વર્ષે ૭૦૦ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઇ આવી છે. જેમાં એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટીનો સમાવેશ થાય છે. એક બાળકદીઠ અંદાજીત રૂપિયા ૫ લાખનો ખર્ચ થશે. આમ અંદાજીત ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ મળશે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યના ૩૧૬૩ જેટલા બાળકોની ૨૨૧ કરોડ રુપિયાના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે જેનો અંદાજીત ખર્ચ ૭ લાખ રુપિયા છે.

## બનાસકાંઠાના દિયોદરમાં ખનન માફિયા બેફામ બન્યા, દિયોદરમાં ખુલ્લેઆમ ખનીજ ચોરી થઈ રહી છે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૪ ।

બનાસકાંઠાના દિયોદરમાં ખનન માફિયા બેફામ બન્યા છે. દિયોદરમાં ખુલ્લેઆમ ખનીજ ચોરી થઈ રહી છે. આ ચોરાયેલ ખનીજોની રીતસર ભરબજારે મોટા વાહનોમાં અવરજવર કરવામાં આવી રહી છે. આ ખનીજો અને માટીની બેરોકટોક અવરજવર છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.ખનીજ માફિયા બેફામ બનતા અનેક સવાલો ઉઠ્યા છે. મામલતદાર અને ખાણખનીજ વિભાગની કામગીરી સામે અનેક સવાલ ઉઠ્યા છે. ખનીજ માફિયા રાતદિવસ ખનીજની ચોરી કરી રહ્યા છે. આમ કાયદાનો સરેઆમ ભંગ કરીને બિન્દાસ ખનીજચોરી કરવામા આવી રહી છે.કાયદાની એસીતેસી કરી ખુલ્લેઆમ થઈ રહી છે બિન્દાસ ખનીજ ચોરી કરવામાં વી રહી છે. આ ખનીજ માફિયા રાજકીય પીઠબળ ધરાવતા હોવાથી તેઓની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતા નથી. ખનીજ માફિયા બિન્દાસ બનતા દિયોદરના મામલતદાર અને ખાણ ખનીજ વિભાગ સામે અનેક સવાલો ઉઠ્યા છે. રાજકીય દબાણ હેઠળ અધિકારીઓ મૌન બનતા ખનીજ માફિયા રાતદિવસ ખનીજની ચોરી કરી રહ્યા છે.

આ રીતે રાજકીય ઓથ હેઠળ ફૂલતાફાલતા ખનીજ ચોરો પછી ખનીજ માફિયા બનીને બેસી જાય છે. તેમના પર રાજકરણીઓના ચારેય હાથ હોવાથી પોલીસ અને વહીવટીતંત્ર કશું કરી શકતું નથી. આ બતાવે છે કે ઉત્તર ગુજરાત ખનીજ ચોરો માટે સ્વર્ગ બની ગયું છે. કોઈ અટકાવનાર નથી, કોઈ કહેનાર નથી. તંત્રના હાથ બાંધેલા છે. ચોરો માટે ખુલ્લુ મેદાન છે. લોકો ત્રાહિમામ થાય નહીં ત્યાં સુધી કોઈ પગલાં લેવામાં આવતા નથી. કેટલાય સમયથી ખનીજ ચોરીની રાવ ઉઠી છે, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી. સામાન્ય લોકોની ફરિયાદ તો ઠીક વિધાનસભ્યની ફરિયાદ પછી પણ કાર્યવાહી થતી ના હોય તો પછી તો વાત જ ક્યાં રહી. કોઈ કહેનાર નથી. તંત્રના હાથ બાંધેલા છે. ચોરો માટે ખુલ્લુ મેદાન છે. લોકો ત્રાહિમામ થાય નહીં ત્યાં સુધી કોઈ પગલાં લેવામાં આવતા નથી. કેટલાય સમયથી ખનીજ ચોરીની રાવ ઉઠી છે, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી. સામાન્ય લોકોની ફરિયાદ તો ઠીક વિધાનસભ્યની ફરિયાદ પછી પણ કાર્યવાહી થતી ના હોય તો પછી તો વાત જ ક્યાં રહી.

## ગુજરાતમાંથી જ્યોતિર્લિંગના દર્શન માટે ગયેલા ૪૦૦ યાત્રિકોને ઉજ્જૈનમાં કડવો અનુભવ થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં ઈઙ્ઘ્ઘની વિશેષ ટ્રેન દ્વારા ૭ જ્યોતિર્લિંગના દર્શનાર્થે ગયેલા ૪૦૦ યાત્રિકોને કડવા અનુભવ થયા છે. ઉજ્જૈનમાં યાત્રિકોને ભોજન સહિતની સુવિધા મુદ્દે અવ્યવસ્થા સહન કરવાનો વારો આવ્યો છે. ૭ જ્યોતિર્લિંગની યાત્રાને લઈને ૪૦૦ યાત્રિકોએ બુકિંગ કરાવ્યુ હતુ. આ બુકિંગના ૫૦ હજાર રૂપિયા તેમણે ખર્ચ્યા હતા. યાત્રિકોનો આક્ષેપ છે કે ૫૦,૦૦૦ ખર્ચવા છતા સુવિધાનો સદંતર અભાવ જોવા મળ્યો છે. યાત્રાળુઓએ ઈઙ્ઘ્ઘના વિરોધમાં નારા લગાવી બળાપો ઠાલવ્યો હતો.અસુવિધા મામલે યાત્રિકોએ ઈઙ્ઘ્ઘ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. એક યાત્રિકના જણાવ્યા અનુસાર તેમને પ્રથમ દિવસથી અસુવિધાનો કડવો અનુભવ થયો હતો અને બીજા દિવસે પણ એ જ સ્થિતિ રહી હતી. ઉપરાંત ઉતારાનું સ્થળ અને ભોજન-નાસ્તા માટેનું સ્થળ ૧૫ કિલોમીટર દૂર રાખવામાં આવ્યુ છે. જેમા યાત્રિકોને તેમના પોતાના પૈસા ખર્ચીને નાસ્તા સ્થળે જવુ પડ્યુ હતુ. નાસ્તાની ગુણવત્તાને લઈને પણ યાત્રિકોએ સવાલ ઉઠાવ્યા છે. નાસ્તો સારો ન હોવાથી યાત્રિકોએ બહારથી પોતાના ખર્ચે નાસ્તો કરવો પડ્યો હતો. ઈઙ્ઘ્ઘ સામે પણ યાત્રિકોની ફરિયાદ છે કે અન્ય કોઈ ગાડીનો રિજેક્ટ કરેલો કોચ તેમને ફાળવવામાં આવેલો છે. જેમા કોઈપણ પ્રકારની સુવિધા નથી. વેસ્ટર્ન ટોયલેટ નથી કે ના તો એસીમાં કુલિંગની વ્યવસ્થા છે. બાથરૂમમાં પાણી સુદ્ધા ન આવતુ હોવાની યાત્રિકોની ફરિયાદ છે. યાત્રિકોએ IRCTCની સર્વિસ બાબતે પણ સવાલ ઉઠાવ્યા છે.

### રાજ્ય સરકાર સમક્ષ અનેક મુદ્દા ઓ મૂકવામાં આવ્યા છે તેમ છતાં રજુઆતોનો પરિણામ આવી શક્યો નથી

# સુરત ટેક્સ્ટાઇલ ટ્રેડર્સ એસો.ની નવી ટેક્સ્ટાઇલ પોલિસીની માંગ

। (માહિતી) સુરત, તા.૨૪ ।





રાજ્યમાં ટેક્સ્ટાઈલ પોલિસી જાહેર કરવા માંગ છે. વહેલી તકે ટેક્સ્ટાઈલ પોલિસી જાહેર કરવાની માંગ છે. ફેડરેશન ઓફ સુરત ટેક્સ્ટાઈલ ટ્રેડર્સ એસોસિયેશને રજૂઆત કરી છે. ટેક્સટાઈલ પોલિસી જાહેર નહીં થતા રાજ્યની ઈન્ડસ્ટ્રીને મોટું નુકસાન થવા સાથે અન્ય રાજ્યમાં વેપાર સ્થળાંતરની શક્યતા ને લઈ ફેડરેશન ઓફ ગુજરાત વીવર્ફોસ વેલફેર એસોસિયેશન (ફોગવા)એ ટેક્સટાઈલ નીતિ જાહેર કરવા માગ કરી છે.

ઉદ્યોગકારોની રાવથી છે કે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી ટેક્સટાઈલ પોલિસી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ ગઈ છે અને સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગકારો મે ૨૦૨૩થી નવી ટેક્સટાઈલ પોલિસી વહેલી તકે જાહેર કરવા ઉદ્યોગકારોની માગ ઉઠી છે.જો કે વારંવાર માંગ કરવા છતાં ઉદ્યોગકારોના હિતમાં ટેક્સટાઈલ પોલિસી જાહેર કરવામાં ના આવતા ગુજરાત રાજ્યના ઉદ્યોગોને મોટું નુકસાન થઈ રહ્યું હોવાની બૂમ પાડી રહી છે, જેથી તાત્કાલિક ધોરણે ટેક્સટાઈલ પોલિસી જાહેર કરવાની ફોસ્ટા દ્વારા માગ કરવામાં આવી છે.

પોલિસી અંગે ફેડરેશન ઓફ ગુજરાત વીવર્સ વેલફેર એસોસિયેશન એટલે કે (ફોગવા)ના પ્રમુખ અશોકભાઈ જીરાવાલા એ મંતવ્ય ન્યુઝ સાથે વાત કરતા જણાવ્યુ હતું કે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી ટેક્સટાઈલ પોલિસીની મુદત ઘણા સમય પહેલા જ પૂર્ણ થઈ ગઈ છે જે બાદ નવી ટેક્સટાઈલ પોલિસી જાહેર કરવા ફક્ત સુરત જ નહીં પરંતુ ગુજરાતના તમામ ચેમ્બર ઓફ કોમર્સ સહિત ફિક્કી અને અન્ય સંસ્થાઓ રાજ્ય સરકાર સમક્ષ અનેક મુદ્દા ઓ મૂકવામાં આવ્યા છે તેમ છતાં રજુઆતોનો પરિણામ આવી શક્યો નથી.

જો કે મહત્વ ના મુદ્દા ની વાત કરીએ તો બીજી તરફ ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સાથે સ્પર્ધાત્કમ રાજ્ય તેલંગાણા, કર્ણાટક, બિહાર રાજ્ય સરકાર તરફથી ટેક્સટાઈલ ક્ષેત્રે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા આકર્ષક યોજનાઓની જાહેરાત કરી છે.પરંતુ વર્તમાન સમયે ગુજરાત રાજ્યની ટેક્સટાઈલ પોલિસીઓ અન્ય રાજ્યની પોલિસીઓની સ્પર્ધામાં દેખાતી પણ નથી

રાજ્યના ઉદ્યોગકારો છેલ્લા કેટલાક સમયથી આતુરતાપૂર્વક ટેક્સટાઈલ પોલિસીની રાહ જોઈ રહ્યા છે વ્યવહારિક છે કે ગુજરાત સરકારના ગારમેન્ટ પોલિસીની મુદત પણ પૂર્ણ થઈ ગઈ છે અને ટેકસટાઈલ દ્વારા વારંવાર રજુઆતો કરવા છતાં સ્થિતિ દર્શાવવા છતાં ટેક્સટાઈલ પોલિસી જાહેર કરવામાં આવતી નથી.ત્યારે આજ ના વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા માટે રાજ્ય સરકારે ઉધોગકારો ની સ્થિતિ ને માન આપી નવી ટેક્સટાઈલ પું પોલિસી જાહેર કરે તેવી માંગ કરવામાં આવી છે. ટૂંક સમયમા જ જો નવી ટેકસટાઈલ પોલિસી જાહેર નહીં થાય તો ઉધોગકારોનો ઉદ્યોગ શૂન્ય બરાબર રહી જશે તેવી પણ ભીતિ ઉધોગકારોમાં સેવાઈ રહી છે

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ટેક્સટાઈલનું માર્કેટ મોટુ છે, માર્કેટને બુસ્ટઅપ કરવા માટે રાજ્ય સરકાર પોલિસી પણ બનાવે છે પરંતુ છેલ્લા સાત મહિનાથી ગુજરાતમાં ટેક્સટાઈલ પોલિસી પૂરી થઈ ગઈ છે અને હજુ સુધી સરકારને નવી પોલીસી બનાવવાનો સમય મળ્યો નથી, જેને કારણે ગુજરાતમાં કરોડો રૂપિયાના પ્રોજેક્ટ હાલમાં પાઈપ લાઈનમાં અથવા તો કાગળીયા પર પડી રહ્યા છે. ઉદ્યોગકારોએ ટેક્સટાઈલમાં જે યુનિટોને એક્સપાન્ડ કરવાનું આયોજન બનાવ્યું છે તે આયોજન હાલ માત્ર કાગળ પર જ રહ્યું છે. હવે તો લોકસભા ચૂંટણી પણ પૂર્ણ થઈ ગઈ અને કોઈપણ પ્રકારની આચાર સંહિતા નથી. છતાં રાજ્ય સરકારની અવગણનાના કારણે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને નુકસાની ભોગવવી પડી રહી છે. નવી ટેક્સટાઈલ પોલિસી લાગુ ન થવાથી ટેક્સટાઈલ ઉગ્યોને અનેક પ્રકારની નુકસાની ભોગવવી પડી રહી છે. ઉદ્યોગકારોએ ટેક્સટાઈલમાં જે યુનિટોને એક્સપાન્ડ કરવાનું આયોજન બનાવ્યું છે તે આયોજન હાલ માત્ર કાગળ પર જ રહ્યું છે. હવે તો લોકસભા ચૂંટણી પણ પૂર્ણ થઈ ગઈ અને કોઈપણ પ્રકારની આચાર સંહિતા નથી. છતાં રાજ્ય સરકારની અવગણનાના કારણે ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને નુકસાની ભોગવવી પડી રહી છે. નવી ટેક્સટાઈલ પોલિસી લાગુ ન થવાથી ટેક્સટાઈલ ઉગ્યોને અનેક પ્રકારની નુકસાની ભોગવવી પડી રહી છે.

**ન્યૂઝ બ્રિફ**

## નોઈડામાં પોલીસે એક નકલી IAS અધિકારીની ધરપકડ કરી



। (એજન્સી) નોઈડા, તા.૨૪ ।

નોઈડામાં પોલીસે એક નકલી IAS અધિકારીની ધરપકડ કરી છે, જેણે પોતાની સાથે બે બંદૂકધારીઓ પણ રાખ્યા હતા. પોલીસે તેના બે બંદૂકધારીઓ સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસનું કહેવું છે કે આ આરોપી પોલીસ હોવાનો રોફ બતાવીને લોકો પાસેથી પૈસા પડાવતો હતો. તેની પાસેથી એક રિવોલ્વર અને પિસ્તોલ પણ મળી આવી છે. મળતી માહિતી મુજબ, નકલી IAS અધિકારીની સાથે બે બંદૂકધારીઓ અને એક ડ્રાઈવર પણ રાખતો હતો. તે કાર પર લાલ બત્તી લગાવીને ફરતો હતો. તે અલગ-અલગ વિભાગના અધિકારીઓ પાસે જતો હતો અને IAS હોવાનું કહી રોફ જમાવતો હતો અને લોકો પાસેથી છેતરપિંડી કરીને પૈસા પડાવતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, IAS અધિકારી હોવાનો દાવો કરનાર આરોપીનું નામ કૃષ્ણ પ્રતાપ સિંહ છે. તે લોકો પર રોફ જમાવતો હતો અને લોકોને કહેતો હતો કે તેનું પોસ્ટિંગ ગૃહ મંત્રાલયમાં છે અને તે ત્યાં જોઈન્ટ ડાયરેક્ટરની પોસ્ટ પર કામ કરે છે. તેની સાથે બે બંદૂકધારીઓને જોઈને લોકો તેની વાત માનતા હતા. આ સમગ્ર મામલા અંગે ADCP મનીષ કુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે એક વાહન પકડાયું હતું જેમાં ચાર લોકો મુસાફરી કરી રહ્યા હતા.



યુએસએમાં વોશિંગ્ટન ડીસી ખાતે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહએ તેમની રાઉન્ડ-ટેબલ બેઠક પછી યુએસ સંરક્ષણ ઉદ્યોગના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી.

## પંચમહાલ જિલ્લામાં ફરી એકવાર મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ



। (એજન્સી) પંચમહાલ, તા.૨૪ ।

પંચમહાલ જિલ્લામાં ફરી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. થોડા દિવસોના વિરામ બાદ જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. ગોધરા, હાલોલ, કાલોલ, શહેરા ઘોઘંબા, મોરવાહડફ સહિતના પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ગોધરામા બે કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. કાલોલમાં બે કલાકમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો જેના કારણે મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ભરાયા હતા. ગોધરા નગરના મુખ્ય માર્ગો પર વરસાદની પાણી ભરાયા છે. ગોધરા સેવા સદન, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગોધરા કોર્ટ સહિતના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાયા હતા.

### શાંતિની અપીલ સાથે ભારતની સક્રિય ભૂમિકા

## મોદીની જેલેન્સ્કી સાથે યુદ્ધ પર ચર્ચા, ચાર મહત્ત્વના કરાર કર્યા

। (એજન્સી) કિવ, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુક્રેન મુલાકાતે છે. તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કી સાથે બેઠક યોજી ચર્ચાઓ શરૂ કરી હતી. જેમાં બંને દેશો વચ્ચે ચાર મહત્ત્વના કરાર પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. વડાપ્રધાન મોદીએ જેલેન્સ્કીને મળ્યા બાદ કહ્યું કે, યુદ્ધથી સમસ્યાનું સમાધાન થઈ શકે નહીં. વાતચીત અને રણનીતિના આધારે સમસ્યા ઉકેલાય છે. બંને પક્ષે એકબીજા સાથે વાતચીત શરૂ કરવી જોઈએ. સમય વેડફ્યા વિના રશિયા-યુક્રેનને એકબીજા સાથે વાત કરવી જોઈએ. વધુમાં મોદીએ કહ્યું કે, શાંતિના પ્રયાસમાં ભારત સક્રિય ભૂમિકા ભજવશે. બંને દેશો વચ્ચે માનવીય મદદ, કૃષિ, ફૂડ અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં સહયોગ વધારવા સંદર્ભે મહત્ત્વના એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીની આ મુલાકાત બંને દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધનું સમાધાન લાવે તેવો અંદાજ યુરોપિયન યુનિયન દ્વારા આપવામાં આવ્યો છે. જેલેન્સ્કીને મળ્યા બાદ વડાપ્રધાને કહ્યું કે, યુદ્ધની ભયાનકતાથી દુઃખ થાય છે. યુદ્ધ બાળકો માટે વિનાશકારી છે. મોદીએ જેલેન્સ્કીને મળ્યા બાદ કિવમાં સ્થિત નેશનલ મ્યુઝિયમની મુલાકાત લઈ યુદ્ધમાં માર્યા ગયેલા બાળકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. યુરોપિયન યુનિયનના મહાસચિવ એન્ટોની ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકે અપેક્ષા વ્યક્ત કરી છે કે, વડાપ્રધાન મોદીનની યુક્રેન મુલાકાત શાંતિ લાવવામાં મદદગાર સાબિત થશે.

### આઈફાની શરૂઆત વર્ષ ૨૦૦૦માં થઈ હતી

## આઠ વર્ષ પછી IIFA ૨૦૨૪ હોસ્ટ કરશે શાહરૂખ ખાન-કરણ જૌહર

। (એજન્સી) મુંબઈ,તા.૨૪ ।

ભારતની સૌથી લોકપ્રિય એવોર્ડ ઈવેન્ટ્સમાંની એક, ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી એવોર્ડ્સ ૨૩ વર્ષથી અવિરત છે. આઈફાની શરૂઆત વર્ષ ૨૦૦૦માં થઈ હતી. દર વર્ષે આયોજિત આ ફંક્શન આ વખતે અબુ ધાબીના યાસ આઈલેન્ડમાં પણ આયોજિત કરવામાં આવશે. છેલ્લા બે વર્ષથી આ ભવ્ય કાર્યક્રમનું આયોજન અબુ ધાબીમાં જ થઈ રહ્યું છે. ખાસ વાત એ છે કે આ વખતે શાહરૂખ ખાન અને કરણ જોહર એકસાથે આઈફા ૨૦૨૪ હોસ્ટ કરતા જોવા મળશે. આ એવોર્ડ સમારોહનું સ્થળ એક જ છે, પરંતુ હોસ્ટ બદલાઈ ગયા છે. ઘટના સાથે સંબંધિત તમામ માહિતી અહીં જાણો. IIFA ૨૦૨૪ ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અબુ ધાબીના યાસ આઈલેન્ડ ખાતે યોજાશે અને સુપરસ્ટાર શાહરૂખ ખાન અને ફિલ્મ નિર્માતા કરણ જોહર દ્વારા હોસ્ટ કરવામાં આવશે. બંનેની સેન્સ ઓફ હ્યુમર અદ્ભુત છે, તેથી એવું કહેવું ખોટું નહીં હોય કે આ વખતે પણ આ ફંક્શન ખૂબ જ મજેદાર અને મનોરંજક હશે. આ વખતે ૨૪મી ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમીમાં દર્શકોને મનોરંજનથી ભરપૂર હશે. દર વર્ષની જેમ આ વખતે પણ લોકો આઈફા એવોર્ડ ૨૦૨૪ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. IIFA ૨૦૨૪ હોસ્ટ કરવા વિશે પોતાના વિચારો શેર કરતા શાહરૂખ ખાને કહ્યું, 'IIFA એ ભારતીય સિનેમાનો સૌથી મોટો ઉત્સવ છે, જેની દરેક વ્યક્તિ રાહ જુએ છે.

### માલવિયાનગરના એક પીએસઆઈનો ઓડિયો હોવાની ચર્ચા

## રાજકોટમાં ૧૫ હજારની લાંચ માગી રહેલા પીઆઈનો ઓડિયો વાઈરલ

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટ મહાનગરમાં વિવિધ સરકારી વિભાગો જાણે લાંચીયા અધિકારીઓના 'રાજ' હોય અને કચેરીઓ જાણે લાંચનો 'કોટ' એટલે કે ગઢ હોય તેવું ચિત્ર ઉપસવા લાગ્યું છે. અગ્નિકાંડમાં લાંચમાં અનેક સરકારી સ્ટાફ દાઝ્યો છે ત્યાં વધુ એક મહિલા પોલીસ અધિકારીનો લાંચ માંગતો ઓડિયો વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી. રૂ.૧૫ હજારના લાંચ પ્રકરણની સમગ્ર ઘટના એસીબીના ધ્યાન પર હોવાનું પણ ચર્ચાય છે. કમલેશભાઈ ભીખુભાઈ લાઠીયાને તેની બહેન સાથે લેતીદેતી બાબત વિવાદ થયો હતો. આ મામલે માલવીયાનગર પોલીસ સ્ટેનમાં અરજી થઈ હતી. અરજીની તપાસમાં પર્ણકુટી પોલીસ ચોકીએ નિવેદન માટે પક્ષકારોને બોલાવવામાં આવ્યા હતા. જયાં મહિલા પીએસઆઈએ ગુનો નોંધવા બાબતે પક્ષકારોને ધમકાવતા તેઓએ તેમના એડવોકેટને જાણ કરી હતી. બાદમાં એડવોકેટ સાથે ચર્ચા કર્યા બાદ મહિલા ફોજદારે અરજી ફાઈલ કરવા રૂપિયા ૫૦ હજારની લાંચ માંગી હતી. જે




બાદ રકઝકના અંતે રૂ. ૧૫ હજારમાં સેટીંગ કર્યું હતું. અડધો કલાકમાં પૈસાની વ્યવસ્થા ન થતા એડવોકેટ તેમના અસીલના આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. બાદમાં કોર્ટે એફઆરઆઈ કરવાની થતી હોય તો સાત દિવસ પહેલા અને નિવેદન નોંધવા માટે બોલાવવાના થતા હોય તો સાત દિવસ પહેલા જાણ કરવાનો હુકમ કર્યો હતો.બાદ પણ બીજા દિવસે મહિલા પીએસઆઈએ પક્ષકારને બોલાવી ધમકાવ્યા હતા. જે બાબતે એડવોકેટ મધ્યસ્થી કરતા મોબાઈલ વાતચીતમાં ફોજદારે રૂ.૧૫ હજારની લાંચ માંગી હતી.

### ભારતીય ક્રિકેટરોની બ્રાન્ડ વેલ્યૂમાં હાર્દિક પાંચમા ક્રમે, મનુ ભાકરને એક એડ માટે કરોડો મળ્યા

## નીરજ ચોપરાની બ્રાન્ડ વેલ્યૂ વધીને ૩૩૫ કરોડ

। નવી દિલ્હી, તા.૨૪ ।

પેરિસ ઓલિમ્પિકમેડલ જીતવાની સાથે જ શૂટર મનુ ભાકર ભારતમાં સ્ટાર બની ગઈ છે અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ માટે વિવિધ કંપનીઓ દ્વારા તેનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. અગાઉ જ્યાં મનુ એક બ્રાન્ડ એન્ડોર્સમેન્ટના ૨૫ લાખ રૂપિયા જેટલું ચાર્જ કરતી હતી ત્યાં હવે તેને ૧.૫ કરોડ જેટલી માતબર રકમ મળવા લાગી હોવાના અહેવાલ સામે આવ્યા છે. તો બીજી તરફ ઓલિમ્પિકની ભાલાફેંકમાં ભારતને ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ અને પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ અપાવનાર નીરજ ચોપરાની બ્રાન્ડ વેલ્યૂ વધીને ૩૩૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. નિરજે બ્રાન્ડ વેલ્યૂના મામલે ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યાને પણ પાછળ છોડી દીધો છે. પંડ્યાની બ્રાન્ડ વેલ્યૂ ૩૧૮ કરોડ રૂપિયા છે. નીરજની એન્યુઅલ એન્ડોર્સમેન્ટ ફીમાં પણ વધારો થયો છે. આ સિવાય રેસલિંગમાં ૫૦ કિગ્રા વેઈટ કેટેગરીમાં ફાઈનલમાં પહોંચેલી વિનેશની એન્ડોર્સમેન્ટ ફીમાં પણ વધારો થયો છે. ભારતીય ક્રિકેટરોની બ્રાન્ડ વેલ્યૂમાં હાર્દિક પાંચમા ક્રમે છે. ક્રિકેટર હાર્દિક પંડ્યાની બ્રાન્ડ વેલ્યૂ લગભગ ૩૧૮





કરોડ માનવામાં આવે છે. તાજેતરમાં જાહેર થયેલ એક અહેવાલ અનુસાર, નીરજ ચોપરાની બ્રાન્ડ વેલ્યૂ ૨૪૮ કરોડથી વધીને અંદાજે ૩૩૫ કરોડ થઈ ગઈ છે. નીરજ ચોપરાની એન્ડોર્સમેન્ટ ફીમાં પણ વધારો થયો છે. તેની એન્ડોર્સમેન્ટ ફી વાર્ષિક ૩ કરોડ રૂપિયાથી વધીને ૪૪.૫ કરોડ રૂપિયા પ્રતિ ડીલ થઈ છે. ઓલિમ્પિકમાં સારું પ્રદર્શન કરનાર એથ્લેટ્સને પેકેજડ ફૂડ, હેલ્થ, ન્યુટ્રિશન, જ્વેલરી, બેંકિંગ અને એજ્યુકેશન જેવી કેટેગરીમાં બ્રાન્ડનો ચહેરો બનાવવાની સ્પર્ધા છે. મનુ ભાકરની એન્ડોર્સમેન્ટ ફી વાર્ષિક ૨૫ લાખ પ્રતિ ડીલથી વધીને ૧.૫ કરોડ થઈ ગઈ છે. ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ મેડલ જીતનાર શૂટર મનુએ તાજેતરમાં સોફ્ટ ડ્રિંક્સ વેચતી કંપની સાથે ૧.૫ કરોડની બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ ડીલ સાઈન કરી હતી. એ જ રીતે, વિનેશ ફોગાટની એન્ડોર્સમેન્ટ ફી વાર્ષિક ૨૫ લાખથી વધીને ૭૫ લાખથી ૧ કરોડ થઈ ગઈ છે. ભારતના સૌથી વધુ લોકપ્રિય એથ્લિટ અને ક્રિકેટર વિરાટ કોહલીની બ્રાન્ડ વેલ્યૂમાં પણ ૨૦ વર્લ્ડકપમાં વિજય બાદ ૨૯ ટકાનો વધારો થયો છે. તે ભારતનો સૌથી મોંઘો સેલિબ્રિટી છે. સેલિબ્રિટી બ્રાન્ડ વેલ્યૂએશન રિપોર્ટ ૨૦૨૩ અનુસાર, વિરાટની બ્રાન્ડ વેલ્યૂ ૧૯૦૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. સ્પોન્સરશિપના મામલે વિરાટ કોહલી સૌથી આગળ છે. બોલિવૂડ અભિનેતા રણવીર સિંહ બીજા સ્થાને છે, જેની બ્રાન્ડ વેલ્યૂ ૧૭૦૩ કરોડ જેટલી છે. બોલિવૂડના કિંગ તરીકે ઓળખાતા અભિનેતા શાહરુખ ખાન ૧૨.૦૭ મિલિયન ડોલર ૧૦૧૨ કરોડની બ્રાન્ડ વેલ્યૂ સાથે ત્રીજા ક્રમે છે. અક્ષય કુમાર આ યાદીમાં ૯૩૮ કરોડ સાથે ચોથા અને ૮૪૮ કરોડ સાથે પાંચમા ક્રમે છે. ક્રિકેટર્સની યાદીમાં વિરાટ કોહલી બાદ બીજા ક્રમે ૭૯૭ કરોડ સાથે ધોની અને ત્રીજા ક્રમે ૭૬૩ કરોડ સાથે સચિન તેંડુલકર છે.

### ભડકેલા લોકોની અનિશ્ચિતકાળ સુધી બંધની જાહેરાત

## સગીરા પર ત્રણ રાક્ષસોનું દુષ્કર્મ

। (એજન્સી) ગુવાહાટી, તા.૨૪ ।

પશ્ચિમ બંગાળના કોલકાતામાં ટ્રેની મહિલા ડૉક્ટર પર દુષ્કર્મ-હત્યા બાદ હવે આસામમાં પણ દુષ્કર્મની ઘટના બની છે. અહીં ટ્યુશન ક્લાસથી પરત ફરી રહેલી સગીરા પર ત્રણ નરાધમોએ કથિત દુષ્કર્મ આચર્યું છે. આ ઘૃણાસ્પદ ઘટના બાદ લોકોએ રોષે ભરાઈ દેખાવો શરૂ કરી દીધા છે. દેખાવકારોએ અનિશ્ચિતકાળ સુધી બંધનું આહવાહન કર્યું છે, જેના કારણે આ વિસ્તારમાં પોલીસનો કાફલો ખડકી દેવાયો છે. બીજીતરફ મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ રોષે ભરાઈ પોલીસને આવા રાક્ષસો સામે ત્વરીત કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. આ ઘટના અંગે પોલીસે કહ્યું કે, આસામના નાગાંવ જિલ્લામાં ગુરુવારે સાંજે ટ્યુશન ક્લાસથી પરત ફરી રહેલી ૧૪ વર્ષની સગીરા પર કથિત ગેંગરેપ થયો છે. આ ઘટના બાદ લોકો ગુસ્સે ભરાયા છે અને દેખાવો અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા છે. સ્થાનિક સંગઠન અને લોકોએ કહ્યું કે, જ્યાં સુધી આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે, ત્યાં સુધી આ વિસ્તાર અનિશ્ચિતકાળ સુધી બંધ રહેશે. પોલીસે કહ્યું કે, સ્થાનિક રહેવાસીઓને ગુરુવારે સાંજે સાત વાગ્યે રોડના કિનારા પરથી સગીરા બેહોશ હાલતમાં મળી આવી હતી. ત્યારબાદ પોલીસ સગીરાને મેડિકલ તપાસ માટે નાગાંવ હોસ્પિટલ લઈ ગઈ હતી. નાગાંવના એસપી સ્વપ્રીલ ડેકાએ કહ્યું કે, મહિલા અધિકારીએ સગીરાનું નિવેદન લીધું છે, તેમાં તેણીએ ત્રણ લોકોએ દુષ્કર્મ કર્યું હોવાનો ખુલાસો કર્યો છે. પોલીસે ઘટનાસ્થળ પરથી પુરાવા એકત્ર કરી લીધા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

## ધોની મામલે દિનેશ કાર્તિકે હવે પોતાની ભૂલ સુધારી

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

ભૂતપૂર્વ વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે તાજેતરમાં તેની મનપસંદ ઓલ ટાઈમ ઈન્ડિયા પ્લેઈંગ ઈલેવનની પસંદગી જાહેર કરી હતી. જેમાં પાંચ વર્તમાન ક્રિકેટરોને ટીમમાં સામેલ કર્યા હતાં, પરંતુ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીનો સમાવેશ કર્યો ન હતો. અનુભવી વિકેટ-કીપર બેટ્સમેન દ્વારા ધોનીને ઓલ ટાઈમ પ્લેઈંગ ઈલેવનમાંથી બાકાત રાખવામાં આવતા ક્રિકેટ ચાહકો ચોંકી ગયા હતા અને કાર્તિકની આકરી ટીકા કરી હતી. જોકે, ૩૯ વર્ષીય કાર્તિકે હવે પોતાની ભૂલ સુધારી છે અને ધોનીને પસંદ ન કરવા બદલ ચાહકોની માફી માંગી છે. તેણે કહ્યું કે આમ કરવું મારી મોટી ભૂલ હતી. કાર્તિકે યુઝર્સના સવાલોના જવાબ આપતા પોતાની ભૂલ સ્વીકારી હતી. તેણે કહ્યું, ''ભાઈ લોગ, મેં બહુ મોટી ભૂલ



કરી છે. ખરેખર તે એક મોટી ભૂલ હતી. વીડિયો સામે આવ્યા બાદ મને આ વાતની જાણ થઈ. જ્યારે મેં આ ૧૧ ખેલાડીઓની પસંદગી કરી ત્યારે તેની સાથે અન્ય ઘણી વસ્તુઓ થઈ રહી હતી. ખબર નહીં હું કેમ વિકેટકીપર (ધોની)ને ભૂલી ગયો હતો. સદભાગ્યે, રાહુલ દ્રવિડ ટીમ ૧૧નો ભાગ હતો તેથી બધાએ વિચાર્યું કે મેં પાર્ટ-ટાઈમ વિકેટકીપર રાખ્યો છે. પરંતુ મેં ખરેખર રાહુલ દ્રવિડને વિકેટકીપર તરીકે વિચાર્યો પણ ન હતો.'' ધોની ચોક્કસપણે ટીમ-૧૧નો ભાગ છે અને કેપ્ટનશિપ પણ તેની પાસે જ રહેશે. મે ૨૦૨૪માં ક્રિકેટમાંથી રિટાયર થનાર કાર્તિકે કહ્યું કે, ''શું તમે તેના પર વિશ્વાસ કરી શકો છો? વિકેટકીપર હોવાના કારણે હું વિકેટકીપર ઉમેરવાનું ભૂલી ગયો હતો. આ એક મોટી ભૂલ છે. આટલી મોટી ભૂલ ન થવી જોઈએ. આ મારા માટે ખૂબ જ સ્પષ્ટ છે. થાલા ધોની કોઈપણ ફોર્મેટ માટે સંપૂર્ણપણે ફિટ છે.'' કાર્તિકે દાવો કર્યો કે, ''હું માનું છું કે ધોની માત્ર એક ભારતીય ખેલાડી નથી, પરંતુ તે ક્રિકેટના મહાન ખેલાડીઓ પૈકી એક છે. હું વાસ્તવમાં તેનુ સન્માન કરુ છું.'' ''જો હું ફરીથી ટીમ બનાવીશ તો ચોક્કસ એક ફેરફાર કરીશ. થલા ધોની ૭માં નંબર પર હશે અને તે કોઈપણ ભારતીય ટીમનો કેપ્ટન હશે. તેમાં કોઈ શંકા નથી.''

## દારૂના જથ્થા સાથે ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબજે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૪ ।

રાજ્યમાં દારૂબંધી વચ્ચે દારૂની રેલમછેલનો માહોલ છે. રોજ ક્યાંકને ક્યાંક દારૂનો જથ્થો ઝડપાઈ રહ્યો છે. પોલીસની કડક કાર્યવાહી છતા દારૂ પર્વેશે છે ક્યાંથી અને બુટલેગરો આટલા બેફામ કેમ છે તે સામાન્ય લોકોમાં ચર્ચાનો પ્રશ્ન છે. બનસકાંઠાના ધાનેરામાં આ જ પ્રકારે વાહનમાં લઈ જવાતો દારૂ ઝડપાયો છે. ગઈ કાલે પણ કેટા કારમાંથી દારૂનો જથ્થો



ઝડપાયો હતો. આમ બુટલેગરોને પોલીસનો સ્હેજપણ ડર ન હોય તેમ બેફામ બની ગયા છે. બનાસકાંઠામાં એલસીબી પોલીસને માહિતી મળી હતી કે જોડીયા ગામ પાસેતી દારૂ ભરીને વાહન જવાનું છે. જેને આધારે પોલીસે જોડીયા ગામ પાસે જાળ બિછાવી હતી. જેમાં પોલીસે શંકાસ્પદ સ્વિફ્ટ કાર અટકાવીને તલાશી લીધી હતી. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી દારૂની ૨૨૪ બોટલો ઝડપાઈ હતી. જેમાં પોલીસે એક શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળીને કુલ રૂ. ૩,૫૭,૪૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## તાવના ૧૧૬ દર્દીના લોહીના નમૂના લેવાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

સતત અઠવાડિયા સુધી વરસાદ નહીં પડવા છતાં ગાંધીનગરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ રહેવાની સમસ્યા છે, જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ સ્થિતિમાં ડેન્ગ્યુના દર્દીઓ સતત વધી રહ્યા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યુના રોજ ૧૦૦થી વધુ દર્દીઓ આવી રહ્યા હોવાનું બિનસત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ડેન્ગ્યુને અટકાવવા માટે મ્યુનિ.ના આરોગ્ય વિભાગે ડોર ટૂ ડોર સર્વે અને પોરાનાશક કામગીરી હાથ ધરી છે. વિવિધ વિસ્તારમાં ૩૬૨૮ ઘરના સર્વે દરમિયાન તાવના શંકાસ્પદ ૧૧૬ દર્દી મળી આવ્યા હતા. આ તમામના લોહીના નમૂના લઈને લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના જેવા વાહકજન્ય રોગો અટકાવવા વાવોલ પેથાપુર તેમજ સરગાસણમાં સ્પેશિયલ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં વેક્ટર કંટ્રોલ ટીમ, મલ્ટી પર્પઝ વર્કર ઉપરાંત આશા બહેનો, ફીમેલ હેલ્થ વર્કર દ્વારા સોર્સ રીક્શન, પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર કામગીરીનું મોનીટરીંગ અને સુપરવિઝન મેલેરિયા અધિકારી, મેડિકલ અધિકારી તેમજ આરોગ્ય અધિકારી કક્ષાએથી દ્વારા કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ...

# વિવિધ સ્કૂલ બોર્ડમાં એકરૂપતા લાવવાની જરૂર

દેશનાં તમામ સ્કૂલ બોર્ડોની પરીક્ષાઓમાં એકરૂપતા લાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય રાજ્ય સરકારો સાથે જે વિચાર-વિમર્શ કરવા જઈ રહ્યું છે, તેનાં સાર્થક પરિણામો આવવાં જોઈએ. દેશભરમાં હાલમાં સાઈઠથી વધુ સ્કૂલ બોર્ડ છે. તેમાં કેટલાય સ્તરો પર ભિન્નતા જોવા મળે છે. આ ભિન્નતાઓ રાષ્ટ્રીય સ્તર પર થનારી પ્રવેશ પરીક્ષાઓમાં સમસ્યા બને છે. એક તો વિભિન્ન સ્કૂલ બોર્ડોનો અભ્યાસક્રમ જુદો છે અને બીજું, તેમની મૂલ્યાંકન પદ્ધતિ પણ અલગ-અલગ હોય છે. તેને કારણે પાસ થનારા વિદ્યાર્થીઓની ટકાવારીમાં ઘણું અંતર જોવા મળે છે. દાખલા તરીકે મેઘાલયમાં દસમું ધોરણ પાસ કરનારા છાત્રોની ટકાવારી ૫૫-૫૬ ટકા રહે છે તો મધ્ય પ્રદેશમાં તે ૬૦-૬૨ ટકા અને કેરળ અને તેલંગણામાં ૯૦ ટકાથી પણ વધારે! એ કોઈથી છૂપું નથી કે કેટલાક સ્કૂલ બોર્ડ વધુ ઉદારતાથી ગુણ આપવાની નીતિ પર ચાલે છે. અલગ-અલગ સ્કૂલ બોર્ડોની પરીક્ષાઓની અવધિમાં પણ અંતર જોવા મળે છે. કેટલાક સ્કૂલ બોર્ડ એક મહિનાથી ઓછા સમયમાં પરીક્ષાઓ પૂરી કરાવી લે છે તો કેટલાક આ જ કામ દોઢ-બે મહિનામાં કરે છે. અલગ-અલગ સ્કૂલ બોર્ડના છાત્ર જ્યારે રાષ્ટ્રીય સ્તર પર થનારી કોઈ પ્રવેશ પરીક્ષામાં ભાગ લે છે અને ત્યાં તેમના ૧૨માના ગુણને મહત્ત્વ આપવામાં આવે છે તો પરીક્ષા આયોજકો સમક્ષ મુશ્કેલી પેદા થાય છે. સમસ્યા માત્ર એટલી નથી કે રાજ્યોના સ્કૂલી બોર્ડોમાં અભ્યાસક્રમ અને મૂલ્યાંકનના સ્તર પર ભિન્નતાઓ છે. સમસ્યા એ પણ છે કે કેન્દ્રીય સ્કૂલ બોર્ડોના સ્તર પર પણ એકરૂપતાનો અભાવ છે. આ બધાનો કોઈ મતલબ નથી. શિક્ષણ જોકે રાજ્યોનો પણ વિષય છે, તેથી તેમને પોતાનાં સ્કૂલ બોર્ડ સંચાલિત કરવાનો અધિકાર છે, પરંતુ તેનો કોઈ અર્થ નહીં કે તેમાં કોઈ સામ્ય જ ન હોય. આ સામ્ય એટલા માટે હોવું જોઈએ, કારણ કે એનાથી દેશભરના છાત્રો એક ધરાતલ પર આવશે અને તેમનામાં સ્વસ્થ પ્રતિસ્પર્ધા થઈ શકશે. તમામ સ્કૂલી બોર્ડોના અભ્યાસક્રમ અને છાત્રોના મૂલ્યાંકનમાં એકરૂપતા માત્ર એટલા માટે ન હોવી જોઈએ.

## શેખ હસીનાના તખ્તા પલટમાં અમેરિકાનો હાથ હોવાની આશંકા

બાંગ્લાદેશમાં શેખ હસીનાના તખ્તા પલટમાં અમેરિકાનો હાથ હોવાની આશંકા ત્યારે વધુ ઘેરી બની, જ્યારે હિલેરી ક્લિન્ટનના નજીકના ગણાતા મુહંમદ યુનૂસને વચગાળાની સરકારના વડા પસંદ કરવામાં આવ્યા. શેખ હસીના અનુસાર તેમણે સેન્ટ માર્ટિન દ્વીપ પર અમેરિકી સૈન્ય થાણાની મંજૂરી નહિ આપવાની કિંમત ચૂકવવી પડી. સત્ય જે હોય તે, અમેરિકા દ્વારા બીજા દેશોમાં સત્તા બદલવાના પ્રયાસ નવી વાત નથી. રોબર્ટ જાર્વિસના શબ્દોમાં આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ એટલો જ અમેરિકન છે, જેટલી એપ્પલ પાઈ! પોતાના પુસ્તક 'ઓવરથ્રો'માં અમેરિકી લેખક સ્ટીફન કિંજરે નવ વર્ષોમાં અમેરિકાની સત્તા પરિવર્તન પ્રયાસોને ત્રણ ચરણોમાં વહેંચ્યા છે. પહેલા ચરણમાં સામ્રાજ્યવાદી વિસ્તાર કરીને નિકારાગુઆ, હવાઈ, ક્યૂબા, પ્યૂર્ટો રિકો અને ફિલિપાઈન્સને પોતાના સામ્રાજ્યમાં ભેળવવામાં આવ્યું. બીજા ચરણમાં શીત યુદ્ધ અંતર્ગત ચિલી, દક્ષિણી વિયેતનામ, ઈરાન અને ગ્વાટેમાલામાં ગુપ્ત કાર્યવાહી કરીને તખ્તાપલટના પ્રયાસ થયા અને ત્રીજા ચરણમાં સીધાં આક્રમણો દ્વારા પનામા, અફઘાનિસ્તાન, ઈરાક, લીબિયા વગેરેમાં સત્તા બદલવામાં આવી. ચર્ચિત પુસ્તક 'કોવર્ટ રિજીમ ચેન્જ'માં લિંડ્સી ઓ રૂર્કે શીતયુદ્ધ દરમ્યાન એવાં જ ૬૪ સફળ-અસફળ ખુફિયા પ્રયાસોની ચર્ચા કરી છે. આ પ્રયાસો કેટલાં તુચ્છ કારણો પર આધારિત હતા, તેનો નમૂનો કેનેડીના કાર્યકાળના એક પ્રસંગ પરથી જોવા મળે છે. બ્રિટિશ ગુયાનાની સ્વતંત્રતાના તરત બાદ પહેલા રાષ્ટ્રાધ્યક્ષ બનેલા છેદી ભરત જગન દ્વારા વ્હાઈટ હાઉસમાં કેનેડી અને તેમના સહાયક આર્થર શ્લેસિંગર જુનિયર સાથે મંત્રણાના અંતમાં એક માર્ક્સવાદી પત્રિકામાં છપાયેલ લેખનો ઉલ્લેખ માત્ર તેમને સત્તામાંથી હટવાનું કારણ બન્યો. જગન વિરુદ્ધ હિંસક આંદોલન ઊભું કરાયું અને તેમણે સત્તા છોડવી પડી. ખુદ શ્લેસિંગરે ૩૦ વર્ષ બાદ ફરીથી રાષ્ટ્રાધ્યક્ષ તરીકે અમેરિકા આવેલા જગનની આ સત્તા પરિવર્તનનો સૂત્રપાત કરવા બદલ માફી માંગી. ઈરાકમાં 'વેપન્સ ઓફ માસ ડિસ્ટ્રક્શન'ના બહાને કરવામાં આવેલ સૈન્ય કાર્યવાહી પર થયેલ ફજેતી બાદ આ પ્રયાસોના સ્વરૂપમાં બદલાવ આવ્યો છે. હવે આર્થિક પ્રતિબંધ, સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ઘૂસણખોરી, ચૂંટણી હસ્તક્ષેપ અને ઉગ્ર પ્રદર્શનોનો સહારો લેવામાં આવી રહ્યો છે. આ તમામ હથકંડાનો ખુદ રાષ્ટ્રીય સુરક્ષાસ લાહકાર જોન બોલ્ટને સ્વીકાર કર્યો હતો. લિંડ્સીનું કહેવું છે કે આ કવાયતમાં લિક્ષત દેશોના વિપક્ષશ્રી નેતાઓને ભરોસો અપાવવામાં આવે છે કે ઉગ્ર પ્રદર્શનોના જોરે સત્તા પરિવર્તન સંભવ છે. કહેવા માટે તો અમેરિકા મુનરો ડોક્ટ્રીનનો હવાલો આપીને લોકતંત્રની રક્ષા કરવાની વાત કરે છે, પરંતુ તેણે ચૂંટાયેલી સરકારો પણ કેટલીય વાર ગબડાવી છે. ૧૯૫૩માં ઈરાનની લોકતાંત્રિક મોસાદેઘ સરકારને તેલ સોદો ફેલ થતાં ગબડાવી દીધી હતી. ચિલીમાં સાલ્વાડોર અલ્યાંદેનો તખ્તાપલટ કરીને ક્રૂર જનરલ પિનોશેને લાંબા સમય સુધી સત્તામાં બેસાડ્યો. અમેરિકી પોર્ટલ ઈંટરસેપ્ટે હાલમાં જણાવ્યું કે પાકિસ્તાનમાં ઈમરાન ખાને એટલા માટે સત્તા ગુમાવવી પડી, કારણ કે તે રશિયા અને અમેરિકા વચ્ચે તટસ્થ વલણ અપનાવતા હતા. વડાપ્રધાન મોદીથી પણ અમેરિકા આ જ કારણે નારાજ છે. અમેરિકા સત્તા પરિવર્તન એટલા માટે કરી શકે છે, કારણ કે તેણે તમામ દેશોમાં પોતાના પિઠ્ઠુઓની ફોજ ઊભી કરી રાખી છે. કેટલીય વાર તખ્તાપલટના ઈચ્છુક સીધા અમેરિકી રાજદ્વારીઓનો સંપર્ક કરી લે છે! બાંગ્લાદેશનું છાત્ર આંદોલન હોય કે યુક્રેનની મેદાન ક્રાંતિ, સત્તા પરિવર્તનનું અમેરિકી માળખું એકસમાન છે. આ પ્રયાસોમાં અમેરિકા દ્વારા પોષિત એનજીઓ, આપ્રવાસી બુદ્ધિજીવી અને વિપક્ષી દળોનો સહારો લેવામાં આવે છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં મુહંમદ યનૂસ ઉપરાંત બીજા મહત્ત્વપૂર્ણ વ્યક્તિ સલાહુદ્દીન અહમદ પણ યુનૂસની જેમ જ ફુલબ્રાઈટ સ્કોલર છે અને અમેરિકા પોષિત એનજીઓ ચલાવે છે. જે પેંતરા અમેરિકાએ બાંગ્લાદેશ કે યુક્રેનમાં ચલાવ્યા, તે જ ભારતમાં પણ ચાલી રહ્યા છે. બાંગ્લાદેશી પત્રકાર સલાહુદ્દીન શોએબ ચૌધરીનો આરોપ છે કે રાહુલ ગાંધીએ ગત મહિને વિપક્ષી દળ બાંગ્લાદેશ નેશનલ પાર્ટીના નેતા બેગમ ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહમાન સાથે લંડનમાં મુલાકાત કરી હતી. જ્યારે પણ અમેરિકાએ ચૂંટાયેલી સરકારોનો તખ્તાપલટ કરવો હોય, ત્યારે તે લોકતંત્ર, માનવાધિકાર અને લઘુમતીઓના હિતોની બૂમરાણ મચાવવી શરૂ કરી દે છે.

**ગુજરાતનાં શિવ મંદિરોની વાત કરતાં હોઈએ, તો ગુજરાતના નાગેશ્વર જ્યોતિર્લિંગને કેમ કરી ભૂલાય !! નાગેશ્વર મંદિર એક પ્રસિદ્ધ મંદિર છે**

# વૈશ્યની પ્રાર્થનાથી શંકર તત્ક્ષણ કારાગારમાં ચમકતાં સિંહાસન પર સ્થિત જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રગટ થયાં



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હિંદુ ધર્મ અનુસાર નાગેશ્વરનો અર્થ નાગોના ઈશ્વર થાય છે, ભગવાન નાગેશ્વરનાં પૂજન અર્ચનથી વિષ આદિથી બચાવનો સાંકેતિક અર્થ પણ છે, રુદ્ર સંહિતામાં આ ભગવાનને દારુકાવને નાગેશ કહેવામાં આવ્યાં છે, ભગવાન શિવનું આ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ગુજરાત પ્રાંતમાં દ્વારકા પુરીથી લગભગ ૧૭ માઈલની દૂરી પર સ્થિત છે, આ પવિત્ર જ્યોતિર્લિંગનાં દર્શનનો શાસ્ત્રોમાં મોટો મહિમા બતાવવામાં આવ્યો છે.**

વિશ્વ આખામાં આત્મ શાંતિ અને આત્મ કલ્યાણ ની વાત માત્રને માત્ર આપણા દેશ ભારતમાં કરવામાં આવે છે, અને કદાચ સનાતન ધર્મના મૂળ અડ્યા છે એવાં બૌદ્ધ ધર્મને અનુસરતા દેશમાં પણ આવી વાત કરવામાં આવી છે. પરંતુ ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે, અને તેને કારણે અહીં ઘણા ધર્મો પ્રચલિત છે. ભારતનું એક રાજ્ય એવું આપણું ગુજરાત ધર્મની બાબતમાં મોખરે છે, અને એમાં પણ અહીં શંકરનાં ઘણા શિવાલયો આવેલા છે. કોઈ પર્વત ઉપર હોય, તો કોઈ નદીની મધ્યમાં હોય, કોઈ સમુદ્રમાં હોય, તો કોઈ જંગલમાં પણ હોય. પરંતુ ભક્ત ભગવાનને ભજવા ત્યાં સુધી પહોંચી જ જાય છે, અને તેની આસ્થા પ્રમાણે તે તેનું પૂજન-અર્ચન કરે છે. હિન્દુ ધર્મમાં શિવ શંકરને મુખ્ય ત્રિદેવમાંના એક માનવામાં આવે છે. મહાદેવનાં અસંખ્ય નામ પણ છે, મોટે ભાગે તેના દેખાવ, અને તેના ગુણ પરથી તેના નામ રાખવામાં આવે છે. ભગવાન શંકરનું મુખ્ય ઘરેણું સર્પ માનવામાં આવે છે, તેનાં ગળામાં અને કટિ ભાગ પર પણ સર્પ જોવા મળે છે. એટલે ભગવાન શંકરનું એક નામ નાગેશ્વર પણ છે, અને જેને ગુજરાતના બીજા જ્યોતિર્લિંગ તરીકે સ્થાન મળ્યું છે, તેવા નાગેશ્વરનાં મંદિર વિશે આપણે આજે વાત કરીશું. ગુજરાતનાં શિવ મંદિરોની વાત કરતાં હોઈએ, તો ગુજરાતના નાગેશ્વર જ્યોતિર્લિંગને કેમ કરી ભૂલાય !! નાગેશ્વર મંદિર એક પ્રસિદ્ધ મંદિર છે, જે ભગવાન શિવને સમર્પિત છે. એ દ્વારકાના સીમ ક્ષેત્રમાં સ્થિત છે, જે ભગવાન શિવજીનાં બાર જ્યોતિર્લિંગોમાનું એક છે. હિંદુ ધર્મ અનુસાર નાગેશ્વરનો અર્થ નાગોના ઈશ્વર થાય છે. ભગવાન નાગેશ્વરનાં પૂજન અર્ચનથી વિષ આદિથી બચાવનો સાંકેતિક અર્થ પણ છે, રુદ્ર સંહિતામાં આ ભગવાનને દારુકાવને નાગેશ કહેવામાં આવ્યાં છે. ભગવાન શિવનું આ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ગુજરાત પ્રાંતમાં દ્વારકા પુરીથી લગભગ ૧૭ માઈલની દૂરી પર સ્થિત છે. આ પવિત્ર જ્યોતિર્લિંગનાં દર્શનનો શાસ્ત્રોમાં મોટો મહિમા બતાવવામાં આવ્યો છે, કહેવામાં આવ્યું છે કે આ નાગેશ્વરનું મંદિર પૃથ્વી પરનું પ્રથમ જ્યોતિર્લિંગ છે, અને શ્રદ્ધાપૂર્વક એમની ઉત્પત્તિ અને મહાત્મયની કથા જે કોઈ સાંભળશે એ બધાં પાપોમાંથી છુટકારો પામીને સમસ્ત સુખોનો ભોગ કરતાં કરતાં અંતમાં ભગવાન શિવનાં પરમ પવિત્ર દિવ્ય ધામને પ્રાપ્ત કરશે. દરેક જ્યોતિર્લિંગ પાછળ એક પૌરાણિક કથા હોય છે તેમ નાગેશ્વરનાં જ્યોતિર્લિંગ પાછળ પણ એક પૌરાણિક કથા છે, અને એ મુજબ આ જ્યોતિર્લિંગના પ્રમાણિત પુરાણોમાં આ કથા વર્ણવેલી છે. દ્વારકા નજીક દારુક નામની સીમ આગળ,દારુક નામની નદી પણ હતી, અને ત્યાં એક રાક્ષસ રહેતો હતો, રાક્ષસનું નામ દારુક હતું, એટલે જ કદાચ સીમ અને નદીનું નામ પણ દારુક પડ્યું હોય. તેને માતા પાર્વતીનું વરદાન હતું. એટલે તે કોઈનાથી પણ મરતો ન્હોતો, અને જે કોઈ નદી પાર કરવા આવે તેને લૂંટી અને મારી નાખતો હતો. સુપ્રિય નામનો એક બહુ જ મોટો ધર્માત્મા અને સદાચારી વૈશ્ય હતો. એ ભગવાન શિવનો અનન્ય ભક્ત હતો !! એ નિરંતર એમની આરાધના,પૂજન, અને ધ્યાનમાં તલ્લીન રહેતો હતો.પોતાનાં બધાં કાર્યો એ ભગવાન શિવને અર્પિત કરીને કરતો હતો. મન, વચન, કર્મથી એ પૂર્ણત : શિવાર્ચનમાં જ તલ્લીન રહેતો હતો.એમની આ શિવ ભક્તિથી દારુક નામનો રાક્ષસ બહુજ ક્રુદ્ધ રહેતો હતો, એને ભગવાનની આ પૂજા કોઈ પણ પ્રકારે સારી નહોતી લાગતી હતી. એ નિરંતર એ વાતનો જ પ્રયત્ન કર્યા કરતો હતો કે એ સુપ્રિયની પૂજા અર્ચનામાં વિઘ્ન પડે !! એકવાર સુપ્રિય નૌકા પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યો હતો, એ દુષ્ટ રાક્ષસ દારુકે આ ઉપયુક્ત અવસર જોઈને નૌકા પર આક્રમણ કરી દીધું. એણે નૌકામાં સવાર બધાં યાત્રીઓને પકડીને પોતાની રાજધાનીમાં લઈ જઈને કેદ કરી લીધાં. સુપ્રિય કારાગારમાં પણ પોતાનાં નિત્યનિયમ અનુસાર ભગવાન શિવની પૂજા આરાધના કરવાં લાગ્યાં !! અહિયા બંદી યાત્રીઓને પણ એ શિવ ભક્તિની પ્રેરણા આપવાં લાગ્યો. દારુકે જ્યારે પોતાનાં સેવકો પાસેથી સુપ્રિયનાં વિષયમાં સમાચાર સાંભળ્યા ત્યારે અત્યંત ક્રોધીત થઈને કારાગારમાં આવી પહોંચ્યો. સુપ્રિય એ સમયે ભગવાન શિવનાં ચરણોમાં ધ્યાન લગાવીને બંને આંખો બંધ કરીને બેઠો હતો,એ રાક્ષસે એની આ મુદ્રા જોઈ અત્યંત ભીષણ સ્વરમાં એને દાંટતાં કહ્યું '' અરે દુષ્ટ વૈશ્ય !! તું આંખો બંધ કરીને અહીંયા કયો ઉપદ્રવ અને ષડયંત્ર કરવાની વાતો વિચારી રહ્યો છે ? '' એનાં આ કહેવા પર પણ ધર્માત્મા શિવ ભક્ત સુપ્રિયની સમાધિ ભંગ ન જ થઈ, હવે તો એ દારુક રાક્ષસ ક્રોધથી એકદમ પાગલ થઈ ઉઠયો! એને તત્કાલ પોતાનાં અનુચરોને સુપ્રિય તથા અન્ય બધાં જ બંદીઓને મારી નાંખવાનો આદેશ આપ્યો, સુપ્રિય એનાં આ આદેશથી જરા પણ વિચલિત અને ભયભીત ન થયો, એ એકાગ્ર મનથી પોતાની અને અન્ય બંદીઓની મુક્તિ માટે ભગવાન શિવને પ્રાર્થના કરવા લાગ્યો, અને એને પૂર્ણ વિશ્વાસ હતો, કે મારાં આરાધ્ય ભગવાન શિવજી આ વિપત્તિમાંથી મને અવશ્ય છુટકારો અપાવશે! એની આ પ્રાર્થના સાંભળીને ભગવાન શંકર તત્ક્ષણ એ કારાગારમાં એક ઊંચા સ્થાનમાં એક ચમકતાં સિંહાસન પર સ્થિત જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રગટ થયાં. એમણે આ પ્રકારે સુપ્રિયને દર્શન આપીને એને પોતાનું પાશુપત - અસ્ત્ર પણ પ્રદાન કર્યું, આ અસ્ત્રથી રાક્ષસ દારુક તથા એનાં સહાયકોનો વધ કરીને સુપ્રિય શિવધામ ચાલ્યા ગયાં! ભાગવાન શિવનાં આદેશાનુસાર જ આ જ્યોતિર્લિંગનું નામ નાગેશ્વર પડયું છે. શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગ ગુજરાત પ્રાંતના દ્વારકાપુરીથી લગભગ ૨૫ કિલોમીટરની દૂરી પર આવેલું છે.આ સ્થાન ગોમતી દ્વારકાથી બેટ દ્વારકા જતાં રસ્તામાં પડે છે,આની અતિરિક્ત નાગેશ્વર નામથી બે અન્ય શિવલિંગોની પણ ચર્ચા ગ્રંથોમાં છે. મતાંતરથી પણ આ લિંગોને પણ કેટલાંક લોકો '' નાગેશ્વર જ્યોતિર્લિંગ '' કહે છે . એમાંથી એક નાગેશ્વર જ્યોતિર્લિંગ નિઝામ હૈદરાબાદ આંધ્રપ્રદેશમાં છે,જ્યારે બીજું ઉત્તરાખંડનાં અલ્મોડામાં યોગેષ અથવા જાગેશ્વર શિવલિંગ નામથી પ્રસિદ્ધ છે.યદ્યપિ શિવ પુરાણ અનુસાર સમુદ્રના કિનારા દ્વારકા પૂરીની પાસે સ્થિત શિવલિંગ જ જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રમાણિત થાય છે !! ભોલેનાથનાં નિર્દેશાનુસાર જ આ શિવલિંગનું નામ '' નાગેશ્વર જ્યોતિર્લિંગ '' પડયું છે ! ''નાગેશ્વર નો આ જ્યોતિર્લિંગ કેટલાય વર્ષો સુધી નાનકડી એવી ડેરીના સ્વરૂપમાં જ હતું, પરંતુ ભજન સમ્રાટ ગુલશન કુમારે આ મંદિરના જિર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો, અને ૧૯૯૬ની સાલમાં તેણે આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય આરંભ કર્યુ. આ દરમિયાન તેની હત્યા થઈ જતા બાકીના મંદિરના નિર્માણનું કાર્ય તેના પરિવારજનોએ પૂર્ણ કર્યું, અને ૨૦૦૨ની સાલમાં આપણને અત્યારે દેખાય છે તે જ્યોતિર્લિંગનું મંદિર અસ્તિત્વમાં આવ્યું, અંદાજે ૧.૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ આ મંદિર પાછળ થયો, જે ગુલશનકુમાર ચેરીટેબલ ટ્રસ્ટ માંથી આપવામાં આવ્યો. મંદિરમાં ગુલશન કુમાર દ્વારા આ મંદિરનો જીણોદ્ધાર થયો છે, એવી તકતી તથા ફોટો પણ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત અહીં ૧૨૫ ફૂટ લાંબી અને ૨૫ ફૂટ પહોળી પ્રતિમા મુકવામાં આવી છે જે આ મંદિરનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે, અને લગભગ બે કિલોમીટર દૂરથી પણ આ પ્રતિમાના દર્શન થાય છે. મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરો, એટલે સામે લાલ કલરનુ નાગેશ્વર જ્યોતિર્લિંગનું મંદિર દેખાય છે. મંદિરના શિવલિંગ પર ચાંદીનું એક આવરણ છે, અને તેની પર એક જ નાગ મુદ્રા સ્થિત છે, જ્યારે શિવલિંગની બરોબર પાછળ પાર્વતીની મૂર્તિ આવેલી છે. દરેક મંદિરમાં હોય છે તેમ આ મંદિરના ગર્ભગૃહમાં જવા માટેના પણ ખાસ નિયમો છે, અને એ અનુસાર અહીં ધોતી પહેર્યા વગર આ મંદિરમાં પ્રવેશ મળતો નથી, અને શંકરને ફક્ત ગંગાજળનો અભિષેક થાય છે, જે મંદિર તરફથી નિશુલ્ક રૂપે મળે છે.આ ઉપરાંત મંદિર તરફથી નાનામાં નાનો માણસ પણ તેનું પૂજન કરી શકે એ માટે ૧૦૫ રૂપિયાથી શરૂ કરીને ૨૧૦૧ સુધી પૂજાપો ઉપલબ્ધ થાય છે, જેના દ્વારા આપણે જ્યોતિર્લિંગના શિવલિંગની પૂજન વિધિ કરી શકીએ છીએ. તો ગુજરાતીઓને પ્રિય એવા નાગેશ્વર મંદિરનો આ ઈતિહાસ છે. ભગવાન શંકરાચાર્ય કે જે પોતે શંકરાવતાર કહેવાય છે, એમણે આપણને માનસિક પૂજા આપી છે, અને એના દ્વારા આપણે જ્યાં બેઠા હોઈએ ત્યાં ભગવાન શંકરનું માનસિક પૂજન કરી અને જ્યોતિર્લિંગમાં દર્શન કરીએ છીએ તેવો ભાવ લાવવાથી, પણ ભગવાન પ્રસન્ન થાય છે, તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.

**શ્રાવણ માસમાં શિવમહિમા -૨૦ નર્મદા નદીના મોંધત-શિવપુરી નામના એક ટાપુ પર આવેલ ઓમકારેશ્વર જ્યોર્તિ લિંગનો મહીમા**

# ઓમકારેશ્વર: એક માત્ર જ્યોતિર્લિંગ જ્યાં મહાદેવ શયન કરવા આવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ પરિસર ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ પાંચ માળનું બિલ્ડિંગ છે, જેના પહેલા માળમાં ભગવાન મહાકાળેશ્વરનું મંદિર છે, ત્રીજા માળે સિદ્ધનાથ મહાદેવ અને ચોથા માળમાં ગુપ્તેશ્વર મહાદેવ અને પાંચમા માળે રાજેશ્વર મહાદેવનું મંદિર છે, ઓમકારેશ્વર જ્યોતિર્લિંગમાં અનેક મંદિર નર્મદાના બંને દક્ષિણ અને ઉત્તર તટે સ્થિત છે.**

શ્રાવણ માસમાં શિવ મહિમાનું વાચન શ્રવણ કરી રહયા છીએ ત્યારે શિવ ભકતો આપની ઉપા સના આરાધના અભિષેકનું શ્રેષ્ઠ ફળ દાઢી-મૂછ વધારવાથી નહીં પણ આ માસના આ તપ દરમ્યાન જે વ્યસનો ગુટકા તમાકુ બીડી સિગારેટ અફીણ મદિરા છીકણી બજરનો,ટીકા ટિપ્પણીનો ત્યાગ કરેલ છે તે કાયમી ત્યાગ જ રાખશો.તનમનની સાથે પરિવારમાં પણ આનંદ ઉત્સાદમાં વૃદ્ધિ થશે. સાચા અર્થમાં શિવ ઉપાસના આરાધના અભિષેક ફળ્યા તેવું લાગે આ વાત શ્રાવણ માસના શિવ મહિમા ૨૦માં ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ વિષેના લેખથી ચોક્કસ ધ્યાનમાં રાખશો. આજે આપણે શ્રાવણ માસમાં મહિમા જાણીએ ઓમકારેશ્વર તિર્થ દેવાધિદેવ સદા શિવ ભગવાન ભોળનાથ મહાદેવને સમર્પિત શિવાલય છે, ભગવાનશિવના બાર જ્યોતિર્લિંગમાંનું આ એક છે. ઓમકારેશ્વર જ્યોતિર્લિંગઃ એક માત્ર જ્યોતિર્લિંગ જ્યાં મહાદેવ શયન કરવા આવે છે, શ્રદ્ધાળુઓ ખાસ શયનના દર્શન કરવા આવે છે.બાર જ્યોતિર્લિંગોમાં ચોથું જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર મંદિર છે. ઓમકારેશ્વર મધ્યપ્રદેશના ઈન્દોર શહેર પાસે સ્થિત છે. નર્મદા નદીના મધ્ય ઓમકાર પર્વત ઉપર સ્થિત ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ મંદિર હિંદુઓની ચરમ આસ્થાનું કેન્દ્ર છે. અહીં ૐ શબ્દની ઉત્પત્તિ શ્રી બ્રહ્માજીના મુખ દ્વારા થઈ છે. એટલે દરેક ધાર્મિક શાસ્ત્ર કે વેદોના પાઠ ૐ શબ્દ સાથે જ કરવામાં આવે છે. ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ ૐકાર અર્થાત ૐના આકાર ધારણ કરે છે,ઓમકારેશ્વરજ્યોતિ લિંગ એકમાત્ર જ્યોતિર્લિંગ જ્યાં મહાદેવ શયન કરવા આવે છે, શ્રદ્ધાળુઓ ખાસ શયનના દર્શન કરવા આવે છે નામથી ઓળખવા માં આવે છે. ઓમકારેશ્વરની મહિમા નો ઉલ્લેખ પુરાણોમાં સ્કંદ પુરાણ,શિવપુરાણ અને વાયુપુરાણમાં કરવામાં આવે છે. હિંદુઓમાં બધા તીર્થોના દર્શન સાથે જ ઓમકારેશ્વરના દર્શન અને પૂજનનું વિશેષ મહત્ત્વ છે. તીર્થ યાત્રી બધા તીર્થો નું જળ લાવીને ઓમકારેશ્વરમાં અર્પણ કરે છે, ત્યારે જ બધા તીર્થ પૂર્ણ માનવામાં આવે છે. નહીંતર તે અધૂરા જ માનવામાં આવે છે. ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ પરિસર ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ પાંચ માળનું બિલ્ડિંગ છે. જેના પહેલા માળમાં ભગવાન મહાકાળેશ્વરનું મંદિર છે, ત્રીજા માળે સિદ્ધનાથ મહાદેવ અને ચોથા માળમાં ગુપ્તે શ્વર મહાદેવ અને પાંચમા માળે રાજેશ્વર મહાદેવનું મંદિર છે. ઓમકારેશ્વરજ્યોતિર્લિંગમાં અનેક મંદિર નર્મદાના બંને દક્ષિણ અને ઉત્તર તટે સ્થિત છે. સંપૂર્ણ પરિક્રમા માર્ગ મંદિર અને આશ્રમો દ્વારા ઘેરાયેલ છે. અનેક મંદિર સાથે અહીં ઓમકારેશ્વર જ્યોતિ લિંગ નર્મદાજીના દક્ષિણ તટ પર સ્થિત છે. ઓમકારેશ્વર અને અમલેશ્વર બંને શિવલિંગોને ઓમકારેશ્વર જ્યોતિ લિંગ માનવામાં આવે છે.અહીં પર્વતરાજ વિંધ્યએ ઘોર તપસ્યા કરી હતી અને તેમની તપસ્યા પછી તેમણે ભગવાન શિવને પ્રાર્થના કરીને કહ્યું કે તેઓ વિંધ્ય ક્ષેત્રમાં સ્થિર નિવાર કરે. તે પછી ભગવાન શિવજીએ તેમની આ વાતનો સ્વીકાર કર્યો. અહીં એક જ ઓમકારલિંગ બે સ્વરૂપોમાં વહેંચાયેલ છે. આ પ્રકારે પાર્થિવ મૂર્તિમાં જે જ્યોતિ પ્રતિષ્ઠિત થઈ હતી, તેને જ પરમેશ્વર કે અમલે શ્વર જ્યોતિર્લિંગ કહેવાય છે. ભોળાનાથ સાથે અહીં માતા પાર્વતી પણ રહે છે અને રોજ રાતે અહીં ચોસર રમે છે. મહાદેવ ઓમકારેશ્વર જ્યોતિર્લિંગમાં દરરોજ વિશ્રામ કરવા આવે છે ઓમકારેશ્વર મંદિરના પૂજારીના જણાવ્યા પ્રમાણે બાર જ્યોતિ લિંગોમાંથી આ એકમાત્ર જ્યોતિ લિંગ છે જ્યાં મહાદેવ શયન કરવા આવે છે. ભગવાન શિવ દરરોજ ત્રણેય લોકમાં ભ્રમણ કરીને અહીં આવીને આરામ કરે છે. ભક્તગણ તથા તીર્થયાત્રી ખાસ શયન દર્શન માટે અહીં આવે છે. ભોળાનાથ સાથે અહીં માતા પાર્વતી પણ રહે છે અને રોજ રાતે અહીં ચોસર રમે છે. અહીં શયન આરતી પણ કરવામાં આવે છે, શયન આરતી પછી જ્યોતિર્લિંગ સામે રોજ ચોસર સજાવીને મુકવામાં આવે છે. સૌથી આશ્ચર્યજનક વાત એ છેકે રાતે ગર્ભગૃહમાં કોઈપણજઈ શકતું નથી, પરંતુ સવારે જોવામાં આવે તો ચોસરના પાસા ઊંધા જોવા મળે છે, આ ખૂબ જ મોટું રહસ્ય છે જેના અંગે કોઈ જાણતું નથી. ઓમકારેશ્વર મંદિરમાં ભગવાન શિવની ગુપ્ત આરતી કરવામાં આવે છે જ્યાં પૂજારીઓ સિવાય કોઈપણ ગર્ભગૃહમાં જઈ શકતું નથી. પૂજારી ભગવાનશિવનું વિશેષ પૂજન તથા અભિષેક કરે છે. આ શિવાલય નર્મદા નદીના મોંધત - શિવપુરી નામના એક ટાપુ પર આવેલું છે. કહેવાય છેકે આ ટાપુ નો આકાર ૐ જેવો છે. અહીં બે શિવાલય આવેલા છે, ઓમકારે શ્વર (ઓમકારના ભગવાન અને અમરેશ્વર (અમર દેવોના ભગવાન પણ હાશ જ્યોતિલિંગના લૉક અનુસાર, મામલેશ્વર જ્યોતિર્લિંગ છે, જે નર્મદા નદીની પેલે પાર આવેલું છે.ઓમકારેશ્વર જ્યોતિ લિંગ સાથે સંકળાયેલી અમુક દંત કથાઓ છે. તેમાંથી ત્રણ ઘણી પ્રચલિત છે. પ્રથમ કથા એ વિષ્ણુ પર્વત વિષેની છે.એક સમયે નારદ મુનિ બ્રહ્માજીના પુત્ર કે જેઓ પોતાના અખંડ વિશ્વમાં માટે જાણીતા છે તેમણે વિધ્ધ પર્વતની મુલાકાત લીધી. પોતાની તીવ્રપાણી માં તેમણે વિધ્યને મૈરુપર્વતની મહાનતા મેરુ કરતાં મોટાબનવાનો નિર્ણય કર્યો.મેરુ કરતાં મોટાબનવા વિધ્યએ શિવજીની ઉપાસના શરૂ કરી. વિદ્યે શિવના પાર્થિવ લિંગ અને ઓમકારેશ્વરની લગાતાર છ મહિના સુધી પુજા કરી અને કઠોર તપસ્યા કરી. આથી શિવ પ્રસન્ન થયા ભાગ ઓમકારેશ્વર કહેવાયો અને બીજો ભાગ મામલેશ્વર કે અમરેશ્વર કહેવાયો. ભગવાન શિવે વિધ્યને વધવાનું વરદાન તો આપ્યું પણ એ શરત રાખી કે તે ક્યારેય શિવ ભક્તોના માર્ગમાં આડો નહિ આવે.વિધ્ધ વધવાનું રહેલુ કર્યું તેમનું પોતાનું વચન ન પાળ્યું. તે સુધ અને ચંદ્રનો માર્ગ પણ રોક્યો. સર્વ ઋષિ મુનિઓ મદદ માટે અગસ્ત્ય ઋષિ પાસે ગયાં, અગસ્ત્ય મુનિ તેમના પત્ની સાથે વિધ પાસે આવ્યાં અને તેને મનાવી લીધો કે જ્યાં સુધી તેઓ અને તેમના પતિ પાછાં નહીં ફરે ત્યાં સુધી તે વધશે નહીં. તેઓ ફરી પાછાં શ્રીશૈલમમાં સાથી થયાં જેને ત્યારથી દક્ષિણનું કાશી કહેવાય છે અને તે દ્વારા જ્યોતિર્લિંગમાંનું એક છે. એક અન્ય કણા રાજ મંધનને સંબંધિત છે. ભગવાન રામના પૂર્વજ ઈક્ષ્વાકુ કુળનારાજા ગંધાતએ ભગવાન શિવની ઉપાસના કરીને તેમને ત્યાં જ્યોતિ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હોવાનું મનાવ્યાં હતાં. અમુક વિદ્વાનો માને છે કે બંધત રાજાના પુત્રો નિરશ અને મુકુંદ દ્વારા તીવ્ર તપસ્યા કરીને શિવને પ્રસન્ન કરેલ હતાં. આને કારણે તે પર્વતનું નામ નકં પાત પવન પડ્યું છે. એક અન્ય કથા અનુસાર એક સમયે દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું જેમાં દાનવોનો વિજય થયો હતો. દેવો માટે આ ખૂબ જ શરમ જનક વાત હતી. બ્રહ્માણી માતાજી તથા શ્રી આથી તેમણે ભગવાન શિવની આરાધના કે નવાયાં કરી. તેમની આરાધનાના ફળ સ્વરૂપે ભગવાન શિવ ખાતે શ્રાવણ સુદ ચૌદસના દિવસે ઓમકારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા અને દાનવોને પરાસ્ત ર્ક્યાં. આજે રવિવારને શ્રાવણ વદ -૭ શીતળા સાતમનું પર્વ.ભગવાન ભોળાનાથ દેવોના દેવ મહાદેવની ઉપાસના આરાધના અભિષેક એકટાણા સુખડીનું નૈવેદ્ય ધરાવવામાં ઉપવાસ કરતાં કરતાં શ્રાવણ માસના જન્માષ્ટમી તહેવારો શરૂ થયા છે મેઘરાજાની સારી મહેર ભોળાનાથ કરે તેવી પ્રાર્થના હવે સાંભળે તેવું લાગે છે.આગામી સમય શ્રેષ્ઠ બની રહેશે, વિશ્રૃવ વિભૂતિ એવા આપણા વડા પ્રધાન મોદી યુકેનમાં છે ત્યારે રશિયા યુકેન વચ્ચેનું યુધ્ધ શાંત થાય, સર્વભવંતુ સુખીન ...બસ એ ભાવના સાથે બધા શાંતિથી જીવે. સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના. અસ્તુ.

### ઓરીએ કહ્યું કે લોકો માને છે કે તે એક્ટિંગ કરી શકે છે

# ૬૦ સેકન્ડની રીલ બનાવવામાં ૮ કલાક

ઈન્ટરનેટ સ્ટાર ઓરીએ અભિનયની શરૂઆત કરી છે. દિગ્દર્શક અને નિર્માતા કરણ જોહરને કારણે આ બન્યું છે. વાસ્તવમાં ઓરીએ કરણ સાથે એક જાહેરાતમાં કામ કર્યું છે. હવે તેણે એક ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી છે. ઓરીએ કહ્યું કે લોકો માને છે કે તે એક્ટિંગ કરી શકે છે, પરંતુ આ સાચું નથી. તેને પોતાના પર ગર્વ છે કે તે લાંબો પ્રવાસ કરીને અહીં સુધી પહોંચ્યો છે. ઓરીએ તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં કરણ જોહર સાથે કામ કરવાની તક વિશે વાત કરી છે. તેણે કહ્યું, 'કરણ જોહર અને હું મિત્રો છીએ, અમે પાર્ટીઓમાં વાત કરીએ છીએ અને મળીએ છીએ. અમે અહીં અને ત્યાં વાત કરી છે અને અમારું બોન્ડ સારું છે. પરંતુ જ્યારે કેમેરાની સામે કરણ જોહરના મિત્ર બનવાની વાત આવે છે, ત્યારે મિત્રતાનો કોઈ અર્થ નથી કારણ કે અમે કેમેરાની સામે મિત્રો નથી. કરણ ઈન્ડસ્ટ્રીમાં સિનિયર છે. તે છે કરણ જોહર. તેણે ઘણી બધી વસ્તુઓ હાંસલ કરી છે, હું સેટ પર તેની સાથે મિત્રતા ન કરી શકું. આ વિશે વધુ વાત કરતાં ઓરીએ કહ્યું, 'તેથી જ્યારે સેટની વાત આવે છે, ત્યારે હું કરણ જોહર પ્રત્યે ખૂબ જ પ્રોફેશનલ છું, કારણ કે તેને માન આપવાની આ મારી રીત છે. ભલે અમારું બંધન ઑફ કૅમેરા અને ઑફ સેટ જેવું હોય, હું સેટ પર જઈશ નહીં અને ઓહ અમે મિત્રો છીએ એવું વર્તન નહીં કરીશ. કારણ કે કરણ જોહરનો સમય મહત્વનો છે. આ એક વર્ક સેટઅપ છે. તે એક અનુભવી અભિનેતા છે. તે અનુભવી દિગ્દર્શક છે. અનુભવી નિર્માતા છે. તેણે શું કર્યું છે તે મારે તમને કહેવાની પણ જરૂર નથી. અને કરણ બે સેકન્ડમાં ટેક્સ્ટ આપી રહ્યો હતો. અને હું એક્ટર નથી. લોકો વિચારે છે કે ઓહ ઓરી અભિનય કરી શકે છે. પરંતુ ના, તે કરી શકતો નથી. હું ૨૪મી સપ્ટેમ્બરે વિડિયોમાં મારું એક વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યો છું. મેં મારી પહેલી રીલ શૂટ કરી ત્યારથી આ એક વર્ષની વર્ષગાંઠ છે. તે ૬૦ સેકન્ડની રીલ બનાવવામાં મને ૮ કલાક લાગ્યા અને જુઓ કે હું કેટલો દૂર આવ્યો છું. ઓરીએ કરણ જોહર સાથે રિયલ લાઈફ બોન્ડ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું, 'અમારી જુગલબંધી અદ્ભુત લાગે છે. એવું લાગે છે કે આપણે ખરેખર વાત કરી રહ્યા છીએ.



### ઐતિહાસિક તથ્યો અને પાત્રો સાથે ચેડાં થયાં હોવાનો આક્ષેપ

# કંગનાની 'ઈમરજન્સી' પર પ્રતિબંધ મૂકવા શીખ સંગઠનોએ માંગણી કરી


લોકસભામાં સાંસદ બન્યા પછી કંગના રણોતની પહેલી ફિલ્મ ઈમરજન્સી રિલીઝ થવાની તૈયારીમાં છે. કંગનાએ લોકસભા ચૂંટણીના પગલે ફિલ્મની રિલીઝ અટકાવી હતી, પરંતુ હવે તેણે ફિલ્મનું પ્રમોશન શરૂ કરી દીધું છે. કંગનાની 'ઈમરજન્સી'નું ટ્રેલર લોન્ચ થતાં જ વિવાદની શરૂઆત થઈ ગઈ છે. અકાલ તખ્ત અને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી જેવી શીખ સંસ્થાઓએ કંગનાની આ ફિલ્મ સામે વાંધો ઊઠાવ્યો. શીખ સમાજને ખોટી રીતે રજૂ કરાયો હોવાથી તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી થઈ છે. શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટીના વડા હરજિન્દરસિંગ ધામીએ કહ્યું હતું કે, ફિલ્મમાં ઈરાદાપૂર્વક શીખોને ખરાબ ચીતરવામાં આવ્યા છે. શીખ સમાજમાં જરનૈલસિંગ ભિંદરાનવાલેને શહિદ ગણવામાં આવે છે, જ્યારે આ ફિલ્મમાં તેમના ચારિર્ત્યનું હનન કરાયું છે. અકાલ તખ્તના વડા ગ્યાની રઘબીરસિંહના મતે આ ફિલ્મમાં શીખોને અલગાવવાદી ગણાવાયા છે અને ઈતિહાસમાં તેમની ભૂમિકાને ખરાબ ચીતરવામાં આવી છે. એક ષડયંત્રના ભાગરૂપે શીખોના બલિદાનને ભૂલાવી તેમને ખોટી રીતે રજૂ કરાયા છે. કંગનાની 'ઈમરજન્સી'માં ભારત દેશમાં કટોકટી લદાઈ તે સમયની વાત છે. ફિલ્મમાં કંગનાએ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીનો રોલ કર્યો છે. ફિલ્મમાં ઈન્દિરા ગાંધીની રાજકીય સફર અને તેમની સમક્ષ આવેલાં પડકારો રજૂ કરાયા છે. આ ફિલ્મમાં કંગનાની સાથે અનુપમ ખેર, મહિમા ચૌધરી, મિલિન્દ સોમણ, શ્રેયસ તલપડે, વિશાક નાયર અને સતીષ કૌશિક મહત્ત્વના રોલમાં છે. 'ઈમરજન્સી' ૬ સપ્ટેમ્બરે વર્લ્ડવાઈડ રિલીઝ થવાની છે.






### આલિયા ભટ્ટએ પણ ઓગસ્ટથી કામ શરૂ કરી દીધું છે

# રિતિક રોશન પણ આલિયા ભટ્ટ અને શર્વરીની 'આલ્ફા' બ્રિગેડમાં જોડાશે



યશરાજ ફિલ્મ સ્ટુડિયોની સ્પાય યુનિવર્સની થ્રિલર ફિલ્મ 'આલ્ફા' માટે શર્વરી અને આલિયાએ શૂટિંગ શરૂ કરી દીધું છે. આલિયાએ ઓગસ્ટથી આ કામ શરૂ કર્યુ છે. હવે એવા પણ અહેવાલો આવી રહ્યા છે કે રિતિક રોશન વાયઆરએફ ફ્રેન્ચાઈઝીમાં એજન્ટ કબીરનો રોલ કરી રહ્યો છે, તે પણ આ ફિલ્મમાં જોડાશે. ફિલ્મ સાથે જડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, આલિયા, શર્વરી અને રિતિક આવતા અઠવાડિયાથી કાશ્મીરમાં શૂટ કરશે. "૨૪ ઓગસ્ટથી આલિયા અને શર્વરી કાશ્મીરમાં શૂટ કરશે. ટીમે ઘણી બારીકાઈપૂર્વક એક્શન સિક્વન્સ શૂટ કરવાનું આયોજન કર્યું છે. એવી પણ શક્યતા છે કે રિતિક પણ એક કેમિયો માટે તેમની સાથે શૂટ કરશે. પહેલી મહત્વની એક્શન સીક્વન્સમાં શર્વરીનું પાત્ર બૉબી દેઓલના પાત્ર સાથે લડતું દેખાશે, જે જોવું એક લ્હાવો હશે." કેયશરાજ ફિલ્મ સ્ટુડિયોની સ્પાય યુનિવર્સની થ્રિલર ફિલ્મ 'આલ્ફા' માટે શર્વરી અને આલિયાએ શૂટિંગ શરૂ કરી દીધું છે આ પહેલાં એવી પણ ચર્ચાઓ ચાલી હતી કે રિતિક રોશનનું પાત્ર આ ફિલ્મમાં આલિયાના મેન્ટર તરીકે જોવા મળશે. આ અગાઉ એક સૂત્ર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે 'આલ્ફા' માટે ઓગસ્ટમાં કાશ્મીરમાં શૂટ કરવામાં આવશે, જે સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા સુધી ચાલશે. "મુંબઈમાં શૂટ પૂરું થઈ ગયા પછી આગળના શૂટ માટે ટીમ કાશ્મીર જશે. ત્યાં ટૂંકું શિડ્યુલ છે. જે ઓગસ્ટના છેલ્લા અઠવાડિયાથી સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા સુધી જ હશે." આ ફિલ્મ આદિત્ય ચોપ્રા પ્રોડ્યુસ કરે છે અને શિવ રવેલ ડિરેક્ટ કરે છે.




### સંતાનને ગુમાવ્યા બાદ ન્યાય માટે સંઘર્ષ કરતી કરીના જોવા મળશે

# બકિંગહામ મર્ડર્સમાં ડિટેક્ટિવની થ્રિલર સ્ટોરી

કરીના કપૂરની ફિલ્મ 'બકિંગહામ મર્ડર્સ'નું ટીઝર લોંચ થઈ ચૂક્યું છે, જે એક જકડી રાખે તી થ્રિલર ફિલ્મની ઝલક આપે છે. હંસલ મહેતાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં કરીના કપૂર એક એવી પીડિત માનો રોલ કરે છે, જે ડિટેક્ટિવ બનવા મજબૂર થઈ જાય છે. કરીનાને જે દર્શકો બોલિવૂડની ટિપીકલ મસાલા ફિલ્મ્સમાં હીરોઈન તરીકે જોવા ટેવાયેલાં છે, તેના માટે કરીનાને આ પ્રકારના ડાર્ક અને ગંભીર રોલમાં જોવી એ વાતે જ ફૅન્સમાં ભારે ઉત્સુકતા જગાવી છે. આ પહેલાં પણ તેનાં ફૅન્સ 'જાને જાં'માં થોડા ડાર્ક રોલમાં જોઈ ચૂક્યા છે, જેમાં તે એક એબ્યુઝિવ મેરેજમાંથી બહાર નીકળવા માટે અને આ જ માહોલમાંથી પોતાની દિકરીને બચાવવા માટે મજબૂરીમાં પોતાના પતિનું મર્ડર કરે છે. તેમાં તેણે જયદીપ અહલાવત અને વિજય વર્મા જેવા ઉમદા કલાકારો સાથે કામ કર્યુ છે. હવે ફરી આ ફિલ્મમાં કરીના એક માતાના થોડા અલગ અને થોડા વધુ ગંભીર રોલમાં જોવા મળશે. ટીઝર આપણને 'બકિંગહામ મર્ડર્સ'ની દુનિયાનો પરિચય કરાવે છે. જેમાં પોતાનાં બાળકને ગુમાવવાથી કરીનાના પાત્રનું જીવન કરુણ સ્થિતિમાં આવતું દેખાય છે. પાત્રની ન્યાય મેળવવા માટેની લડત સાથે ફિલ્મની સ્ટોરી શરૂ થાય છે. તેને મળેલી પીડા અને દુઃખનો અંત લાવવા તે એક ડિટેક્ટિવનું સ્વરૂપ ધારણ કરે છે. પોતાના ભૂતકાળને પાછળ છોડીને એવા સત્યની શોધમાં નીકળે છે, જેણે તેની પાસેથી લગભગ બધું જ છીનવી લીધું છે. આ ટીઝર જેમ આગળ વધે છે, તેમ કરીનાનું પાત્ર જેમ જેમ સત્યની નજીક પહોંચે છે તેમ તેમ તેની લાગણીઓ સામે તે વધુ ને વધુ સંઘર્ષ કરતી દેખાય છે. બકિંગહામ શહેરમાં આકાર લેતી આ વાર્તામાં એર જોખમી અને અનિશ્ચિતતાઓ ભરેલાં એક ઠંડાગાર શહેરમાં એક માની સત્યના મૂળ સુધી પહોંચવાની અથાગ મહેનત અને સંઘર્ષગાથા છે. સસ્પેન્સ અને થ્રિલરથી ભરપૂર આ ફિલ્મમાં અનેક ટ્વિસ્ટ છે. કરીના કપૂર તેની કારકિર્દીમાં પહેલી વખત આટલો ગંભીર રોલ કરી રહી છે. કરીના કપૂરે ઘણાં વૈવિધ્યસભર રોલ કર્યા છે, તેમાં આ રોલ તેને અભિનયના વધુ ડાર્ક અને પડકારરૂપ પાસા તરફ આગળ વધવાની તક આપે છે. ફિલ્મના ડિરેક્ટર હંસલ મહેતા પણ કલાકારો પાસે ઉત્તમ અભિનય કરાવવા માટે જાણીતા છે. આ ફિલ્મ પહેલાં બીએફઆઈ લંડન ફિલ્મ ફેસ્ટિવલ તેમજ મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં સ્ક્રીન થઈ ચૂકી છે.




# શાહરૂખની સમજદારી આમિરે અપનાવી, સાઉથની મદદથી એક્ટિંગમાં કમબેક

**'પઠાણ' અને 'જવાન'ની સફળતાનું પુનરાવર્તન કરવાના ઈરાદે ડાયરેક્ટર લોકેશ કનગરાજ સાથે મળી આયોજન કર્યું, આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલસિંગ ચડ્ડા'આવી**

બોલિવૂડમાં મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે ઓળખાતા આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલસિંગ ચડ્ડા' આવી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે પીટાઈ ગઈ હતી. નિષ્ફળતાના આઘાતમાંથી બહાર નીકળવા માટે આમિરે લાંબો બ્રેક લીધો હતો. પછી આમિરે ફિલ્મો પ્રોડ્યુસ કરવામાં પોતાનું બધું જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને તે હાલ પ્રોડ્યુસર તરીકે વ્યસ્ત છે. તેનાં પ્રોડક્શનની આગામી ફિલ્મ 'સિતારેં ઝમીં પર' આ ડિસેમ્બરમાં રિલીઝ થશે. હવે આમિર ફરી પ્રોડ્યુસ કરવા માટે કોઈ સારી સ્ટોરીની શોધમાં છે, સાથે જ તે એક્ટિંગ માટે પણ સારી સ્ક્રિપ્ટની રાહ જોઈ રહ્યો છે. શાહરૂખ ખાને ૨૦૧૮માં ઝીરોની નિષ્ફળતા પછી લાંબો બ્રેક લીધો હતો. પાંચ વર્ષે શાહરૂખની બે ફિલ્મ રિલીઝ થઈ હતી. શાહરૂખે ઓડિયન્સની બદલાયેલી પસંદગી અને ટ્રેન્ડને સ્વીકારી સાઉથના ડાયરેક્ટર્સ સાથે ફિલ્મો કરી હતી. ડાયરેક્ટર એટલી સાથેની'જવાન'અને સિદ્ધાર્થ આનંદ સાથેની 'પઠાણ' બ્લોકબસ્ટર રહી હતી. આ બંને ફિલ્મોએ રૂ.૧૦૦૦ કરોડના કલેક્શનનો નવો માઈલસ્ટોન સેટ કર્યો હતો. શાહરૂખની કરિયરને ફરીથી બેઠી કરવામાં સાઉથની સ્કિલ કામ લાગી હોવાથી બોલિવૂડના ટોચના એક્ટર્સ સાઉથના ડિરેક્ટર્સ સાથે કામ કરવા તલપાપડ થયા છે. સાઉથની ફિલ્મોથી સફળ થયેલા 'બાહુબલિ' પ્રભાસને થોડા સમય માટે બોલિવૂડ માટે મોહ જાગ્યો હતો. જો કે બોલિવૂડમાં પ્રભાસે કરેલી ફિલ્મો નિષ્ફળ રહેતા પ્રભાસે ફરી સાઉથના ડાયરેક્ટર-પ્રોડ્યુસર્સ તરફ નજર દોડાવી. જેના કારણે તેની છેલ્લી બંને ફિલ્મ-કલ્કિ અને સાલાર-હિટ રહી હતી. સાઉથની ટેલેન્ટનો યોગ્ય ઉપયોગ કરીને સફળતા શોધી રહેલા બોલિવૂડ સ્ટાર્સની યાદીમાં આમિર ખાનનું નામ પણ જોડાઈ શકે છે. આમિર સાઉથના ડાયરેક્ટર લોકેશ કનગરાજ સાથે એક્શન ફિલ્મ માટે ચર્ચામાં હોવાની અટકળો ચાલી રહી છે. લોકેશ આ પહેલાં 'ખૈદી', 'વિક્રમ એન્ડ લિઓ' જેવી ફિલ્મો આપી ચૂક્યા છે. સાઉથની ફિલ્મોનું જાણીતું પ્રોડક્શન હાઉસ મૈત્રી મુવીઝ આ ફિલ્મ પ્રોડ્યુસ કરવા સહમત થયું છે અને આવતા વર્ષે આ ફિલ્મની જાહેરાત થવાની શક્યતા છે. ફિલ્મની સ્ટોરી અથવા આમિર ખાનના કેરેક્ટર્સ અંગે ખાસ વિગતો બહાર આવી નથી, પરંતુ આમિર ખાન એક્ટિંગમાં કમબેક કરવાના પ્રયાસને અસરકારક બનાવવા માગે છે. શાહરૂખ જેવી જ સફળતાનું પુનરાવર્તન કરવા માટે આમિરે બોલિવૂડના જૂના સાથીદારો તરફ નજર દોડાવવાના બદલે સાઉથની ટેલેન્ટ પર ભરોસો મૂકવાનું વિચાર્યુ છે. આમિર અને લોકેશ વચ્ચે ફિલ્મની સ્ટોરી અંગે વાતચીત થઈ ગઈ છે અને આમિરને પોતાનું કેરેક્ટર પસંદ આવ્યું હોવાનું કહેવાય છે. આમિર ખાન હાલ પોતાના પ્રોડક્શન હાઉસની ફિલ્મોમાં વ્યસ્ત છે. સાથે દીકરા જુનૈદની કરિયરને પાટે ચડાવવાના પ્રયાસ પણ કરી રહ્યા છે. આમ, આમિર પાસે હાથ પર ઘણાં કામ છે. ડાયરેક્ટર લોકેશ કનગરાજ પણ મોટા બજેટની ફિલ્મ શરૂ કરીને બેઠા છે. તેઓ સુપરસ્ટાર રજનીકાંતની 'કૂલી' ડિરેક્ટ કરવામાં વ્યસ્ત છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે. તેથી લોકેશ અને આમિર પોત-પોતાના જૂના કમિટમેન્ટ્સ પૂરા કર્યા પછી આગામી પ્રોજેક્ટ માટે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરે તેવી શક્યતા છે.



# ઓલિમ્પિક મેડલ વિજેતા ઈમાન ખલીફાને ટેકો આપવા બદલ તાપસી પન્નુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ!

**બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુ નિર્ભયપણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે જાણીતી છે**

બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુ નિર્ભયપણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે જાણીતી છે. તાપસી એવા કલાકારોમાંથી એક છે જે રાજકીય અને સામાજિક ઘટનાઓ અંગે અભિપ્રાય ધરાવે છે. હવે તાપસીએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં થયેલા એક વિવાદ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે, જેના માટે તે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહી છે. તાપસીએ ઓલિમ્પિક દરમિયાન ચર્ચામાં આવેલી અલ્જેરિયાની બોક્સર ઈમાન ખલીફ અને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગને લઈને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. ઈમાનને સપોર્ટ કરતી વખતે તાપસીએ તેની ફિલ્મ 'રશ્મિ રોકેટ'નો પણ ઉલ્લેખ કર્યો હતો. પરંતુ તાપસીના નિવેદનના કારણે તે હવે ટ્રોલના નિશાના પર આવી ગઈ છે. આવો તમને જણાવીએ શું છે સમગ્ર મામલો... ઈન્ટરવ્યુમાં કહ્યું, 'મેં આ વિષય પર એક ફિલ્મ કરી છે. મેં 'રશ્મિ રોકેટ' નામની ફિલ્મ કરી હતી. તે એક મહિલા એથ્લેટ વિશે હતું જેના પર ટેસ્ટોસ્ટેરોનના ઉચ્ચ સ્તરને કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મેં આવી ભૂમિકા ભજવી હતી અને અમે અમારો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. મને મળેલી ફિલ્મોની સુંદરતા એ છે કે મારી ફિલ્મો એવા મુદ્દાઓ વિશે પણ વાત કરે છે જેમાં હું અંગત રીતે માનું છું, તેમના વિશે કોઈ બહારનું નિવેદન કર્યા વિના. 'રશ્મિ રોકેટ'માં તેના પાત્ર વિશે વાત કરતી વખતે, તાપસીએ વિશ્વાસના મુદ્દા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેણે આગળ કહ્યું, 'મારા હોર્મોન્સ કેવા છે તે મારા નિયંત્રણમાં નથી. એવું નથી કે મેં કોઈ સપ્લિમેન્ટ્સ લીધાં છે, એવું નથી કે મેં કોઈ હૉર્મોન ઈન્જેક્શન લીધાં છે, એવું નથી કે હું આ રીતે જન્મ્યો હતો. ફિલ્મમાં અમારો દૃષ્ટિકોણ એ હતો કે એવા ઘણા એથ્લેટ્સ છે જે અન્ય એથ્લેટ્સ કરતાં જૈવિક લાભ સાથે જન્મે છે. આ પછી, તાપસીએ યુસૈન બોલ્ટ અને માઈકલ ફેલ્પ્સનું નામ લીધું, જેમણે ઘણા ઓલિમ્પિક મેડલ જીત્યા છે, જેમને તેમની શારીરિક રચનાને કારણે અન્ય એથ્લેટ્સની તુલનામાં સ્પર્ધામાં ફાયદો મળ્યો છે. તાપસીએ કહ્યું, 'આ બધા લોકો બાકીના લોકો કરતાં જૈવિક ફાયદા સાથે જન્મે છે, તો શા માટે તે બધા પર પ્રતિબંધ નથી, શા માટે ફક્ત તે જ લોકો પર શા માટે છે જેમના ટેસ્ટોસ્ટેરોનનું પ્રમાણ વધારે છે? જો તેણીએ (ઈમાન) આ સ્પર્ધા માટે ઈન્જેક્શન અથવા હોર્મોન્સ લીધા હોય તો તે ગેરકાયદેસર છે અને તેના માટે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ. પરંતુ એવું નથી, તેથી આ એક એવી વસ્તુ છે.





# રમખાણોના પગલે ઈબ્રાહિમ અલીનું શૂટિંગ કેન્સલ

**સૈફ અલી ખાનનો દીકરો અને સારા અલીનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે**



સૈફ અલી ખાનનો દીકરો અને સારા અલીનો ભાઈ ઈબ્રાહિમ અલી ખાન બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તેની આગામી ફિલ્મનું શૂટિંગ યુકેમાં થવાનું હતું. જો કે યુનાઈટેડ કિંગડમમાં રમખાણોના પગલે શૂટિંગ મુલતવી રખાયુ હોવાનું જાણવા મળ્યું છે. ઈબ્રાહિમ અલી ખાન દિનેશ વિજાનની ફિલ્મ દિલેરનું શૂટિંગ કરી રહ્યો છે. તેના કેટલાક સીન્સ લંડનમાં પણ શૂટ કરવાના હતા. શૂટિંગનું આયોજન થયું ત્યારે યુકેમાં સ્થિતિ શાંત હતી. જો કે સાઉથપોર્ટમાં ત્રણ છોકરીઓની હત્યા બાદ સ્થિતિ વણસી છે. યુકેમાં છોકરીઓને છરીના ઘા મરાયા બાદ ઈમિગ્રન્ટ્સમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને દેખાવો ઉપરાંત રમખામણો શરૂ થયા છે. યુકેની સરકાર અને પોલીસ રમખાણો પર કાબૂ મેળવવા પ્રયાસ કરી રહ્યાં છે, પરંતુ ઈમિગ્રન્ટ્સ અને સ્થાનિકો વચ્ચેનું ઘર્ષણ રોકાતું નથી. યુકેની સ્થિતિને પારખી 'દિલેર'નું શૂટિંગ મોકૂફ રાખવામાં આવ્યું છે. ટીમની સલામતીને પ્રાથમિકતા આપવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. લંડનના બદલે હવે મુંબઈમાં જ કોઈ લોકેશન પસંદ કરવા કવાયત ચાલી રહી છે. ફિલ્મના ડાયરેક્ટર કુણાલ દેશમુખે કેટલાક સીન્સ લંડનમાં શૂટ કરવાનું વિચાર્યુ હતું. લોકેશન ફાઈનલ થઈ ગયા હતા. શૂટિંગ શરૂ કરતાં પહેલાં જુલાઈના છેલ્લા દિવસોમાં ટીમે લંડનની મુલાકાત લીધી હતી. જો કે લંડનમાં રમખાણોના પગલે લંડનમાં શૂટિંગનો પ્લાન પડતો મૂકાયો છે. તેના બદલે સપ્ટેમ્બર મહિનાથી મુંબઈના જ કોઈ લોકેશન પર શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે.



# અમદાવાદ સહિત અનેક જિલ્લામાં મેઘમહેર, નદીઓમાં પૂર, ડેમ છલકાયાં

## અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, દહેગામ, ખેડા, દાંતા, અમરેલી, નર્મદા અને છોટા ઉદેપુરમાં વરસાદ

। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી ભારે-થી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, દહેગામ, ખેડા, દાંતા, અમરેલી, નર્મદા અને છોટા ઉદેપુરમાં વરસાદ ખાબક્યો હતો. ધારી નજીક આવેલો શેત્રુંજી નદીમાં પૂર આવતા ફરીવાર ધારી ખોડિયાર ડેમ ઓવર ફ્લો થયો છે. જેના કારણે અમરેલી અને ભાવનગર જિલ્લાના ગામડાઓને એલર્ટ કરાયા છે. અમદાવાદ શહેરમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જામ્યો છે. શહેરના રાણીપ, વાડજ, ઘાટલોડિયા, ચાંદલોડિયા ચાણક્ય પુરી, નરોડા, કુબેરનગર, એરપોર્ટ, કોતરપુર, મેમ્કો, સૈજપુર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે વરસાદના લીધે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા. અમદાવાદ શહેરમાં આજે (૨૩મી ઑગસ્ટ) સવારે ૧૧થી ૧૨:૩૦ દરમિયાન સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૩૪ મિ.મી. વરસાદ પડ્યો હતો અને સમગ્ર શહેરમાં સરેરાશ ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ચાંદખેડામાં ૪૭ મિ.મી. અને વાસણામાં ૪૪ મિ.મી વરસાદ પડ્યો હતો. અમરેલી જિલ્લાના બગસરા,ધારી,ખાંભા પંથકમાં વરસાદ વરસ્યો છે. બોરાળા, ચકરાવા, ભૂંડણી, મોટા બારમણ ગામમાં વરસાદ વરસ્યો છે. ધારી નજીક આવેલો શેત્રુંજી



નદીમાં પૂર આવતા ફરીવાર ધારી ખોડિયાર ડેમ ઓવર ફ્લો થતા બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા છે. જેને લઈને અમરેલી જિલ્લામાં ૩૪ ગામડા અને ભાવનગર જિલ્લાના ૧૨ ગામડાને તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું છે. બીજી તરફ દહેગામ, સાબરકાંઠા, દાંતા, નર્મદા, છોટાઉદેપુર જિલ્લામાં આજે (૨૩મી ઑગસ્ટ) વહેલી સવારથી વરસાદી માહોલ સર્જાયો છે. સારા વરસાદથી ખેડૂતમો ખુશી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે (૨૩મી ઑગસ્ટ) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળી, પોલીસને પડકાર ફેંકતા નસેડીઓ

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૨૪ ।

ગુજરાત ભલે ડ્રાય સ્ટેટ કહેવાતું હોય પરંતુ સૌથી વધારે અહીં જ દારૂ પકડાયાના સમાચારો સામે આવતા હોય છે. ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળતી હોય એવા અનેક દશ્યો આપણને જોવા મળતા હોય છે. લોકોને જાણે કાયદાનો ડર જ ન રહ્યો એમ બેફામ અને બેરોક થઈને લોકો જાહેરમાં પણ દારૂ પીતા અચકાતા નથી. આવા જ દશ્યો રાજ-કોટ અને સંઘ પ્રદેશ દમણમાંથી સામે આવી રહ્યાં છે. દેશી દારૂ પીને જાહેરમાં તમાશો કરતા આ યુવકો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યુ છે. રાજકોટ જાણે દેશી દારૂનું હબ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. શહેરના રેસકોર્સ મેદાન પાસે બાળકોના બગીચામાં દારૂની મહેફિલનો વિડીયો આવ્યો છે. જેમાં બે યુવાનો ખુલ્લેઆમ દારૂની મહેફિલ માણતા નજરે પ ડી રહ્યાં છે. બે યુવાનો બગીચાની વચ્ચે આવેલા ઝૂલા પર ચઢીને ધોળા દિવસે કાયદાનો ડર રાખ્યા વિના દારૂ પી રહ્યાં છે. આજુ બાજુમાં બાળકો રમતા હોવા છતાં કોઈ પણ દરકાર કર્યા વગર તે લોકો મહેફિલ માણી રહ્યાં છે. ત્યારે સવાલ એ થાય છે કે, પોલીસ શું કરી રહી છે? આ વાયરલ વીડિયો મામલે રાજ-કોટ શહેર પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ સંઘ પ્રદેશ દમણમાંથી પણ આવો જ પણ બીભત્સ કહી શકાય એવો વિડીયો સામે આવ્યો છે. અહીં ભલે દારૂની ભલે છૂટ આપ વામાં આવી હોય પરંતુ શોલે ફિલ્મ જેવા દશ્યો સામે આવ્યા છે. એક નશેડી નિર્વસ્ત્ર થઈ મોલની છત પર ચઢી ડ્રામા કરી પોતાના જીવને જોખમમાં મૂક્યો હતો. નશાની હાલતમાં યુવકે દમણના ડાભેલમાં એક જાણીતા મોલના ચોથા માળ પર ચઢી એક કલાક સુધી ડ્રામા કર્યો હતો.

# રાજકોટના લોકોની સાતમ આઠમ બગડે તેવા એંધાણ, લોકમેળાને લઈને આવ્યા મોટા સમાચાર

## કાયદાકીય પ્રક્રિયાના કારણે રાજકોટમાં યોજાનાર મેળો નિર્ધારિત તારીખ કરતાં મોડો શરૂ થાય તેવા સંકેત છે

। (માહિતી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં યોજાનારા વાર્ષિક લોકમેળા સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી છે. કોર્ટે જણાવ્યું કે લોકમેળામાં જાહેર સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખવું અત્યંત આવશ્યક છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે મેળાના આયોજન માટે નિયમ પ્રમાણે અરજી કરવી જરૂરી છે. અરજદારે તમામ આવશ્યક ઔપ ચારિકતાઓ પૂર્ણ કરીને સંબંધિત પોલીસ કમિશનર સમક્ષ અરજી રજૂ કરવી જોઈએ.

કોર્ટે સરકારી વકીલને પણ સૂચના આપી કે, "જો તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને અરજી કરવામાં આવે, તો તેને નકારવાની જરૂર નથી." આ ટિપ્પણી દર્શાવે છે કે યોગ્ય પ્રક્રિયા અનુસરવામાં આવે તો મેળાની મંજૂરી મળવી જોઈએ. હાલમાં, કોર્ટે આ મામલે રજૂ થયેલી અરજી પડતર રાખી છે અને આગામી સુનાવણી ૨૭ ઓગસ્ટના રોજ નિયત કરી છે. આ કારણે ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનારા લોકમેળામાં વિલંબ થવાની શક્યતા છે. આ કાયદા-કીય પ્રક્રિયાના કારણે મેળો નિર્ધારિત તારીખ કરતાં મોડો શરૂ થાય તેવા સંકેત છે.

નોંધનીય છે કે, વર્ષોથી રાજકોટ રેસકોર્ષ ગ્રા-ઉન્ડમાં શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીના અવસરે લોકમેળો યોજાય છે. રાજકોટના લોકમેળાનું ચાલુ વર્ષે ધરોહર નામ અપાયું છે. વર્ષોથી રાઈડ્સ રાખનારાઓએ હરાજીમાં ભાગ ન લીધો. જોકે ખાનગી મેળા ધારકે ૧ કરોડ ૨૭ લાખમાં ૩૧ પ્લોટ ખરીદ્યા હતાં. ચાલુ વર્ષે અગાઉના વર્ષો કરતા ઓછી રાઈડ્સ અને સ્ટોલ સાથે મેળો યોજાશે. ૨૪થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનારા લોકમેળામાં દર વર્ષે પાંચ દિવસમાં ૧૫ લાખથી વધુ લોકો સૌર-ાષ્ટ્રભરમાંથી ઉમટી પડતા હોય છે.

આ વખતે પ્રથમ વખત લોકમેળામાં રાઈડોનો NDT રિપોર્ટ, ફાઉન્ડેશન અને ફિટનેસ સર્ટિફિકેટ સહિતના નિયમોનું પાલન કરાવાશે. બીજી તરફ લોકમેળામાં પીજીવીસીએલ તરફથી અંડર ગ્રાઉન્ડ કેબલિંગ કરવામાં આવશે. આ સાથે જ દરેક સ્ટોલ ઉપર સીસીટીવી અને અગ્નિશામક યંત્રો ફરજિયાત બનાવવામાં આવ્યા છે. ભીડને કંટ્રોલ કરવા માટે ડ્રોનથી મોનિટરિંગ કરવામાં આવશે. તેમજ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ વધારવામાં આવ્યા છે.

આ પહેલા રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૨૪ થી ૨૮મી ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીમાં યોજાનારા લોકમેળામાં એક સાથે તમામ મોટી રાઈડસની ખરીદી કરતા વિરેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે લોકો ગ્રીનલેન્ડ ચોકડી અને નાનામવા સર્કલ પાસે ખાનગી મેળાનું આયોજન કરીએ છીએ. જોકે આ વખતે રાજ્ય સરકારની કડક ગાઈડ લાઈનના કારણે કોઈએ હરાજીમાં ભાગ ન લેતા ખાનગી મેળા સંચાલકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેથી અમે યાંત્રિક રાઈડસની હરાજીમાં ભાગ લીધો હતો.જેમાં ૩૧ મોટી રાઈડસની પ્રાઈઝ રૂ. ૧.૧૮ કરોડ હતી. જોકે બોલી લગાવતા ૧.૨૭ કરોડમાં ૩૧ પ્લોટ મળ્યા છે. આ વખતે પ્રથમ વખત રેસકોર્સ મેદાનમા લોકમેળામાં રાઈડસ રાખશું અને દ્રઢ્ઢ રિપોર્ટ, ફાઉન્ડેશન અને ફિટનેસ સર્ટિફિકેટ સહિતના નિયમોનું પાલન કરશું. આ પહેલા રાજ-કોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૨૪ થી ૨૮મી ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીમાં યોજાનારા લોકમેળામાં એક સાથે તમામ મોટી રાઈડસની ખરીદી કરતા વિરેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે લોકો ગ્રીનલેન્ડ ચોકડી અને નાનામવા સર્કલ પાસે ખાનગી મેળાનું આયોજન કરીએ છીએ. જોકે આ વખતે રાજ્ય સરકારની કડક ગાઈડ લાઈનના કારણે કોઈએ હરાજીમાં ભાગ ન લેતા ખાનગી મેળા સંચાલકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેથી અમે યાંત્રિક રાઈડસની હરાજીમાં ભાગ લીધો હતો. જેમાં ૩૧ મોટી રાઈડસની પ્રાઈઝ રૂ. ૧.૧૮ કર-ોડ હતી. જોકે બોલી લગાવતા ૧.૨૭ કરોડમાં ૩૧ પ્લોટ મળ્યા છે. આ વખતે પ્રથમ વખત રેસકોર્સ મેદાનમા લોકમેળામાં રાઈડસ રાખશું અને NDT રિપોર્ટ, ફાઉન્ડેશન અને ફિટનેસ સર્ટિફિકેટ સહિતના નિયમોનું પાલન કરશું.

# રાજકોટમાં બેફામ કાર ચલાવવાનો વધુ એક વિડીયો વાયરલ થયો

। (માહિતી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં દોઢસો ફૂટ રીંગ રોડ પરની એક ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. જેમાં નબી રાઓ ક્રેઝી ડ્રાઈવિંગ કરી રહ્યા છે. ધનાઢ્ય નબી રાઓ બીઆરટીએસ ના રૂટ પર રેસ લગાવતા હોય તેમ સ્કોર્પિય અને મહિન્દ્રા કાર બેફામ રીતે હંકારી રહ્યા છે. ધનાઢય ઘરના નબીર-ાઓ બીઆરટીએસ રૂટ પર કારની રેસ લગાવી બીજા લોકોને હેરાન કરી રહ્યા છે. બસની રાહ જોતા મુસાફરો આવા નબીરાઓના કારણે અકસ્માતનો ભોગ બનતા હોય છે. આવા નબીરાઓના ગાંડા શોખના કારણે નિર્દોષ લોકો મોત અથવા ગંભીર ઈજા પામતા હોય છે. વાયરલ થયેલ આ વીડિયો પોલીસની કામ ગીરી પર સવાલ ઉઠાવે છે. જો કે રાજકોટમાં રીંગ રોડ પર બેફામ કાર હંકાવનાર આ નબીરાઓનો વીડિયો સામે આવ્યા બાદ પોલીસ સીસીટીવીના આધારે નબીરાઓને ઝડપી લેવા શોધખોળ હાથ ધરી. નોંધનીય છે કે રાજ્યમાં અકસ્માતો નિવારવા સરકાર પ્રયાસ કરી રહી હોવાના દાવા કરાય છે. પરંતુ આ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે.

એકબાજુ ટ્રાફિને લઈને નિયમો કડક બનાવવામાં આવી રહ્યા છે. ટૂ -વ્હીલર ચલાવનાર ચાલકો હેલ્મેટ ના પહેરતા મોટો દંડ વસૂલવામાં આવે છે. ત્યારે ફોર વ્હીલર ચલાવનાર નબીરાઓ નિયમો નેવે મૂકીને ડ્રાઈવિંગનો ગાંડપણનો શોખ પૂરો કરવા બસના રૂટમાં ગાડી ચલાવા લાગ્યા છે. આવા નબીરાઓ પર કયારે લાગશે લગામ? રાજ્યમાં શું વધુ એક તથ્યકાંડની રાહ જોવાઈ રહી છે. સરકાર નબીરાઓની વગ સામે લાચાર બને છે તો શું આ ઘરના લોકો પોતાના સંતાનોને વારસમાં આવી સોગાત આપશે ?

# ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે પસાર, રાજ્યમાં હાલ ૧૦૮ યુનિવર્સીટી કાર્યરત




। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૪ ।

શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના વિધાર્થીઓની ઉચ્ચ અભ્યાસની જરૂરિયાત પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યની ખાનગી યુનિવર્સીટીના નામ,સ્થાન તથા અધિકાર ક્ષેત્રમાં ફેરફાર જેવી બાબતોમાં સુધારો લાગુ કરવાની વહીવટી પ્રક્રિયા સરળ બનાવાઈ છે. વિધાનસભા સત્રમાં ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક રજૂ કરતાં મંત્રી પાનસેરીયાએ જણાવ્યું હતું કે, આ સુધારા વિધેયક લાગુ થવાથી યુનિવર્સીટીના નામ તથા સ્થાન ફેરફાર કરવા જેવી બાબતોમાં સુધારો કરવા માટે વિધાનસભામાં લાવવાની જરૂર નહિ રહે. ભૂતકાળમાં ગુજરાતમાં યુનિવર્સીટીઓ મર્યાદિત હોવાથી ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે જવું પડતું હતું. પરંતુ હાલ ગુજરાતમાં ૧૦૮ યુનિવર્સિટી-ઓ કાર્યરત છે જેમાં માત્ર ગુજરાતના વિદ્યાર્થીઓ નહીં પરંતુ અન્ય રાજ્ય અને દેશના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ અર્થે ગુજરાતમાં આવે છે. મંત્રી પાનસેરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક ,૨૦૦૯માં સુધારો કરવા આ કાયદાને ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક, ૨૦૨૪ તરીકે રજૂ કરવામાં આવેલ છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક , ૨૦૦૯ "પ્રિન્સીપાલ એક્ટ"ના સેક્શન ૧૦માં રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિની કોઈ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફાર કરી શકશે. તેવી સુધારા જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. મંત્રી પાનસેરીયાએ ઉમેર્યું હતું કે, શિક્ષણ પ્રણાલીમાં ટેક્નિકલક્ષેત્રે થયેલા સુધારા, કૌશલ્ય આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત નવા ક્ષેત્રોમાં કુશળ માનવબળની જરૂરિયાત, દેશ અને વિશ્વની અર્થવ્યવસ્થામાં આવેલા બદલાવ જેવા કારણોસર વિદ્યાર્થીઓના હિતમાં નોંધપાત્ર ફેરફાર થઈ રહ્યા છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લા ૨૦ વર્ષમાં અન્ય રાજ્યોની સરખામણીમાં શિક્ષણની ગુણવત્તાને ઉત્તમ બનાવવા અનેક સુધારાઓ કરાયા છે. તેમજ શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ નવી ટેકનીકલ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગુજરાતમાં એન્જિનિયરિંગ અને મેડીકલના વિદ્યાર્થીઓની સંખ્યા વિશે વાત કરતાં તેમણે કહ્યું હતુ કે, ગુજરાતમાં મેડીકલ અને પેરામેડીકલમાં ૨,૦૭,૩૦૨ વિદ્યાર્થીઓ તથા ટેકનિકલ ક્ષેત્રમાં ૩,૯૧,૨૧૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં નવ મેડીકલ કોલેજો કાર્યરત હતી.

# સાળંગપુર હનુમાનજી મંદિરમાં મૂકાયું વિશેષ પ્રકારનું ATM, રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી

। (પ્રતિનિધી) બોટાદ, તા.૨૪ ।

સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર પર વિશેષ પ્રકારનું એટીએમ મશીન મુકવામાં આવ્યું છે. જેમાં ૧૦ રૂપિયાનો સિક્કો નાખવાથી કાપડની થેલી નીકળે છે. સાળંગપુર આવતા શ્રદ્ધાળુઓ પ્રસાદ લઈને આ કાપડની થેળીનો ઉપયોગ કરી રહ્યા છે. જન જાગૃતિ લાવવા માટે રાજ્યના પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ મશીન મુકવામાં આવ્યું છે. ગુજરાતને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં અને લોકોમાં પ્લાસ્ટિકના ઉપયોગ અંગે જનજાગૃતિ લાવવા માટે રાજ્યના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે, રાજ્યના મહત્વના મંદિરો પર વિશેષ એટીએમ મશીન મુકવામાં આવ્યા છે. જેમાંથી કાપડની થેલી મેળવી શકાય છે. તે સિવાય રાજ્યના સાત મુખ્ય મંદિરો પર આ રીતના એટીએમ મશીન મુકવામાં આવ્યા છે.

# રાજ્યની ગાંધીનગર ખાતે આવેલ વિધાનસભાની કેન્ટીન વિવાદમાં આવી

। (પ્રતિનિધી) ગાંધીનગર, તા.૨૪ ।

રાજ્યની ગાંધીનગર ખાતે આવેલ વિધાનસભાની કેન્ટીન વિવાદમાં આવી છે. વિધાસભાની અમૂલ કેન્ટીન (છદ્વૈક્ષ ઝક્રહીીહ)માં બનાવાતા ભોજન ની ગુણવત્તા પર સવાલ ઉઠી રહ્યા છે. વિધાનસભાની કેન્ટીનમાં ભોજનમાં જમવામાં વાળ નીકળતા હોબાળો મચ્યો છે. જો રાજ્યના નેતાઓ જ દૂષિત ભોજનના ભોગ બની રહ્યા હોય તો પછી સામાન્ય નાગરિકોને કેવું ભોજન મળશે તેના પર હંગામો મચી જવા પામ્યો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યની વિધાનસભામાં ધારાસભ્યો માટે ભોજન અને નાસ્તાની સુવિધા માટે કેન્ટીન ઉપલબ્ધ છે. અમુલની કેન્ટીનમાં વિવિધ પ્રકારના પકવાન અને ભોજન બનતા હોય છે. પરંતુ છેલ્લા બે દિવસથી અમુલ કેન્ટીનની ભોજનની ગુણવત્તા કથળી હોવાના કિસ્સા બન્યા છે. ગઈકાલે અમુલ કેન્ટીનમાં પુલાવની ડિસમાંથી વાળ નીકળ્યો હતો. અને હવે આજે તુરંત બીજા જ દિવસે વધુ એક નાસ્તામાંથી બિનઆરોગ્યપ્રદ વસ્તુ નીકળી. આજે અમુલ કેન્ટીનમાંથી સેવ ખમણીની ડીસમા-થી વાળ નીકળ્યો. વિધાનસભાની કેન્ટીનમાંથી સતત બે દિવસ બિનઆરોગ્યપ્રદ વસ્તુ નીકળતા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય મામલે સવાલો ઉઠી રહ્યા છે. બે દિવસના આ કિસ્સા પરથી અમુલ કેન્ટીનના મુખ્ય આયોજક પ્રત્યે ધારસભ્યો અને તેમના સ્ટાફ રોષે ભરાયો છે. આ મામલે યોગ્ય પગલા લેવા પણ અપીલ કરવામાં આવી છે. રાજ્યમાં એકબાજુ ચોમાસાની સિઝન છે ત્યારે સરકાર ચાંદીપુરા ચેપગ્રસ્ત વાયરસથી દૂર રહેવા લોકોને સ્વચ્છતાનો આગ્રહ કરતી અપીલ કરી રહી છે.

# મુંબઈ થી હૈદરાબાદ જઈ રહેલ હેલિકોપ્ટર ક્રેશ થયું

। (પ્રતિનિધી) પૂણે, તા.૨૪ ।

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં હેલીકોપ્ટર ક્રેશ થવાની ઘટના સામે આવી છે. પુણેમાં હાલ ઝડપી પવન સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ખરાબ વાતાવરણના કારણે આ ઘટના ઘટી હોવાનું અંદાજ લગાવવામાં આવી રહ્યુ છે. હેલીકોપ્ટરમાં ચાર લોકો સવાર હોવાની માહિતી મળી છે. જેમાં એકની હાલત ગંભીર છે જ્યારે અન્ય ત્રણ લોકો સુરક્ષિત છે.

ઘટનાના સંબંધમાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે, 'પુણેના પૌડ ગામ નજીક પ્રાઈવેટ એવિએશન કંપનીનું હેલીકોપ્ટર ક્રેશ થયું છે, આ હેલીકોપ્ટર મુંબઈથી હેદરાબાદ જઈ રહ્યું હતું અને તેમાં ચાર લોકો સવાર હતા.

આ ઘટનાના એક પ્રત્યક્ષદર્શીએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે, 'જ્યારે આ ઘટના બની ત્યારે હું નજીક જ હતો. મેં જોયું કે એક હેલીકોપ્ટર નીચે પડી રહ્યો છે, જ્યારે તે નીચે પડ્યો ત્યારે હું તેની પાસે ગયો. મેં પાયલોટ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ તે વાત કરવાની સ્થિતિમાં નહોતો. તે ગભરાઈ ગયો હતો અને લોકોને કહી રહ્યો હતો કે અહીંથી હટી જાઓ, હેલીકોપ્ટર બ્લાસ્ટ થઈ શકે છે.'

પ્રત્યક્ષદર્શીએ વધુમાં જણાવ્યું કે, 'જે સ્થળે આ ઘટના બની છે, તે ખૂબ જ નાની જગ્યા છે. ત્યાં જવું ઘણું મુશ્કેલ છે. અહીં બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે, મને લાગે છે કે કદાચ આ જ કારણસર આ ભયંકર ઘટના બની છે. મને બ્લડ પ્રેશરની સમસ્યા છે અને આ દુર્ઘટના જોઈ હું ખૂબ જ ડરી ગયો હતો અને ત્યાંથી તરત ભાગી ગયો હતો.'

હેલીકોપ્ટર AW ૧૩૯ અને પાયલોટની વિગતો સામે આવી છે. આ હેલીકોપ્ટર ગ્લોબલ વેક્ટ્રા કંપનીનું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જ્તા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. જીવનસાથી તમારી સંભાળ લેશે. થોડા ઘણાં સંઘર્ષ છતાં, આજે તમારૂ પ્રેમ જીવન સારૂ રહેશે અને તમે તમારા જીવનસાથીને ખુશ રાખવામાં સમર્થ હશો.



### તુલા (ર,ત) :

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. કાર્યક્ષેત્ર માં પ્રેમ પ્રસંગ થી બચો નહીંતર બદનામી થયી શકે છે. જો તમે કોઈ ની જોડે સંકળાવા માંગતા હો તો ઓફિસથી અંતર રાખીનેજ એમની જોડે વાત કરો.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.



### મકર (ખ,જ) :

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે.

## તેલુગુ સ્ટાર નાગાર્જુનના કન્વેન્શન સેન્ટર પર ચાલ્યું બુલડોઝર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

તેલુગુ સ્ટાર નાગાર્જુન અક્કીનેની ફિલ્મો સિવાય અન્ય બાબતોને લઈને પણ ચર્ચામાં રહે છે. હવે નાગાર્જુન પર મુશ્કેલીના વાદળો ઘેરાઈ રહ્યા છે. આ દિવસોમાં નાગાર્જુન ઊઁરૂઢઈછ દ્વારા દ્ર કન્વેન્શન સેન્ટરને તોડી પાડવા માટે ચર્ચામાં છે.

આરોપ છે કે, આ કન્વેન્શન સેન્ટર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યું છે. હૈદરાબાદમાં ૧૦ એકરમાં ફેલાયેલી તેમની આ મિલકત પર બુલડોઝર ફરી વળ્યું છે, જેને લઈને અભિનેતાએ પોતાનું દુઃખ પણ વ્યક્ત કર્યું છે. નાગાર્જુન અક્કીનેનીને દક્ષિણ સિનેમાના મહાન અભિનેતા માનવામાં આવે છે. તાજેતરમાં દક્ષિણ સિનેમાના મોટા અભિનેતા નાગાર્જુન એક્કીનેનીએ તેમના પુત્ર નાગા ચૈતન્યની સગાઈના સારા સમાચાર શેર કર્યા હતા. નાગા ચૈતન્યની સગાઈ શોભિતા ધૂલીપ ાલા સાથે થઈ છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પ્રોપર્ટી પ્રોટેક્શન એજન્સીએ શુક્રવારે નાગાર્જુનમાં એન કન્વેન્શન સેન્ટર પર બુલડોઝર ચલાવ્યું હતું. અહેવાલો અનુસાર, આરોપ છે કે જાહેર જમીન પર ગેરકાયદે બાંધકામ દ્વારા કન્વેન્શન સેન્ટર બનાવવામાં આવ્યું છે. ફરિયાદમાં કહેવાયું છે કે, તળાવની બાજુમાં આવેલી સાડા ત્રણ એકર જમીન પર કબજો કરીને આ સેન્ટર બનાવવામાં આવ્યું છે. આ પછી હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (ઊઁરૂઢઈછ)ના અધિકારીઓએ તપાસ શરૂ કરી અને હવે અભિનેતાએ આ ઘટના પર પોતાનો પક્ષ રજૂ કર્યો છે.

નાગાર્જુને પ્રોપર્ટી પર ચાલતા બુલડોઝર અંગે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કર્યું છે કે, ''કન્વેન્શન સેન્ટરના નિર્માણ માટે કોઈપણ રીતે કોઈ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું નથી. જે જમીન પર આ સેન્ટર બનાવવામાં આવ્યું છે તે જમીન ભાડે લીધેલી છે અને તેના માટે કોઈ ભાગ તોડવામાં આવ્યો નથી. આ ઈમારત ખાનગી જમીન પર બનેલી છે અને કોર્ટે આ ઈમારત પર સ્ટે ઓર્ડર જારી કર્યો છે જેના માટે અગાઉ ડિમોલિશન નોટિસ જારી કરવામાં આવી હતી.'' આ ઈમારત ખાનગી જમીન પર બનેલી છે અને કોર્ટે આ ઈમારત પર સ્ટે ઓર્ડર જારી કર્યો છે જેના માટે અગાઉ ડિમોલિશન નોટિસ જારી કરવામાં આવી હતી.''

### ગુમનામીના અંધારામાં ધકેલાઈ ગયો

## બુમરાહના કારણે શાનદાર ખેલાડીનું કરિયર થયું ખલ્લાસ

**ટીમ ઈન્ડિયાના સ્વિંગ કિંગ રહી ચૂકેલો ફાસ્ટ બોલર બરિન્દર સરન છેલ્લા ૮ વર્ષથી ટીમ ઈન્ડિયાથી બહાર છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ટીમ ઈન્ડિયાનો એક બોલર એવો પણ હતો જેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આવતાની સાથે જ ધમાલ મચાવી હતી. આ બોલરની સ્વિંગ પાકિસ્તાનના મહાન બોલર વસીમ અક્રમ જેવી જ ખતરનાક છે. પરંતુ ૮ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો અને હવે તો જાણે આ ખેલાડીને ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ ભૂલી જ ગયા છે.

આ ખતરનાક ફાસ્ટ બોલર ૮ વર્ષ પ હેલા સુધી ભારતની વનડે અને ટી૨૦ ટીમનો મહત્વનો ભાગ હતો. પરંતુ હવે આ ખેલાડીના ઈન્ટરનેશનલ ક્રિકેટર કરિયર પર જાણે પૂર્ણવિરામ આવી ગયું હોય તેવું છે. બુમરાહની ઝળહળતી કારકિર્દીએ આ ખેલાડીની કરિયરને હાંસિયામાં ધકેલી દીધી હોય તેવું છે અને ત્યારબાદ હવે આ ખેલાડી લગભગ ગુમનામીના અંધારામાં ધકેલાઈ ગયો છે.

ટીમ ઈન્ડિયાના 'સ્વિંગ કિંગ' રહી ચૂકેલો ફાસ્ટ બોલર બરિન્દર સરન છેલ્લા ૮ વર્ષથી ટીમ ઈન્ડિયાથી બહાર છે. સિલેક્ટર્સે આ ખેલાડીને દૂધમાંથી માખીની જેમ બહાર ફેંકી દીધો હતો. બરિન્દર સરન પોતાની છેલ્લી



ઈન્ટરનેશનલ મેચ ૨૨ જૂન ૨૦૧૬ના રોજ રમ્યો હતો. બરિન્દર સરન છેલ્લી વખત ઝિમ્બાબ્વે વિરુદ્ધ ટી૨૦ સીરિઝ રમતો જોવા મળ્યો હતો. આ સિરીઝ બાદ બરિન્દર સરનની કરયર લગભગ ખતમ થઈ ગઈ.

ઝહીર ખાન અને આશીષ નહેરાના સન્યાસ લીધા બાદથી ભારતીય ટીમ એક સારા ડાબોડી ફાસ્ટ બોલરની શોધમાં હતી. બરિન્દર સરને થોડી આશા જગાવી હતી પ રંતુ તે લાંબી રેસનો ઘોડો સાબિત થયો નહીં.

બરિન્દર સરને પોતાની કરિયરમાં ૬ વનડે અને ૨ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. બરિન્દર સરને વનડેમં ૭ જ્યારે ટી૨૦ ઈન્ટરનેશનલમાં કુલ ૬ વિકેટ લીધી છે. વર્ષ ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન જ્યારે જસપ્રીત બુમરાહે ભારત માટે વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું તો બરિન્દર સરનની કરિયરનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું.

જસપ્રીત બુમરાહ સમયની સાથે સફળતાની સિડીઓ ચડવા લાગ્યો અને બરિન્દર સરન ટીમ ઈન્ડિયામાંથી બહાર થઈ ગયો. બરિન્દર સરન હજુ ફક્ત ૩૧ વર્ષનો જ છે. પરંતુ ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ તેને કોઈ ભાવ આપતા નથી. બરિન્દર સરને વર્ષ ૨૦૧૬માં ટીમ ઈન્ડિયા માટે વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું હતું. બરિન્દર સરન છેલ્લીવાર ક્રિકેટના મેદાન પર ફેબ્રુઆરી ૨૦૨૧માં જોવા મળ્યો હતો અને ત્યારે તેણે વિજય હજારે ટ્રોફીની ગ્રુપ બી મેચમાં પંજાબનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તથા મધ્ય પ્રદેશ વિરુદ્ધ એક વિકેટ લીધી હતી. બરિન્દર સરન એક ખેડૂત પુત્ર છે. દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે એકવાર બરિન્દર સરન માટે ટ્વિટ કર્યું હતું. યુવરાજે લખ્યું હતુ કે મને આ યુવા ઝહીરની યાદ અપાવે છે. તથા મધ્ય પ્રદેશ વિરુદ્ધ એક વિકેટ લીધી હતી. બરિન્દર સરન એક ખેડૂત પુત્ર છે. દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહે એકવાર બરિન્દર સરન માટે ટ્વિટ કર્યું હતું. યુવરાજે લખ્યું હતુ કે મને આ યુવા ઝહીરની યાદ અપાવે છે.

### આવી હિંમત ભાગ્યે જ કોઈ ક્રિકેટર કરી શકે

## ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનું કારણ શિખર ધવને સ્પષ્ટ કર્યું

**પૂર્વ બેટ્સમેન શિખર ધવને કહ્યું કે તે હવે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામથી દૂર રહેવા માંગે છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

૩૮ વર્ષના ક્રિકેટર શિખર ધવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. ૨૪ ઓગસ્ટે સવારે તેણે આ અંગેની જાહેરાત કરી દીધી હતી. હવે ભારતીય ક્રિકેટ ટીમમાં આવ્યા પછી ગબ્બરના નામથી જાણીતો બનેલો શિખર હવે માત્ર ઁ- જ રમતો જોવા મળશે. ચાહકો તેને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં જોઈ શકશે. શિખરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો છે કે તેણે નિવૃત્તિની જાહેરાત કેમ કરી. શિખરે કહ્યું કે તે હવે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામથી દૂર રહેવા માંગે છે. શિખર ધવનને ટીમમાં એન્ટ્રી ન મળવાથી તે દોઢ વર્ષથી બહાર બેઠો હતો. ધવને કહ્યું, ''એવું નથી કે આ મારા માટે મુશ્કેલ નિર્ણય છે. હું લાગણીશીલ પણ નથી. મને રડવાનું મન થતું નથી અને હું



ઈચ્છતો પણ નથી. પરંતુ તે કૃતજ્ઞતા અને પ્રેમ છે. હું ખૂબ જ ખુશ છું કે મેં મારા જીવનનો મોટાભાગનો સમય ક્રિકેટમાં વિતાવ્યો છે અને મને લાગે છે કે હું હવે એવા તબક્કે પહોંચી ગયો છું જ્યાં હું આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને મેચો અને આરામ કરવા માંગુ છું.

ધવને વધુમાં કહ્યું, ''મારું ટેસ્ટ ડેબ્યૂ મારી સૌથી ફેવરિટ છે. હું ટીમમાં આવ્યો અને તે રેકોર્ડ બનાવ્યો. મેં ૧૮૭ રન બનાવ્યા હતા. હું હંમેશા ભારત માટે રમવાનું અને વર્લ્ડ રેકોર્ડ બનાવવાનું સપનું જોતો હતો. મને વર્લ્ડ રેકોર્ડ વિશે પણ ખબર નહોતી. હું ટેસ્ટ ટીમમાં મારું સ્થાન નિશ્ચિત કરીને ખુશ હતો.''

### ગુજરાતની એક મહિલાનું મોત

## સુંધા માતાના મંદિરે આભ ફાટ્યું : ૫ પ્રવાસી તણાયા

**દર્શન માટે જતાં શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યા, પરંતુ ભારે વરસાદને કારણે તમામ લોકો સલામત સ્થળ શોધી રહ્યા છે.**

। (એજન્સી) જયપુર, તા.૨૪ ।

ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે ગુજરાત અને રાજસ્થાનમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં મેઘમહેર થઈ હતી. આ દરમિયાન રાજસ્થાનથી એક ભયાનક વીડિયો સામે આવ્યો છે. અહીં પર્વતીય વિસ્તારોમાં આવેલા પ્રસિદ્ધ સુંધા માતાના મંદિરે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. જેના લીધે જાણે કોઈ મોટો ધોધ વહેતો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પર્વત પરથી વહેતા ધોધમાં ૫ પ્રવાસીઓ તણાયા હતાં તથા માતાના દર્શને આવેલી એક મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે ત્રણ પર્યટકોને પોલીસે આજુબાજુના લોકોની મદદથી બહાર કાઢ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિની હજુ પણ શોધખોળ ચાલુ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુંધા માતાના દર્શને આવેલા પર્યટકોમાં ચાર લોકો ભારે વરસાદને કારણે પર્વત પર ફસાયા છે. જ્યારે મંદિરના પગથિયા પર પાણીના પ્રચંડ પ્રવાહ વચ્ચે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે પર્વત પરથી વહેતા ધોધમાં ૫ પ્રવાસીઓ તણાયા



હતાં તથા માતાના દર્શને આવેલી એક મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે ત્રણ પર્યટકોને પોલીસે આજુબાજુના લોકોની મદદથી બહાર કાઢ્યા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિની હજુ પણ શોધખોળ ચાલુ છે. હાલમાં દર્શન માટે જતાં શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યાં છે. જાલોર જિલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ અને પોલીસ ઘટના સ્થળે પહોંચ્યાં છે. જણાવી દઈએ કે, રાજસ્થાનના જાલોરના જસવંતપુરા પાસે આવેલી સુંધા માતા ટેકરી પર ભારે વરસાદ પડી રહ્યો છે. સવારથી પડી રહેલા વરસાદમાં ત્યાં આવેલા પર્વતીય ઝરણાઓ પૂરઝડપે વહી રહ્યાં છે. જેને લઈને સુંધા માતા તીર્થસ્થાન તરફ જતી સીડીઓ પર પાણીનો ધોધ વહેતો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, ટેકરી પર આવેલા મંદિરની સામેના રસ્તાઓ પર ૩ ફૂટ સુધી પાણી વહી રહ્યું છે. આ ભયાનક સ્થિતિને લઈને તીર્થયાત્રીઓ અને પ્રવાસીઓ સલામત સ્થળે પહોંચી રહ્યા છે. જણાવી દઈએ કે, રાજસ્થાનના જાલોરમાં એકમાત્ર પ હાડી પર્યટન અને તીર્થસ્થળ આવેલું છે. આથી મોટી સંખ્યામાં અહીં પ્રવાસીઓ અને ભક્તો દર્શન માટે આવી રહ્યા છે. પ રંતુ ભારે વરસાદને કારણે તમામ લોકો સલામત સ્થળ શોધી રહ્યા છે. જોકે, કોઈ મોટી નુકસાનીના હાલ સમાચાર મળી રહ્યા નથી, પરંતુ દર્શન માટે ગયેલી ગુજરાતની એક મહિલા પાણીમાં તણાઈ હતી.

### કંટાળેલા પતિએ પત્નીને પતાવી દીધી

## ખાલી ૧૬ ફોલોઅર્સ છતાં આખો દિવસ રીલ બનાવતી હતી પત્ની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આજના સમયમાં યુવાન હોય કે બાળક, મોટા હોય કે વડીલ સૌ કોઈ ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોવાનું અને બનાવવાનું પસંદ કરતા હોય છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં રીલ્સને લઈને લોકોમાં એક અલગ જ દીવાનગી જોવા મળી રહી છે. કર્ણાટકના શહેર ઉડુપીમાં રહેતી એક મહિલાને પણ રીલ બનાવવાનો ખૂબ શોખ હતો. જોકે તેની પાસે ફક્ત ૧૬ ફોલોઅર્સ જ હતા, પણ તેમ છતાં તે સવાર-સાંજ, આખો દિવસ રીલ જ બનાવતી રહેતી હતી. આ વાતથી નારાજ થયેલા પ તિએ ગુસ્સામાં આવીને પત્નીનું મર્ડર કરી નાખ્યું.




હવે પોલીસે આરોપી પતિની ધરપ કડ કરી લીધી છે. મૃતક મહિલાની ઓળખાણ જયશ્રી તરીકે થઈ છે. તેના પતિનું નામ કિરણ ઉપાધ્યાય છે. તપાસ દરમ્યાન જાણવા મળ્યું છે કે, મહિલા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેતી હતી. રીલ બનાવતી વખતે તેના પતિને વધારે ખોટું લાગતું હતું. જેવી રીતે સવાર-સાંજ, રાત-દિવસ પત્ની રીલ બનાવવાના ચક્કરમાં પડી રહેતી, તેને લઈને બંને વચ્ચે ઝઘડા થવા લાગ્યા. ગુરુવાર રાતે પણ બંને વચ્ચે ઝઘડો થયો. પોલીસના જણાવ્યા અનુસાર, ઝઘડો વધી જતાં પતિએ પત્ની સાથે મારપીટ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં આ કેસને દબાવવા માટે પ તિએ પોતાની ઘાયલ પત્નીને ઉડુપીમાં આવેલ બ્રહ્મવારની એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો. તેણે જણાવ્યું કે, ''ઘરની છત પરથી પડી જવાથી પત્ની ઘાયલ થઈ ગઈ.'' બાદમાં તેને આગળ સારવાર માટે ઉડુપીની અઝ્ઝારાકાડુની સરકારી હોસ્પિટલમાં લઈ ગયો. કહેવાય છે કે, આ દરમ્યાન પત્નીને મૃત જાહેર કરવામાં આવી.

## ક્રિકેટર કે એલ રાહુલે પોતાની પત્ની સાથે ઓકશનનું આયોજન કર્યું

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

ટીમ ઈન્ડિયાના સ્ટાર કે એલ રાહુલે પોતાની પ ત્ની સાથે હાલમાં જ 'ક્રિકેટ ફોર ચેરિટી' ઓક્શનનું આયોજન કર્યું હતું. તેનો હેતુ વંચિત બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાના વિપલા ફાઉન્ડેશનના મિશનને સમર્થન આપવાનો હતો. મુંબઈ ખાતે યોજવામાં આવેલ આ ઓક્શનમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત ઈન્ટરનેશનલ ક્રિકેટના ઘણા મોટા નામોએ આ ઉમદા હેતુ માટે પોતાની અમૂલ્ય યાદગાર વસ્તુઓનું દાન કર્યું હતું. તેમાં સૌથી મોંઘી બોલી કિંગ કોહલીની જર્સીની લાગી હતી જે રોહિત શર્મા અને એમ એસ ધોનીની બેટ કરતા પણ મોંઘી વેચાઈ. વિરાટ કોહલીની જર્સીને ૪૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવી. ઓક્શનમાં કુલ ૧.૯૩ કરોડની રકમ એકત્ર કરવામાં આવી હતી. વિરાટ કોહલીનું યોગદાન માત્ર તેની જર્સી પૂરતું જ મર્યાદિત ન હતું તેના ગ્લવ્સ પણ ખૂબ જ આકર્ષક રહ્યા હતા, જે ૨૮ લાખ રૂપિયામાં વેચાયા. આ ઉપરાંત રોહિત શર્માની બેટ પણ એક શાનદાર વસ્તુ હતી.

### યુક્રેનમાંથી પીએમ મોદીએ સ્પષ્ટ મેસેજ આપી દીધો

## યુદ્ધમાં ભારત ક્યારેય ન્યુટ્રલ નથી રહ્યું, હંમેશા શાંતિનું પક્ષધર રહ્યું

। (એજન્સી) કિવ, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કીવમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમિર ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. ઝેલેન્સ્કી સાથે વાતચીત દરમિયાન મોદીએ કહ્યું કે, ''યુદ્ધમાં ભારતનો પક્ષ ક્યારેય ન્યુટ્રલ નહોતો, પરંતુ તે હંમેશા શાંતિના પક્ષમાં રહે છે.'' યુક્રેની રાષ્ટ્રપતિ સાથે વાતચીતમાં પીએમ મોદીએ સંઘર્ષને ઉકેલવા માટે વાતચીત અને કૂટનીતિ પર ભાર આપ્યો. તેઓએ રશિયા-યુક્રેન યુદ્ધમાં ભારતની સ્થિતિને લઈને કહ્યું કે, ''યુદ્ધ અને હિંસા સમસ્યાનું સમાધાન નથી અને વિસ્તારમાં સ્થિરતા નક્કી કરવા માટે વાતચીત અને કુટનીતિ એકમાત્ર માર્ગ છે.''ઁસ્એ કહ્યું કે, ભારત શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસમાં સક્રિય ભૂમિકા નિભાવશે.



વડાપ્રધાન મોદીએ યુક્રેની રાષ્ટ્રપતિના સત્તાવાર આવાસ મેરિન્સ્કી પેલેસમાં રાષ્ટ્રપ તિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. ઝેલેન્સ્કી સાથે મુલાકાત પછી મોદીએ કહ્યું, ''યુદ્ધની ભયંકરતાથી દુઃખ થાય છે. યુદ્ધ બાળકો માટે વિનાશકારી છે.'' વડાપ્રધાને કહ્યું કે, ભારત અને યૂક્રેન માટે આજનો દિવસ ઐતિહાસિક છે. તેઓએ કહ્યું કે, ''યુદ્ધથી સમસ્યાનું સમાધાન નથી થતુ.

# વિશેષ

### ઈન્ડિયન ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીની USને અપીલ

## ભારતમાં વિઝાનો વેઈટિંગ પીરિયડ ઘટાડવાની અપીલ

। (માહિતી) વોશિંગ્ટન, તા.૨૪ ।

અમેરિકાના વિઝા માટેનો લાંબો વેઈટિંગ પ ીરિયડ ભારતીયો માટે અકળાવનારો હોય છે. અમેરિકા પણ આ વાતથી સારી રીતે માહિતગાર છે અને તે પણ પ્રયાસ કરી રહ્યું છે કે આ વેઈટિંગ પીરિયડમાં ઝડપથી ઘટાડો થાય. શુક્રવારે નવી દિલ્હીમાં બંને દેશોની ટૂરિઝમ અને હોસ્પિટાલિટી સમિટમાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રાવેલ કરવાના પડકારો અંગે ચર્ચા થઈ હતી. ભારત અને યુએસ વચ્ચે ટ્રાવેલિંગમાં આવતો સૌથી મોટો પ ડકાર વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ છે અને તે અંગે આ સમિટમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત બંને દેશો વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટની સંખ્યા પણ મર્યાદિત છે અને આ મુદ્દાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. યુએસના વિઝિટર વિઝા એપોઈન્ટમેન્ટનો વેઈટિંગ પીરિયડ ૨૦૨૧ના અંતે ૯૯૯ દિવસની ઊંચી સપાટીથી ઘટી ગયો છે પરંતુ તેમ છતાં ભારતમાં આ વેઈટિંગ પીરિયડ એક વર્ષ જેટલો છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ વેબસાઈટ પર ભારતના કયા શહેરમાં કેટલા દિવસનો વેઈટિંગ પીરિયડ છે તે દર્શાવે છે. જેમાં શુક્રવારે આ વેબસાઈટ પર ચેન્નાઈમાં મ્૧/મ્૨ વિઝા ઈન્ટરવ્યૂ




માટે ૪૫૯ દિવસનો વેઈટિંગ પીરિયડ હતો. જ્યારે મુંબઈમાં ૪૫૦, હૈદરાબાદમાં ૪૦૭, કોલકાતામાં ૩૮૧ અને દિલ્હીમાં ૩૭૯ દિવસનો વેઈટિંગ પ ીરિયડ હતો. જોકે, ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીએ યુએસને આ વેઈટિંગ પીરિયડ હજી પણ ઓછો કરવા માટે વિનંતી કરી છે.

યુનિયન ટૂરિઝમ મિનિસ્ટ્રીના અધિક સચિવ સુમન બિલ્લાએ જણાવ્યું હતું કે, ''ટ્રાવેલર્સની સંખ્યા સારી હોવા છતાં, આપણે ભારત અને યુએસ વચ્ચેના ટૂરિઝમ પરિપ્રેક્ષ્યમાં આપણી પાસે રહેલી સંભવિતતાનો લાભ ઉઠાવ્યો નથી. જે રીતે ભારતીય અર્થવ્યવસ્થા વધી રહી છે તે જોતાં અહીંથી આઉટબાઉન્ડ ટૂરીઝમ વધતું જ રહેશે. તેમણે યુએસ વિઝા પ્રક્રિયાને સરળ બનાવવા માટે પણ હાકલ કરી હતી, જે ૧૦ વર્ષ માટે જારી કરવામાં આવતા હોવા છતાં ''મુશ્કેલ અને કંટાળાજનક'' છે. જ્યારે યુએસ એમ્બેસી મિનિસ્ટર ફોર કોમર્શિયલ અફેર્સના કાઉન્સેલર જોનાથન એમ હેઈમરે જણાવ્યું હતું કે વિઝા અરજી પ્રક્રિયાની ગતિમાં વધારો થયો છે જેના કારણે રેકોર્ડ સંખ્યામાં વિઝા આપવામાં આવ્યા છે. એપ્લિકેશન પ્રક્રિયા માટે બેકએન્ડ પર અમે વધુ કે ઓછા સમાન સંસાધનો સાથે ૬૦ ટકા વધુ વિઝા પ્રોસેસ કરવામાં સક્ષમ છીએ અને અમે છેલ્લા વર્ષમાં ૧૧ લાખથી વધુ વિઝા જારી કર્યા છે, જે અમારા માટે એક રેકોર્ડ છે અને તે આ સંખ્યામાં વધારો કરવાનું ચાલુ રાખવામાં આવશે.

અમેરિકન કેરિયર્સ સહિત વેસ્ટર્ન એરલાઈન્સ યુક્રેન યુદ્ધના કારણે રશિયન એરસ્પેસને ઓવરફ્લાઈંગ કરી રહી નથી. આ કારણે તેમના દ્વારા નોનસ્ટોપ માટેના ભારતના રૂટ લાંબા થઈ ગયા છે.

પરિણામે યુનાઈટેડ અને અમેરિકનની દિલ્હી અને ન્યૂયોર્ક વચ્ચે માત્ર એક જ દૈનિક ફ્લાઈટ છે. જ્યારે રશિયાને ઓવરફ્લાય કરી રહેલી ભારતની સૌથી મોટી એરલાઈન એર ઈન્ડિયા દિલ્હી, મુંબઈ અને બેંગ્લોરથી ન્યૂયોર્ક, નેવાર્ક, વોશિંગ્ટન, શિકાગો અને સાન ફ્રાન્સિસ્કો જેવા સ્થળો વચ્ચે ૫૧ વીકલી ડાયરેક્ટ ફ્લાઈટ્સ સાથે ભારત અને યુએસ વચ્ચે નોનસ્ટોપનું સૌથી મોટું ઓપરેટર છે.

જ્યારે વેસ્ટર્ન એરલાઈન્સ દ્વારા રશિયન એરસ્પેસનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે તે કોઈ જાણતું નથી ત્યારે એર ઈન્ડિયા આ શિયાળામાં તેના નેટવર્ક પર લોસ એન્જલસ અને ડલ્લાસની ફ્લાઈટ ઓપરેટ કરવા જઈ રહી છે. પરિણામે યુનાઈટેડ અને અમેરિકનની દિલ્હી અને ન્યૂયોર્ક વચ્ચે માત્ર એક જ દૈનિક ફ્લાઈટ છે. જ્યારે રશિયાને ઓવરફ્લાય કરી રહેલી ભારતની સૌથી મોટી એરલાઈન એર ઈન્ડિયા દિલ્હી, મુંબઈ અને બેંગ્લોરથી ન્યૂયોર્ક, નેવાર્ક, વોશિંગ્ટન, શિકાગો અને સાન ફ્રાન્સિસ્કો જેવા સ્થળો વચ્ચે ૫૧ વીકલી ડાયરેક્ટ ફ્લાઈટ્સ સાથે ભારત અને યુએસ વચ્ચે નોનસ્ટોપનું સૌથી મોટું ઓપરેટર છે.

જ્યારે વેસ્ટર્ન એરલાઈન્સ દ્વારા રશિયન એરસ્પેસનો ઉપયોગ ક્યારે કરવામાં આવશે તે કોઈ જાણતું નથી ત્યારે એર ઈન્ડિયા આ શિયાળામાં તેના નેટવર્ક પર લોસ એન્જલસ અને ડલ્લાસની ફ્લાઈટ ઓપરેટ કરવા જઈ રહી છે.

**ન્યૂઝ બ્રિફ**

## હવે એન્જિનિયરિંગ અને ફાર્મસી કરવું પણ બન્યું મોંઘુ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

મેડિકલનો અભ્યાસ કરવો તો હવે મોંઘો પડવાનો છે અને કદાચ ડોક્ટર બનવું ગરીબ લોકો માટે તો સપનું જ બનીને રહી જવાનું છે. કારણ કે, મેડિકલ અભ્યાસનો ફી વધારો આસમાને પહોંચી ગયો છે. પરંતુ માત્ર મેડિકલનો અભ્યાસ જ નહિ, હવે એન્જિનિયરિંગ અને ફાર્મસીનો અભ્યાસ પણ મોંઘો થયો છે. એફઆરસીએ એન્જિનિયરિંગ, ફાર્મસી જેવા ટેકનિકલ કોર્સની ફીમાં પાંચ ટકા વધારો કર્યો છે. જે અંતર્ગત ૩૭ કોલેજોમાં બે વર્ષ માટે ૪૦ હજારથી બે લાખ સુધીની ફી વધારો જાહેર થયો છે. ફી નિયમન સમિતિ ટેકનિકલે એન્જિનિયરિંગ, ફાર્મસી, આર્કિટેક્ચર, એમબીએ, એમસીએ સહિત ટેકનિકલ કોર્સની કુલ ૪૯ કોલેજોની બે વર્ષ માટે ફી નિયત કરવા અરજીઓ મંગાવી હતી. જે અંતર્ગત કુલ ૩૭ કોલેજોએ હાલની ફીમાં પાંચ ટકાનો વધારો માંગ્યો છે. જે અંતર્ગત તેઓને એ વધારો માન્ય કરવામાં આવ્યો છે. જ્યારે ૪૯ પૈકીની એક કોલેજે અભ્યાસક્રમ બંધ કરી દીધો છે. જ્યારે બાકીની ૧૧ કોલેજોએ પોતાની હાલની ફીની સરખામણીએ પાંચ ટકાથી વધુ ફીનો વધારો માંગ્યો હતો. જે ફી વધારો કરવામાં આવ્યું છે.

## અંબાજી ભાદરવી પૂનમના મેળાના એક્શન પ્લાન સંદર્ભે મીટિંગ યોજાઈ

। (એજન્સી) અંબાજી, તા.૨૪ ।

બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી તા.૧૨ સપ્ટે. થી તા.૧૮ સપ્ટે. ૨૦૨૪ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાનાર છે. જે અંતર્ગત આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં એક્શન પ્લાન અંગે કલેકટર કચેરી પાલનપુર ખાતે મિટિંગ યોજાઈ હતી. ભાદરવી પૂનમ મહામેળામાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ પગપાળા તથા વાહનો મારફત આવનાર હોઈ મેળામાં આવતા યાત્રિકોને કોઈ મુશ્કેલી ન પડે અને મેળાની કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોને અલગ-અલગ કામગીરી સોંપવામાં આવેલ છે. અત્રેની મિટિંગમાં આ કામગીરી સુનિશ્ચિત ઢબે અને એક બીજાના સંકલનમાં રહીને થાય તે માટે દરેક વિભાગે બનાવેલ એક્શન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ મિટિંગમાં કલેકટર મિહિર પટેલે આરોગ્ય, સફાઈ, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, કાયદો અને સલામતી, પાર્કિંગ અને ટ્રાફિકની વ્યવસ્થા,રોડની મરામત અને સમારકામ જેવા વિવિધ વિભાગોને સોંપવામાં આવેલ કામોની સમીક્ષા કરી કેટલાક સૂચનો કર્યા હતા.

કલેકટરે સમગ્ર મેળા દરમિયાન યાત્રિકોને કોઈપણ મુશ્કેલી ન પડે અને બધી સુવિધાઓ સરળતાથી મળી રહે તેના પર ખાસ ભાર મૂક્યો હતો.

આ મિટિંગમાં અંબાજી મંદિરના વહીવટદાર કૌશિકભાઈ મોદીએ આગામી ભાદરવી પૂનમ મહામેળાના સમગ્ર સંચાલન વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

### ગુજરાતમાં હવે નકલીનો રાફડો ફાટ્યો

# જેતપુરમાથી નકલી પોલીસ ઝડપાયો પોતે પીઆઇ હોવાનો રૌફ જમાવતો

### નકલી પોલીસ અધિકારી તેમજ નકલી સરકારી અધિકારીઓ બની લોકો પાસે રૂપિયા પડાવતા ઈસમો ઝડપાઇ રહ્યા છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

રાજ્યમાં નકલી અધિકારીઓનો જાણે રાફડો ફાટ્યો હોય તે રીતે અનેક ઘટનાઓ સામે આવી રહી છે. અનેક શહેરોમાં નકલી પોલીસ અધિકારી તેમજ નકલી સરકારી અધિકારીઓ બની લોકો પાસે રૂપિયા પડાવતા ઈસમો ઝડપાઈ રહ્યા છે, ત્યારે જેતપુરમાથી નકલી પોલીસ ઝડપાયો છે, જે પોતે પીઆઈ હોવાનો રૌફ જમાવતો હતો. કોણ છે આ શખ્સ, શા માટે જમાવતો હતો પોલીસ હોવાનો રૌફ?

જેતપુર શહેરમાં એક કારખાનેદારને પોલીસના નામે ફોન કરી પોતે પીઆઇ, અને પીઆઇ રાઈટર હોવાનું જણાવી વ્યાજે રૂપિયા આપો છો તેવું કહી પોલીસ સ્ટેશને બોલાવે છે,બાદમાં જેતપુર સીટી પોલીસે પોલીસના નામે ફોન કરી કારખાનેદારને વ્યાજે રૂપિયા આપો છો તેવું કહી ધમકાવતો હતો. જેતપુર શહેરની રાજેશ્વરી સોસાયટીમાં રહેતો અને રાહુલ પ્રિન્ટ નામનું સાડીનું કારખાનું ચલાવતો રાહુલ વાડોદરિયા નામના કારખાનેદાર યુવાનને એક પોલીસના નામે ફોન આવેલ તેમાં પ્રથમ હું પીઆઈનો રાઈટર બોલું છું. ત્યાંરબાદ હું જેતપુર સીટી પીઆઈ એ.ડી. પરમાર બોલું છું, તેમ કહી તમોએ યશ વસોયાને ૧૫ હજાર રૂપિયા વ્યાજે આપેલ છે.

તેની અરજી સીટી પોલીસ સ્ટેશનમાં આવેલ છે. માટે તમે પોલીસ સ્ટેશને બોલાવે છે, આવો ફોન આવતા કારખાનેદાર પોલીસ સ્ટેશને જતા અને ત્યાં પીઆઈના રાઈટરને મળતા જાણવા મળેલ કે રાઈટર કે પીઆઇ એ બોલાવ્યો જ નથી. અને જે મોબાઈલ નંબર પરથી કોલ આવેલ તે કોઈ પોલીસ કર્મચારીના છે જ નહીં. જેથી કારખાનેદારે પોલીસનું ખોટું નામ ધારણ કરી ધમકાવનાર શખ્સ સામે સીટી પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આ બાબતે ત્વરિત તપાસ કરી પોલીસનું ખોટું નામ ધારણ કરનાર શખ્સને ઝડપી લીધો હતો,ઝડપાયેલ શખ્સ જેતપુર તાલુકાના ખારચિયા ગામનો વતની એવો પૃથ્વીરાજ ઉર્ફે પ્રતાપ મહેશભાઈ ખુમાણ હોવાનું ખુલ્યું હતું.

સાથે જ આ કેસમાં તો ફરિયાદી પોલીસ સ્ટેશને પહોંચી જતા તેની સાથે આરોપી કોઈ રૂપિયા પડાવી નથી શક્યો પરંતુ પોલીસને એવી શંકા છે કે આરોપીએ અન્ય લોકો પાસેથી પીઆઈનો રોફ જમાવી ધાક ધમકી આપી રૂપિયા પડાવ્યા છે કે કેમ જેથી આરોપીની આકરી પુછપરછ કરીને અન્ય કેટલા લોકો આ શખ્સનો ભોગ બન્યા છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે.

ઝડપાયેલા નકલી પોલીસ પૃથ્વીરાજ ઉર્ફે પ્રતાપ ખુમાણ મોડન્સ ઓપરેન્ડિશ એવી હતી કે તે લોકોને પોલીસ નું ખોટું નામ આપી,ડરાવી ધમકાવી લોકો પાસેથી પૈસા પડાવતો હોવાની એમો ધરાવતો હોવાનું પોલીસ સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે. હાલ તો નકલી પોલીસ ને અસલી પોલીસ નો ભેટો થઈ જતા રૂપિયા તો ન મળ્યા પરંતુ જેલ ની હવા જરૂર થી મળી છે.

### તમે ટકી રહ્યા છો તમને ધન્યવાદ હું તો છુટ્યો : મોઢવાડીયા

## અર્જુન મોઢવાડિયાએ શૈલેષ પરમારને ભાજપમાં જોડાવાની ઓફર આપી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે ત્રીજો દિવસ છે. આજે ડ્રગ્સના મુદ્દે પૂછવામાં આવેલા પ્રશ્નની ચર્ચાનું લાઈવ પ્રસારણ કરવા ગૃહમંત્રીએ ગૃહમાં સૂચન કર્યું હતું. ડ્રગ્સના મુદ્દા પર ચર્ચા કરવા માટે ગૃહમંત્રીએ વિપક્ષને ચર્ચાનો મોકો આપવા વિનંતી કરી હતી. જે બાદ વિપક્ષે હોબાળો કર્યો હતો અને મેવાણીએ વિરોધ નોંધાવતાં વિધાનસભાના નિયમ ૫૧ પ્રમાણે જિજ્ઞેશ મેવાણીને ગૃહની બહાર લઈ જવામાં આવ્યા હતાં.રમણલાલ વોરાએ ગૃહમાં કહ્યું હતું કે, જિજ્ઞેશ મેવાણી સસ્તી પ્રસિદ્ધિ માટે આ બધાં કામ કરે છે. કોંગ્રેસના પણ અનેક દલિત સમાજના નેતા છે જે આ રીતે કરતા નથી. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે ગૃહમાં કહ્યું હતું કે, ગૃહમંત્રીની ૧૧૬ નોટિસ આધીન ચર્ચા લાઈવ થવી જોઈએ અને સ્કોપ પણ આપ્યો કે ડ્રગ્સ બાબતે બદનામ થતા ગુજરાત અંગે ચર્ચા થાય. યુવાધનને બદનામ નથી કરતા પણ બરબાદ થતું અટકાવવા માટે આ ચર્ચા જરૂરી છે. જિજ્ઞેશ મેવાણીની બાબતમાં જે આગેવાનોએ ચર્ચા કરી એમાં કહ્યું કે, જિજ્ઞેશ મેવાણી કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટાયા છે પણ બંધારણનું પાલન નથી કરતાં એ કહેનારા આપણે કોણ? જે બનાવ બન્યા છે એને ન્યાય મળે એ બંધારણમાં જ આવે છે.પ્રજા વચ્ચેની અને ન્યાયની વાત કરે છે એ ખટકે છે માટે જિજ્ઞેશ મેવાણીને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. વિશેષ કોર્ટ બિલની ચર્ચા દરમિયાન અર્જુન મોઢવાડીયાએ પોતાના વક્તવ્ય દરમિયાન શૈલેષ પરમારને સંબોધીને કહ્યું કે, તમે ટકી રહ્યા છો તમને ધન્યવાદ હું તો છુટ્યો. પહેલા તમારૂ ને મારું કશું ચાલતું ન હતું અને હજુ પણ તમારું ચાલતું નથી.

### મારી અંતિમ યાત્રામાં પણ કોંગ્રેસનો ઝંડો રહેશે

## મતદારોનું વિશ્વાસ ક્યારે નહીં તોડું : ગેનીબેન ઠાકોર

### વાવ વિધાનસભામાં સાંસદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારોહ યોજાયો : શક્તિસિંહ, અમિત ચાવડા હાજર રહ્યા

। (એજન્સી) વાવ, તા.૨૪ ।

સાંસદ ગેનીબેન ઠાકોરે વાવ વિધાનસભાના મતદારોને આભાર વ્યક્ત કરતા એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે તેમની અંતિમયાત્રામાં પણ કોંગ્રેસનો ઝંડો રહેશે, જે તેમની પાર્ટી પ્રત્યેની વફાદારીનું પ્રતીક છે. ગેનીબેન ઠાકોરે વધુમાં જણાવ્યું કે તેઓ વાવના મતદારોનો વિશ્વાસ ક્યારેય નહીં તોડે અને તેનો વેપાર નહીં કરે. આ નિવેદન રાજકીય પ્રતિબદ્ધતા અને નૈતિક મૂલ્યોને પ્રાધાન્ય આપે છે. તેમણે એક નોંધ પાત્ર ટિપ્પણી કરતા કહ્યું, “જો કોઈ બહેન કે દીકરી મામેરું માંગીને સત્તા સ્થાને આવે તો એની કિંમત હું જાણું છું.” આ નિવેદન મહિલા સશક્તિકરણ અને રાજકારણમાં નૈતિક મૂલ્યોના મહત્વ તરફ ઈશારો કરે છે. વાવ વિધાનસભામાં સાંસદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા સહિત કોંગ્રેસના અન્ય ધારાસભ્યો જોડાયા હતા. સમારોહ પહેલાં એક મોટી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા. આ રેલી સભા સ્થળ સુધી પહોંચી હતી, જેણે કાર્યક્રમમાં ઉત્સાહનું વાતાવરણ સર્જ્યું હતું. કાર્યક્રમ દરમિયાન, આગામી વાવ વિધાનસભાની પેટાચૂંટણી જીતવા માટે હાકલ કરવામાં આવી હતી. આ હાકલ કોંગ્રેસ પાર્ટીની સ્થાનિક રાજકીય મહત્વાકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. સમારોહના મુખ્ય આકર્ષણ ગેનીબેન ઠાકોર હતા, જેમણે વાવ વિધાનસભાના મતદારોનો આભાર માન્યો હતો. તેમના આભાર વ્યક્ત કરવાથી સ્થાનિક મતદારો સાથેના તેમના મજબૂત જોડાણને પ્રકાશિત કરે છે. આ કાર્યક્રમ વાવ વિધાનસભામાં કોંગ્રેસની મજબૂત હાજરી અને સ્થાનિક નેતૃત્વ પ્રત્યેના સમર્થનને દર્શાવે છે. યુવાનોની મોટી સંખ્યામાં હાજરી પાર્ટીના આધારને વધુ મજબૂત બનાવે છે. આ સમારોહ આગામી પેટાચૂંટણીઓ માટે કોંગ્રેસની તૈયારીઓનો સંકેત આપે છે અને સ્થાનિક રાજકારણમાં નવી ગતિશીલતા લાવી શકે છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલા ગુજરાતના બનાસકાંઠાના કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોરે સંસદમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ કરી હતી. તેમણે પોતાના ભાષણ દરમિયાન ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે જગદગુરુ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદની પદયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

### ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

## રાજકોટના જૈન દેરાસરમાં દર્શન કરતા શખ્સને છરાના ઘા માર્યા

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

ગુજરાતમાં ગુનાખોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. રાજકોટમાં જૈન દેરાસરમાં દર્શન કરી રહેલા વ્યક્તિને પાછળથી આવેલા શખ્સે છરીના ઉપરાછાપરી ઘા માર્યા હતાં. લોકો પણ દર્શન કરતાં કરતાં આ ઘટનાથી સ્તબ્ધ થઈ ગયાં હતાં. ગત ૨૦મી ઓગસ્ટે થયેલી આ ઘટનામાં ભોગ બનનાર વ્યક્તિના ભાઈએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશની ફરિયાદ નોંધાવી છે. જૈન દેરાસરમાં બનેલી હુમલાની ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ આજે સામે આવ્યા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટમાં મવડી આસ્થા રેસિડેન્સીમાં રહેતા અને શિવ હાર્ડવેર નામથી કારખાનું ધરાવતા મયૂરભાઈ સગપરિયાએ ભાવેશ વિનોદભાઈ ગોલ સામે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે ગત ૧ જુલાઈના સવારે મારા મોટા ભાઈ અમિતનો ફોન આવ્યો હતો અને કહ્યું કે હું એક્સેસ લઈને કારખાને જતો હતો અને હરિધવા રોડ ઉપર પહોચ્યો ત્યારે કોઈ કારચાલકે અડફેટે લેતાં ઈજા થઈ છે એમ કહેતા જ અમે દોડી ગયા હતા અને ભાઈને હોસ્પિટલે પહોંચાડ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ભાઈએ જણાવ્યું હતું કે તે ભાવેશ ગોલ હતો તેણે ઠોકર માર્યા બાદ હું પડી જતાં ફરી પૂરઝડપે કાર માથે ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૦ મહિના પૂર્વે પણ અમિતભાઈને છરીથી માર માર્યો હોઈ, તેની ફરિયાદ નોંધાવતાં પોલીસે ધરપકડ કરી હોવાથી એનો ખાર રાખી મંદિરમાં દર્શન કરતા હતા એ સમયે પાછળથી આવી ફરી હુમલો કર્યો હતો. જેથી તેની સામે હત્યાની કોશિશની ફરિયાદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી.

### કોંગ્રેસપ્રદેશપ્રવક્તામનીષદોશીએસવાલઉઠાવ્યા

## ગુજરાતની ખાનગી મેડિકલ કોલેજોની ફીમાં ધરખમ વધારો

### સરકાર મોંઘા તબીબો તૈયાર કરી આરોગ્ય સેવાને ખોરવવા માંગે છે : કોંગ્રેસ પ્રદેશ પ્રવક્તા મનીષ દોશી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

GMERS કોલેજની ફીમાં વધારા બાદ હવે FRC મેડિકલ દ્વારા રાજ્યની ખાનગી મેડિકલ કોલેજની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ફી જાહેર કરવામાં આવી છે. FRCએ મેડિકલ કોલેજોને સરકારી બેઠકમાં ૧૦ હજારથી ૨.૪૪ લાખ રૂપિયા સુધીનો વધારો આપ્યો છે. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકમાં ૨૪ હજારથી ૫.૨૫ લાખ રૂપિયા, ગવર્મેન્ટ કોલેજની બેઠકમાં સી.યુ શાહ મેડિકલ કોલેજને સૌથી વધુ ૨.૪૪ લાખ, મેનેજમેન્ટ ક્વોટાની બેઠક માટે સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન અને રિસર્ચને ૫.૧૪ લાખ રૂપિયાનો ફી વધારો કરાયો છે. ફી વધારો થતાં ગવર્મેન્ટ બેઠકમાં પારુલ યુનિવર્સિટીની સૌથી વધુ ફી ૧૦ લાખ છે. મેનેજમેન્ટ ક્વોટામાં નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજની સૌથી વધુ ફી ૨૩ લાખ થઈ છે. કોંગ્રેસ દ્વારા ફી વધારાને પાછો ખેંચવા માટે માંગ કરવામાં આવી છે. રાજ્યની કુલ ૧૯ મેડિકલ કોલેજ અને પાંચ પેરામેડિકલ કોલેજની ૧૨૦૦ પેરા મેડિકલ સીટ ઉપર ૧૦થી ૫૦% સુધીનો ફી વધારો ઝીંકી દેવાયો છે. જેને લઈને કોંગ્રેસ પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ સરકારની નીતિ ઉપર સવાલ ઉઠાવ્યા હતા.તેમણે કહ્યું હતું કે, સરકારની સ્ક્રિપ્ટ હતી કે GMERS બાદ ખાનગી મેડિકલ કોલેજોને ફી વધારવા મંજૂરી આપવી. જેમાં અગાઉ ખાનગી મેડિકલ કોલેજ તથા પેરા મેડિકલ કોલેજ ચલાવતા સંચાલકોએ મુખ્યમંત્રી સાથે બેઠક કરી ફી વધારો મેળવ્યો હતો. જેમાં સરકારી રૂપિયાથી ચાલતી NHL, LG કોલેજોને સૌથી ફી વધારો આપવામાં આવ્યો છે. સરકાર મોંઘા તબીબો તૈયાર કરી આરોગ્ય સેવાને ખોરવવા માંગે છે. કરોડો રૂપિયામાં તૈયાર થતા તબીબો કેવી રીતે ગ્રામ્ય વિસ્તારો સરકારી સિવિલ હોસ્પિટલોમાં સેવા આપી શકે? ઘરના ચૂલા બાળીને સેવા કરવી કોને ગમશે? મનિષ દોશીએ ઉમેર્યું હતું કે હાલમાં જ રાજ્યની તમામ GMERS મેડિકલ કોલેજમાં ધરખમ ફી વધારો કરાયો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓને વાલીઓએ લડત આપી હતી અંતે તેમની લડતને કારણે સરકારને ના છૂટકે વધારો પાછો ખેંચવો પડ્યો હતો. ત્યારે ફરીથી આ પ્રકારનો ફી વધારો કરીને સરકારે વાલીઓને વિદ્યાર્થીઓને સમસ્યા અને મુશ્કેલી આપવાનું કાર્ય કર્યું છે. જેમાં સરકારની નીતિ ખુલ્લી પડી ગઈ છે. તેમની માનસિકતા ઉપર સવાલ ઉભા થાય છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨